શ્રી પાર્વતીબેન કવિ કુમારક ગ્રંથમાળા-૧૬

ચારણો અને ચારણી સાહિત્ય

શ્રી રાજસ્થાનીય જ્ઞાન મન્દિર રાયપુર

આખ્યાતા

ઝવેરચંદ મેઘાણી

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી • અમદાવાદ

પ્રકાશક :

જેઠાલાલ છગનલાલ ગાંધી
આસિસ્ટન્ટ સેક્રેટરી,
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,
ભદ્ર : અમદાવાદ

આવૃત્તિ ૧ લી
પ્રત : ૧૮૦૦

કીમત એક રૂપિયો

સંવત : ૧૯૯૯
ઇ. સ : ૧૯૪૩

મુદ્રક :

નાથાલાલ મ. શાહ
સ્વાધીન મુદ્રણાલય,
સૌરાષ્ટ્ર રોડ, રાણપુર
(કાઠિયાવાડ)

શે૦ પાર્વતીકુંવર સ્મારક ગ્રંથમાળાનો

ઉપોદ્ઘાત

અવેશ્વરમાં અને સમાગમુંબાઇ અર્ગવાસી રા સા મહીપત રામ પ્રેમના પત્ની શે૦ પાર્વતીકુંવર અને ૧૮૮૦મા કેવોપ પામ્યા તેમના મહિમાર્થ સુનીતિ અને મહમુબોધ અમરણ ગ્રંથ-માળા, સ્ત્રીઓમા સમાજી મહિમાર્થ અને મહધર્મની વૃદ્ધિ કરવાના હેતુથી, રૂ૦ ૬૦ ૦ ૦,૦૦૦)નું ઊતુ થયુ હતુ તેની અવસ્થા પુરવણ પત્ના મુખ્ય મોમાયટીને સ્વતંત્ર રોપવામા આવી છે ગ્રંથ પ્રકાશનથી આજ સુધીમા નીચેના પુસ્તકો પ્રસિદ્ધ થયા છે

પુસ્તકનુ નામ	કર્તા અથવા અનુવાદક	કીમત
૧ સીતા-દમયંતીના આખ્યાન	નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા	૦—૩—૦
૨ નારી-શિક્ષા ભા૦ ૧	કૃષ્ણશંકર ઓમાશંકર દિવેટિયા	૦—૮—૦
૩ " ભા૦ ૨	"	૦—૧૦—૦
૪ પાર્વતીકુંવર ચરિત્ર	ગજપતરામ રામરામ ભટ્ટ	૦—૩—૦
૫ કુમારી અને ઠકુ ક્ષત્રચરિત્ર	રેવરાજ શિવરાજ ત્રિવેદી	૦—૩—૦
૬ કુંવરનુ અભિમાન અને પોતાનો કુરાજધ	દ્વારકાદાસ મોતીરામ પરીખ	૦—૨—૦
૭ નરીમા અને ફરોજ વિશે નિબંધ	દ્વારકાદાસ મોતીરામ તથા અમૃતલાલ કુંવરજી મારફતી	૦—૩—૦

૮ ગૃહિણી કર્તવ્ય દીપિકા	કૃપાગૌર દોલતરામ ત્રવાડી	૦–૧૦–૦
૯. નામાંકિત નારીઓ	મહેરબાનુ, ગુલબાનુ અને ખરબાનુ કાવસજી દાવર	૦—૬–૦
૧૦. શિક્ષણશાસ્ત્ર	નારાયણ હેમચંદ્ર	૦—૮–૦
૧૧ ખગોળ વિદ્યા સંબંધી વ્યાખ્યાનમાળા (વ્યાખ્યાન ૧ લું : પૃથ્વી)	આત્મારામ મોતીરામ દીવાનજી	૦—૨–૦
૧૨. પદાર્થ વિજ્ઞાન (ભૌતિક વિદ્યાનાં મૂળતત્ત્વો)	ત્રંબારામર મણિશંકર વૈષ્ણવ	૦—૩–૦
૧૩. બાળબંધુ ગૃહશિક્ષણ	સૌ. ચારુબાલા મહેતા	૦—૨–૬

સને ૧૯૪૨ ના જાનેવારી માસમાં ઉચ્ચ અભ્યાસ અને સંશોધન વિભાગના ઉપક્રમથી શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'ચારણો અને ચારણી સાહિત્ય' એ વિષય ઉપર વિદ્વાવિસ્તાર વ્યાખ્યાન આપેલું. સદરહુ વ્યાખ્યાન પુસ્તકાકારે પ્રકટ કરી તેનો લાભ સોસાયટીના તમામ સભ્યોને આપવાના ઇરાદાથી શ્રી. મેઘાણી પાસે તે વિસ્તારપૂર્વક લખાવીને પ્રસ્તુત ગ્રંથમાળાના ચૌદમા પ્રકાશન તરીકે પ્રસિદ્ધ કર્યું છે. આ રીતે વ્યાખ્યાનને વિસ્તારી આપવા બદલ શ્રી. મેઘાણીનો આભાર માનીએ છીએ.

ગુ. વ સોસાયટી,
અમદાવાદ
તા. ૩૧–૭–૧૯૪૩

જેઠાલાલ જી. ગાંધી
આસિ. સેક્રેટરી

નિવેદન

'ચારણો અને ચારણી સાહિત્ય' એ વિષય પર વ્યાખ્યાન આપવા ગુજરાત વર્ના સૌરાષ્ટ્રીએ મને એનાં ઉચ્ચ અભ્યાસ અને સુશોભન વિલાસ માટે નિમંત્રેલો વ્યાખ્યાન તો ૧૯૪૨ ના જાન્યુઆરીમાં આપાઈ ગયું અને તે 'બુદ્ધિપ્રકાશ'માં છપાઇ પણ ગયું પરંતુ આ વિષય પર મારે હજુ પુષ્કળ કહેવાનું બાકી રહી જાય છે એવું મેં થી રસિકભાઇને વ્યક્તિગત તેમણે મને એ વ્યાખ્યાનને વિસ્તારી પુસ્તક રૂપે મારી આપવા ની તક સૌરાષ્ટ્રની તરફથી મળવાની

પરિણામે મારા અન્ય અભ્યાસ રોકાણો વચ્ચે આજે આ વિસ્તરણ કરેલું પુસ્તકથી એને સમાજ કરવામાં થોડોક વિલંબ તો થયો કારણ કે જૂના પદ્ધતિઓ છે ને તે મારે કામમાં આવ્યું છે, પણ આનંદી આપું છું કે આ વિષયનું વાંચન વધી રહે એવા પ્રમાણમાં કંઈ આ રૂપ આજ્ઞા મળ્યો છે

વિષયનો પ્રદેશ નવો છે, મારી પૂર્વે કોઇએ એને સર્વાંગ સમગ્ર રીતે હાથ ધર્યો હોવાનુ જણાતું નથી, એટલે મારે મારા વાચક-સમૂહની આ વિષય પરત્વેની લગભગ કોરી સ્લેટ જેવી મનોભૂમિકાને લક્ષ્યમાં રાખીને લખાણને વિવેચનપ્રધાન કરતાં પણ સવિશેષ માહિતીપ્રધાન રાખવું પડ્યું છે. સૂક્ષ્મ આલોચન અને મૂલ્યાંકનનો તબક્કો તો હવે પછી જ આવશે-ને તે પણ મારા કરતાં વધુ અધિકારી જનોના હાથમાં.

આ પુસ્તકમાં ટાંકેલાં ઘણાંક ચારણી અવતરણો મારાં સૌરાષ્ટ્રની રસધારના પાંચ ભાગ, સોરઠી બહારવટિયા ભાગ ત્રણ, ઋતુગીતો, સોરઠી ગીતકથાઓ તેમ જ પીલાણી ગ્રંથમાળાના પ્રકાશન 'રાજસ્થાનના દુહા' વગેરે પુસ્તકોમાંથી અને ચારણ નામે ત્રૈમાસિકમાંથી આપેલ છે, તે સિવાય પુષ્કળ સામગ્રી મારી પાસે અપ્રકટ પડી છે તેમાંથી યે લીધેલ છે. આ પ્રકટ તેમ જ અપ્રકટ, તમામ ભંડોળને એક જ ગ્રંથાકારે મૂકી દેવાની અને તેની સાથે અર્થો, ટિપ્પણો, કોશ વગેરે જોડવાની ઘણા કાળની ઉમેદ છે, પણ તે હજુ બર આવી નથી. એવા અભ્યાસ-ગ્રંથોના પ્રકાશનને તો સંસ્થાકીય ઉત્તેજનની જરૂર રહે છે.

પરિશિષ્ટોમા મૂકેલી માહિતી પૂરી પાડવા બદલ હું ચારણ રત્નેહી શ્રી પીંગળશી પરબતભાઇ પાયક બી. એ. (ભાવનગર ચારણ છાત્રાલયના સંચાલક કચ્છી યુવાન)નો ઋણી છું. એમણે બતાવેલા આધારોને મે મૂળ ગ્રંથોમાંથી ચકાસી જોયા નથી, કારણ કે એમના પર મને વિશ્વાસ છે છતાં પુષ્પદંત, પિંગલાચાર્ય, રાજશેખર અને ગુણાઢ્ય, એ ચારે ચારણો હોવા વિશે શાં પ્રમાણ છે તે મારા પ્રશ્નનું નિરાકરણ એમનાથી થઇ શકયું નથી. ચારણોનો એ દાવો છે એટલા જ

પૂરતો એમણે ઉલ્લેખ કર્યો છે પણ ગ્રંથસ્થાન તરીકે સુશિક્ષિત વાચક મનોપટોનો એ નવો છોક નિરધાર નહિ હોય એમ માની પછી પણ વાચકોને હું એના સમર્થનની રાહ જોવા વીનવું છું

પ્રસ્તાવક કાર્યો તો ઋણસ્મૃતિથી, મનની મોજ જ્યારે જાગે ત્યારે કરવું એવી આપણી મણુતરી બૂનજારેલી હોય છે મારા વિશે તો કહી શકું તેમ છું કે મારા ઘણા કાર્યોની પૂર્ણાહુતિ માત્ર સજ્જનોના દબાણને જ આભારી છે આજની આદ્યિ વસ્તુ મારું દ્રષ્ટિતત્વ જોવે કોઈ સુભગ ઘડી (કે જે કદી આવતી નથી)ની રાહ જોઈ રહેત તો કદાચ મારી પોતાને જ એ ગુમારી બેસત લાગુપી એનો નજર ન લાગત પણ મારા શ્રી રમિકભાઈનો કે મને ગરજ આવીને આ ચડીમા ઓર્યો ! મારું તો કામ પાક્યું, કે આ પ્રસ્તુત ભાગ એક અવલોકન લેવાની લાલચમા હવે મને સૌ કોને માટે અનાવતી મળી

આ પુસ્તકની સૃષ્ટિ તૈયાર કરી દેવાનું માથાકૂટિયું-કામ આજે તો સૃષ્ટિએ મથના દીવા રૂપ હોઈને અનિવાર્ય-રૂપે આપણા એક વિદ્વાન ભાષાવિજ્ઞાની શ્રી ગોવર્ધનભાઈ ધર્મજ પટેલ એમ જો એમણે હોંશથી ઉપાડી લીધું તે બદલ તેમનો આભારી છું

કુલકાશ્રમ રાજપુર (ભરૂચપાસ)
તા ૧૬-૬-'૪૬ જેઠવદની એકાદશી '૨૨

ઋષિવદન ઓઝા

પ્રકરણ સૂચિ

પૂર્વભૂમિકા ૧
જાતિગત ઇતિહાસ ૬
પુરાણો–ગ્રંથોમાં ચારણપ્રતિષ્ઠા ૧૯
યુરોપનો 'ચારણ' ૩૦
ચારણવાણી અને પ્રાકૃત ૩૭
ડિંગળ એટલે શું ? ૪૩
છંદોબદ્ધ લાંબાં કાવ્યો ૫૩
ચારણ–કાવ્યની વિષયસામગ્રી ૭૨
સીમાડાના સંગ્રામો ૮૨
નિસર્ગલીલા ૯૭
દુહાની દુનિયા ૧૧૦
વારતા–કથનનું ગદ્ય ૧૪૦
ચારણે ઉપાસેલું જીવન ૧૫૮
પરિશિષ્ટ ૧—શાસ્ત્રો–પુરાણોમાં ચારણ વિષે ઉલ્લેખ . . ૧૬૬
,, ૨—ચારણોની શાખાઓ ૧૭૭
,, ૩—ચારણી કવિઓની ઇતર જાતિઓ . . . ૧૮૩
,, ૪—જાણીતા વિદ્વાન ચારણો ને તેની કૃતિઓ . ૧૮૫
સૂચિઓ ૧૯૧
શુદ્ધિપત્રક ૨૧૧

પૂર્વભૂમિકા

ગુજરાત આજે પુનરુત્થાનની અવસ્થામાંથી પસાર થાય છે આત્મ-તિરસ્કાર અને નિજની અવહેલનાનો તબક્કો એનો વીતી ગયો છે

ગુજરાતનું આત્મભાન

'સુખ પૈસા માર' વાળી તિરસ્કૃત ગુજરાતી, કે જુઓ તો તા૭, ગઈ કાલની વાત, તેને આપણે પચ્ચીસ વર્ષ પાછી ફરી શકીએ છીએ અને તે ઉપરાંત પોતે જ આપણને હાસ્યાસ્પદ લાગે છે આજે જ શું આપણી ગુજરાત અને ગુજરાતી ભાષા કદી પણ આવી માઠા ખાવાને પાત્ર હતી ! એનું વિચારીને આપણે નમ્ર થઈએ છીએ

એનું કારણ આપણને આપણા અસ્તિત્વવાસ્તવનું નવું થયેલું આત્મભાન છે પશ્ચિમના આત્મભાન એ જેમ ખોટી મિથ્યાભિમાન જેવા મટ્યા છે એનું કારણ મિથ્યાભિમાન પોતાને મારે અનુકૂળ અભિપ્રાયો આપે છે, અને સાથોસાથ પારકાની પ્રશસ્તિ તેમ જ અવજ્ઞાના અર્પણના ઉપર પોતાને આત્મશ્લાઘા અને આત્મસન્માનનો બોધ, એ બેઉ એકબીજા મળ્યા જે ઘણા જોવા છે પણ આજ ગદ્યમાંથી આપણે જોઈએ મુક્તિ એટલી ઉપર નથી નથી ઊડી શકતું આપણે આપણું મનુ આત્મ-ભાન આપણા ગતમાની મર્યાદિત પરિધિ જેવું આપણા અવલોકનથી નહિ પણ આપણી પોતાની ભવ્ય દષ્ટિનો દોરો. વળી મધ્યકાલની કૂદામા ગુમી ગુમા પ્રાપ્ત ન થા વર્ણિત છીએ

ગુજરાતની લાંબા દિનોની પરાધીનતા, એક કરતાં વધુ પરચક્રોનાં આક્રમણો, એ આક્રમણોનો અવરોધ કરનાર કોઈ પણ સુગઠિત જાતિબળને અશક્ય બનાવતી આપણી વાણિજ્યવૃત્તિની ઉગ્રતા, અને તે સૌને ચડી જાય તેવું તો ગુજરાતી ભાષા સાહિત્ય તેમ જ ઇતિહાસને અવગણતું, આપણી મુંબઈ યુનિ૦ નું, ત્રણ ચાર પ્રાંતોના શાંભુમેળા વચ્ચે પિંખાતું રહેલું શાસન વગેરે વગેરે અનેક અવરોધી બળોએ પાથરેલી કાળી રાતને આપણે વટાવી ગયા છીએ. એ પ્રતાપ છેલ્લી એકાદ પચીશીનાં, યુનિ૦ ની દિવાલની બહાર મચી રહેલાં આપણાં, આત્મભાનનાં આંદોલનોનો છે.

દરિદ્રતાનું કારણ

આશ્ચર્ય નથી કે આ આંદોલનોના ઝંડા ઉઠાવનારાઓ પણ ઘણા ખરા તો એ જ યુનિ૦ માંથી જ પાકેલા પુરુષો હતા. નર્મદથી માંડી મુન્શી સુધીના ગુજરાતના નૂતન આત્મભાન અને નવજાગૃતિના નેકીદારોએ છુપી રીતે પણ પોતાની મશાલ તો રાજાબાઈ ટાવરના દીવામાંથી જ ચેતાવી હતી અમરાપુરીની વેદીમાંથી જીવનનો સ્ફુલિંગ ચોરી લાવનાર પ્રોમીથીઅસનો જ બંડખોર પ્રાણ નૂતન ગુજરાતના નવોદ્દીપનની પાછળ આ સર્વ વ્યક્તિઓના સમષ્ટિ–બળ રૂપે ઊભો છે.

યુનિ૦ ની ઉપકારકતા

સાચું જીવનતત્ત્વ પ્રકાંડ કોઠા જળરાશિ જેવું છે. પાજમાં એક ગાબડું પડે છે પછી તો અસંખ્ય છિદ્રો વાટે પાણી બહાર ધસે છે. આપણા નવોત્થાનનાં નીરને બહાર નીસરવાનાં બાકોરાનો સુમાર નથી એને ગણાવવા બેસવું એ વિકટ કામ છે પણ આવા આત્મભાને આપણને અધધધની લાગણી નથી આપી. આપણી નવજાગૃતિનું એક પણ અંગ અણ-પડકાર્યું અને વણચકાસ્યું–unchallenged–નથી ઘર કરી બેઠું.

બુદ્ધિની કસોટી

બુદ્ધિની કસોટીએ ચડાવ્યા વગર એક પણ તત્ત્વને આપણે કેવળ અંધશ્રદ્ધાથી નથી અપનાવ્યું. ભાષા, સાહિત્ય, ઇતિહાસ, કળા, સર્વ ક્ષેત્રને આપણે પ્રવેશ-દ્વારે ઝીક ઝીક રોકીને જડતી લીધી છે. આપણી ટકશાળે એટલા આતર તો ધીમી ગતિએ કામ કરે છે. આખરી નિર્ણયો કરવામાં મતો આપણો વિલંબ એટલા માટે જ કે દરેક વાર તો કૂપમંડૂકતાનો આક્ષેપ પામ્યો છે અને પામ્યો એને આપણી દીનબૂજ સંકુચિત રહી એને આપણે ચકળ ઓછા વડા ના પરપ્રાંતો કરતા પાછળ રહ્યા હોવાનું મહેણું પણ એને પામ્યા રપર્ધા થાને હરીફાઈમાં ઊતરવાની ના પાડનારો ગુજરાતી ગુણ એ અવગુણ નથી પણ મહદ્‌ગુણ છે

તમારા ઉચ્ચ અભ્યાસ અને સંશોધનના ગહનવનમાં અને આજે જે પ્રવેશ મળે છે તેના પ્રત્યે હું કદીક આવી દૃષ્ટિએ નિહાળી રહ્યો છું. લોકસાહિત્યની મારી ઉપાસનાના વીશ વર્ષોએ મને પ્રતીતિ કરાવી છે કે ગુજરાતનો આ દુરારાધ્ય સ્વભાવ અભ્યાસીઓને માટે આજી વંશ તુલ્ય છે. ગુજરાતની એ દુરારાધ્યતાના પ્રતાપે જ હું આજે આપની સમક્ષ જીભમાં મારા પગ હેઠળની ધરતીની નક્કરતા અનુભવી રહ્યો છું.

'ચારણ અને ચારણી સાહિત્ય' એ વિષય પાસે પણ ગુજરાત અને તેના નૂતન આત્મભાનમાં કોઈ કોણો આપવાનો ન હોત તો

નવી પુરાતનતા નિરુપયોગી

'વળી પુરાતનતા જ એને આવી સ્થાન ન આપવી હોત માટી આજે તેની જૂની હોય દલાય ચેતવાગથી મઘગળેની હોય, તો પક્ષ આજના ગુજરાતી આત્મજ્ઞાનના કાપામાં ઊંડાના ધાતુપુરુષમાં એને ન નાખી શકાય ભાષા, સાહિત્ય અને ઇતિહાસના જે પાટ આપણે નાખવા બેઠા છીએ તે પાટને ઢાળવા માટે આપણે એક ધાતુ મંત્રવો છે ગુજરાતના ભૂતવિધાનમાં જે

રસાયણ બધ લાગે તેને જ આજની ભટ્ટી ઉપર સ્થાન હોઇ શકે. ચારણ જાતિનો ઇતિહાસ અને ચારણ જાતિએ સર્જેલ વિપુલ વિદ્યા, માત્ર વિપુલતાને કે માત્ર પુરાતનતાને હિસાબે આપણા નવવિધાનમા નિરર્થક છે. માત્ર એ બેજ ગુણો પર કોઇએ મુગ્ધ બનવાનું નથી. એ બેથી વિશેષ–ઘણુ વિશેષ સંસ્કારધન અને ઇતિહાસધન એમાં અણપ્રીછયું પડેલ છે અને તેનો જ પરિચય કરાવવાનો આજના પ્રયાસનો આશય છે.

એ આશયને ફળીભૂત કરવા માટે બેત્રણ બાબતોની અપેક્ષા છે. ચારણી સાહિત્ય એ આપણા આજના હિસાબે સાહિત્ય નામની પ્રતિષ્ઠાને પાત્ર છે કે નહિ, ચારણી વાણી, એ ગુજરાતી વાણીથી જુદી જ કોઈ કૃત્રિમ ભાષા છે કે ગુજરાતી જ છે, ગુજરાતી ન હોય તો પણ ગુજરાતી ભાષાના ઘડતરની કોઈ એક ઐતિહાસિક ભૂમિકાની પિછાન આપનાર છે કે નહિ, અને ચારણ જાતિ તેમજ ચારણી સાહિત્યનો ઇતિહાસ ગુજરાતના ઇતિહાસ પર પ્રકાશનું એકાદ કિરણ પણ પાથરી શકે તેવો છે કે નહિ, એના જવાબો આપણે માગવા રહેશે.

કડીની શોધ

આ જવાબો માગતા પહેલા એક સ્પષ્ટતા જરૂરી છે: કે ગુજરાતી ભાષાના જે સીમાડા આપણે ગઈ કાલ સુધી દોર્યા હતા તે આજે લોપાયા છે, જૂની ગુજરાતી નામની વાણીને અને તેના વાઙમયને આપણે નવી આંકેલ ચતુ:સીમાની અંદર અપનાવી લીધાં છે; એટલું જ નહિ પણ ગુજરાતી વાણીની જોડે એક જ માતૃ–પારણે ઝીંચનારાં અન્ય ભાઇઓ સાથેનો સહોદર સંબંધ પણ આપણે ઓળખ્યો છે અને એ સગપણમાંથી ગુજરાતી વાણી તેમજ વાઙમયને પુષ્ટ કરનાર બળોને પણ આપણે આપણા કરી લીધાં છે:

અન્ય પ્રાંતો સાથે સહોદર–સંબંધ

એ દિશાએ ગુજરાતની આજે કર્ણાટકની અસ્મિતાને જોઈએ પણ આપણે અન્ય પ્રાંતવાસીઓ સાથેના એકકુટુંબી ભાવને પ્યારો ગણ્યો છે ચારણી સાહિત્ય અને ભાષા વગેરેએ અંગે આપણા સીમાડાને પડોશીતી પ્રજા બનેના કુટુંબપરિવાર સાથેનો આપણો અબાધ છતો હશે, જેટલે અંશે એ આપણી અને એકવાર જેઓ આપણા હતા તેઓની વચ્ચેની દૂરીઓ પ્રકટ કરી આપે, તેટલે અંશે એ ભાષા અને એ સાહિત્ય ગુજરાતને ઉપકારક ગણાય

બીજું, ઇતિહાસ વિનાના આપણા નવા મંતવ્યોને પણ આપણે, આખા જગતના ઇતિહાસનું મુખ્ય આકર્ષણ હોવા ન હોવાની શક્યતાએ

કોમોનો ઇતિહાસ

ગુજરાતની પ્રત્યેક જાતિના પોતપોતાના ઇતિહાસો—એ બધા જ ગુજરાતના ઇતિહાસને સ્પર્શે તેમજ અમુક કે નાગ સમૂહ-અનસમૂહ જો એ ચિંતનો, સંવેદનો, મંથનો તેમજ વિકાસનું આલેખતો કોઈ પણ ન્યૂનતાપૂરક અને કલ્યાણગામી કાર્યક્રમોને બદલે આપણાના પૂરક થઈ રહ્યા હોય તો જ તો

જાતિગત ઇતિહાસ

પહેલો એ જાતિનો ઇતિહાસ લઇએ અને આધુનિક સમયથી શરુ કરીને પગથિયે પગથિયે અંદર ઉતરતા એ ઇતિહાસનાં તળીઆંને જઈ પહોંચીએ આધુનિકમાં આધુનિક નિર્દેશ આપણે 'કવીદાનજી' જેવા, ઉદર-પૂર્તિને સારૂ અન્નદાતાની બેલગામ ખુશામદ સૂચવતા શબ્દે કરીએ છીએ. એ શબ્દપ્રયોગ કરતી વેળા આપણી નજરમાં ચારણી કવિતાનો આજે સાચેસાચ થઈ ગયેલો ફેટલોક દુરુપયોગ રમી રહે છે. આજથી છેક કાર્બસ સાહેબ પર્યંત પહોંચીએ તો યે એજ બદનામી—

ચારણ એટલે જાચક-ભાગણ!

'ભાટ બ્રામણનું લાકડું, તો વણ પૈસાયું પૈસે;
'કહુ હોય કે ચોરે આવજે, તો ઘરમાં આવી બેસે!'

આજે ભાટ ચારણનુ આગમન એ ડરનો વિષય છે. એની કવિતા કહીને માટે વેચાય છે; અને એના પુરાતન તેમ જ જાજરમાન ભૂતકાળની હજુયે જે કુલપ્રતિષ્ઠાની મૂડી એની પાસે રહી છે, તેના જ જોરે આજનો ચારણ એ વાણીવિક્રય કરી શકે છે. પણ એવો હીન વાણી-વિક્રય તો બીજા યે કઇ કોમ નથી કરતી? બ્રાહ્મણો શું મુક્ત છે?

એક પગથિયું ઊંડે ઊતરતાં સો બસો કે ત્રણસો વર્ષ પૂર્વેના એના પોતાના રચેલ દુહામાં પણ એ પોતાને 'ભાગણ' તરીકે ઓળખાવે છે. દા. ત.

ભોગાદર બધાણુ તણી
ધાયુ કાન પરે,
ઠાકી કટક કરે
મૂળવા ટીકર આરણે.
[સૌ. ની ૨ ભા ૨ આચાર્ય તાણુતારા પા ૬૬૮]

ટીકર નામના સોરઠી ગામના રાજપૂતોએ, પોતે જેની બેસો ચોરી હતી તે ઓર ચારણોનુ ઓના રત્નોને ઉદ્દેશીને અશિષ્ટ અપમાન કર્યું * તેનો બદલો લેવા માટે ઓર આખુ ચોટીલાના ઠાકોર રાજવી મૂળુ આચર પાસે જઇને કહે છે કે હે ભોગા બાયરના પૌત્ર ! (ભોગાદર) મારી પાસેની (બધાણુ તણી) ધા સાબળીને અને લશ્કર લઇ જઇને ટીકરે રોણી નામનો બીજો પ્રસંગ

મિતર હિને મંગાણુ,
અમમ આળપંપાળ,
ઇજતણા જીજ ગાવી,
(અને) મૂળા લધરાણદાર
[સૌ. ની ૨ ભા ૪ 'હોથલ' પા ૪૫]

ચારસોઓક વર્ષના જૂના, ઓગા-હોથલના કરુણી કિસ્સામા, વતનમાથી દેશવટો પામેલ કુમાર ઓગો, જન્મભૂમિ માટે તીવ્ર ઝંખના થઇ આવતા, છૂપે વેશે ધિંગોરકકડાણા ગામમા પ્રવેશ કરીને બેસે છે, ઓના લાભના બદલે કચ્છની પ્રજામાથી કોઇ માનતી ઓને માન કરતુ નથી, કુમળ ઓક આગેવાન જોને કુંવર ઓગાએ અમાણિ ઓક બેસ દાનમા દીધેથી, તે જ પોતાના મુખેના ભોગ "તાના નામે ઓ બેસની પાડીનુ નામ 'ઓગાણ' પાડીને 'બાપ ઓગાણ્યા ! બેના ઓગાણ્યા ! ' બેના

* "બાપા ! ઇ બેસુના બદલા તો ઇ તાણી જાશે કે જ્યા પાસે પોતાના તબૂતવીયુ હશે "

બોલે બોલાવતો હતો. એ સાંભળીને પ્રસન્ન થઈ ઓઢો દુહો બોલે છે :–

મિતર દિજે માંગણું, અવરાં આળપંપાળ;
જીવતાં જસ ગાવશે, મૂવાં લડાવણહાર

[હે માનવીઓ ! મિત્ર કરો તો માગણને (ચારણને) જ કરજો, બીજાં મિત્રો તો મિથ્યા છે, માગણ તો તમારા જીવતાં લગી તમારા જશ ગાશે ને તમારા મુઆ પછી તમને કાવ્યમાં લાડ લડાવશે.]

ત્રીજી હજારેક વર્ષની જૂની ઘટના : જૂનાગઢના રા' ડિયાસ પર ગુજરાતના સોલંકી રાજ દુર્લભસેનની ચઢાઈની છે. દુર્લભસેને જૂનાગઢને લાંબા કાળથી ઘેરો ઘાલ્યો છે. અજિત રા' ડિયાસના પ્રાણ હરવાના એક માત્ર ઇલાજ લેખે, સોલંકીનો ચારણ રા'ના ચારણ બીજલને ચોપાટ રમવા તેડાવે છે, હોડમાં રા' ડિયાસનું મસ્તક મૂકાવે છે, અને પછી હારેલો એ ચારણ પોતાના ગજ પાસે મસ્તક માગવા જાય છે તે વિશેના આ પાઠળથી રચાયેલા કચ્છી દુહા છે. ગણી ચારણ આગણ કાલાવાલા કરે છે–

અધા ! તું અધા થિયે,
ભાઇયે છ માંગણહાર;
તાજી ડિયાં તકડા
હાથી ડિયાં હલકાર;
ગિન ની ચંદણહાર
દે છડીધા સરદાર !

[હે ભાઇ માગણહાર ! તને તેજી (તકડા) ઘોડા દઉં, હાથી દઉં, જોઇએ તો ચંદણહાર લઇ જા, પણ તું મારા સ્વામીને છોડી દે !]

વઢી દેને વીર, મથો માંગણહાર કે;
હતારે મન ધીર, અહતા ઘણું કઠણ જે.

[રાસમાળા]

[હે વીર ! માતૃભૂમિને માથું વાળી દે, દાતાને મન એ મહેણું છે, કપુતને જ એ કઠણ લાગે છે]

આ મિતાક્ષ એમના જ માહિત્યમા ચારણને માટે 'અપણા' વગેરે જે શબ્દો યોજ્યા છે, તેનો પણ અર્થ 'યાચક' એવો થાય છે

ચારણો એટલે 'કુશીલવા ભટકતા નટો' એવો અર્થ અમરકોષમા અપાયો છે તેની સામે રાજપૂતાનાનો આખો મધ્યયુગ ચારણોના કીર્તિસાગરનુ અડોલપણે અવગાહતો

ગઢવી ચાર્વિચિત્રાહક

શિલો છે ચારણ એટલે 'ગઢવી, રાજવીઓના ગઢ કિલ્લાની ચારીઓનો એ રખેવાળ હતો, અને ઇતિહાસ તો એમ દાખલાઓ પણ મળે છે કે પરાક્રમણે ગયેલા રાજપુત્રોના પ્રાણરક્ષણનો ચોકીદાર પણ ચારણ જ હતો, એ યુવાનોના વજ્રકોટની ચાવી ચારણ પાસે રહે, ચારણ આવીને બોલે ત્યારે જ પરદેશગામી ક્ષત્રિય યુવાન હાજરતે જઈ શકે

ચારણ એટલે રાજનો રાજનો વચ્ચેનો સાર્વિચિત્રાહક, પ્રાણને બોગે પણ રાજકોટ અને રાજસ્થાનો હાર્દિક કપની સરકારના પ્રતિનિધિ બનીને આવેલ લખાવેના હાથમુખત્યારમા પણ રાજાઓની મારી ચારણસ્વમતના જમાન એ ચારણની કટારીનુ ચિત્ર સાથ પૂરતુ હજુ યે અકિત છે પોતાની સાથ ખૂટી પડે તો ચારણ કટારી પેટ નાખે—હારાકીરીનો જ ઉચ્ચ આ શું !

ચારિત્ર્યપાન

ચારણ અને રાજપૂતોની કમ્બાતો વચ્ચેનો અબધ મગરૂર કે રાજવળામા વસનાર તરીકે એની રીતરભાતનુ મિશ્રણ દોહ્યો છે કે—

સુજસમેરા કબ્યબધેયા સુબ્રાય બેહાય નદ
રાજકુવારે બેટ્યા, સો સહણુ અવિયદ

[છપી વાતો પરથી કેમ ખબર પડે એવા હોય, ખબર કરી આણજો

જ ન હોય તેવી ચટાથી પર–રહસ્ય સાચવનારા, દ્રવ્યના ઢગલા પડ્યા હોય તેની સામે અંધ સમા, રાજમહેલોની રમણીઓ પરત્વે નપુંસક હીજડા સરીખા ઉત્તેજનાહીન, યુદ્ધમાં વણિકો જેવા અર્થાત અહિંસક; એવાં જેનાં લક્ષણો હોય તે કવિ—તે ચારણ.]

શરવીરનાં બિરદ ગાનાર, કાયરોને રણશૌર્યથી રોમાંચિત કરનાર, તૂટતી ટેકને ટકાવી જાણનાર, ચમરબંધી પાપીને પણ મોઢામોઢ પાપી કહેનાર, શરણાગતને સંઘરવામાં રાજરોષની પણ એવના ન કરનાર, અને ગાય જેવો અમારિ ધર્મ પાળનાર છતાં જરૂર પડે તો જુદ્ધે પણ ચડનાર ! સ્વામીને ખાતર શસ્ત્રો ધરીને સંગ્રામમાં ઉતરનાર વીર ચારણ કરણીદાનનું દૃષ્ટાંત રાજપૂતાનાની તવારીખમાં ઘણું ઉજ્જવળ છે. સંવત ૧૭૮૭ માં ગુજરાતના સૂબેદાર સરબલંદખાંએ દિલ્હી–સમ્રાટ મુહમ્મદશાહ સામે વિદ્રોહ કર્યો, ત્યારે એના પરની ચઢાઈ કરનાર જોધપુર મહારાજ અભયસિંહની ફોજમાં આ કરણીદાન હતા. મૂચેડ ગામ પાસેના એ ભયાનક જંગમાથી મહારાજ અભયસિંહના બહુજ થોડા સુભટો જીવતા નીકળ્યા. કરણીદાનજી એમાંના એક હતા. જીવીને એણે એ સંગ્રામનુ 'બિરદ–શૃંગાર' નામે ઉચ્ચ કોટિનું વીરકાવ્ય રચ્યું.

સત્યવકતા

ચારણને દેવીપુત્ર કહે છે. એ ધર્મપુરુષ લેખે વંદનીય હતો, યશોગાયક લેખે 'લાખ પસાવ' દાનનો અધિકારી હતો અને સત્ય ઉચ્ચરવાની હિંમતને કારણે એ બિહામણો હતો એના સત્યવકતૃત્વમાં ચાતુરી હતી—

> બાપો મત કહ બખતસી, કાંપત હે કેકાણ;
> એક વાર બાપો કહ્યે પવગ તજસિ પ્રાણ

પોતાના પિતાના ઘાતક જોધાણનાથ વખતસિંહજી પોતાના અશ્વને

'બાપો ! બાપો !' કહી બોબાતા હતા, તે ટાણે આ બે કહ્યું, ઘોડાને 'બાપો' ન કહે, ઘોડો કરપે છે, હવે એક વાર કહે 'બાપો !' કહીએ તો અધ પ્રાણ છોડશે કાન્હ કે તુ તો બાપમારે છે !

અકબરના સૈન્યને લઇ ઉદેપુર પર ચાઢનાર વિજેતા રાજ માનસિંહ પોતાના ઘોડાને રાણાના પીચોલા તળાવે પાણી પાતો પાતો ગર્વ કરે છે કે આ પીચોલાના મરોવરમા પહેલી વાર રાજ જોધાએ ઘોડા ઘોયો, ને તે પછી આજ કુ બીજે એ રાણાકુળનુ ગર્વગંજન કરનાર નીકળ્યો આંયે એક ચારણ હતો તેણે તરકાળ ટોણો માર્યો—

માના ! બાજસ કર મતી, અકબરબળ આપાર્ક,
તોપે નમ્ર આપવા, પાણૂ બળ પાપાર્ક

(હે માનસિંહ ! અહંકાર ન કર, તુ તો આ બધા જોને આપ્યો છે બબાર રાજ જોધાએ તો પોતાના ભુજબળે પોતાના ઘોડા અહીં પીચોલે પાયા હતા)

ઉદયપુર-રાજ મવાઈ જયસિંહજી અને જોધપુર-નરેશ ગજસિંહજી એક વાર આંયે બેઠેલા, પાસે એક ચારણ બેઠેલો, કરમાન થયુ કે 'કા કવિરાજ ! આ બેઉ નરેશોની કાઇ બિરદાવળ ચુબાવો'

અને નજીકોના કાણા કામા તણાવે આ બે જે દુહો તરકાળ મુખ કરેલો—

પત-જોધર જોધાણ-પત રાવ ગામ-ઉમાપ,
કરમ આંયો દીકરો, કમધજ આંયો બાપ

(ઉદયપુરના પતિ બને જોધપુરના પતિ બેઉ એક-બીજાથી ચડે તેવા છે બમણુ કે કુમ બધાત કરવાવાળાએ (જયપુ પતિએ) પોતાના સગા પુત્રની હત્યા કરી છે અને કમધજ અર્થાત જોધપુ પતિને સત્તા આપને અહંકારાયો છે એમાથી કોના વખાણ કરુ !)

અરે હજુ તો તાજી જ સ્મૃતિ ઇડર-રાવ પ્રતાપસિંહજીની છે. એણે 'કલીન શેવ' કરાવ્યું એટલે ચારણથી ન રહેવાયું. દુહો ફેંકાવ્યો.

દાઢી-મૂછ મુંડાય કે, સિર પર ધરિયો ટોપ,
પ્રતાપસી તખતેસરા, (યારે) બાકી ઘટ લૅંગોટ.

એવી કૃતિઓ તો થોડી ઘણી ગૌરવહીણી ગણાય. પણ સંપૂર્ણ ગૌરવનો આદર્શ તો અકબરશાહના રાજ-દરબારે શોભતા કવિ-મણિ ચારણ દુરશાજી આઢાએ પૂરો પાડેલ છે. બિરદ-છંદુ તેરી એટલે પ્રશસ્તિના છોંતેર દુહા. છોંતેર દુહાએ એણે, પ્રતાપના ખુદ શત્રુની સમીપ, પ્રતાપસિંહને બિરદાવ્યા—અને બિરદાવ્યા પણ કેવા? પ્રત્યેક દુહે અકબર-પ્રતાપ ઊભયની તુલના કરતે કરતે—

અકબર ઘોર અંધાર, ઝંપાવ્યા હિન્દુ અવર,
(તેમાં) જાગે જગદાધાર, પહોરે રાણા પ્રતાપસી

[ઘોર અંધાર રૂપી અકબર-શાસનમાં અન્ય હિન્દુઓને ચારણ ચળી ગયું, પ્રહરી રૂપ જાગતો ઊભો છે એક રાણો પ્રતાપસિંહ.]

જડા ભાઈ ચારણ : શરીરે અદોદળા : અકબરની સભામાં એણે આમ કહીને બેઠાં બેઠાં જ બોલે રાખ્યું—

જીભે જોર જચણ તણું, પાગાં બળ પતશાહ,
અમે અકબરશાહ! બેઠા બેઠા બોલશું!

અને હે બાદશાહ! તને મહાન નહિ કહું. મહાન તો કેવળ આટલાં સિવાય બીજું કોઈ નથી—

ઘર જાડી, જાડા અંબર, જાડા ચારણ જોય,
જાડા નામ અલાહરા, અવર ન જાડા કોય.

ચારણ બિરાદમણો હતો કારણ કે એ 'ઉભત્ય' નામનાં નિંદા-

કાર્ય રચી પ્રચારીને બદનામ કરી જાણતો અને બીજુ એ આત્મહત્યા કરવાના અનેકવિધ લાપટ્ટ પ્રકારો અજમાવતો ચારણનુ 'ધરણુ' આપણને બીજાઓને ક્રમે-ક્રમારી પેદા કરનાર શબ્દ છે અન્યાય સામે, વિશ્વાસઘાત સામે, પોતાના અધિકારો પરના આક્રમણ સામે, પ્રભુ પોતે આચરેલા દુષણ સામે ય એણે કરેલા આત્મ વિલોપનના દમદમાટનારા કિસ્સા મધ્યયુગી ઇતિહાસમા છલોછલ છે કાઠિયાવાડના જેઠવાકુળનો આખુ કાવીદાબ લાગેલો, જેમના કુમારે જઇને નવાનગરના જાદવકુળનુ પોતરુ હોવાથી ત્યા ગયેલો, એ કુમારના બાળ મોમાણીઓ જામકુળે બન્નેવોને બાલ્ય કુપરની હત્યા કરી, તે બન્ન બાજીની સામે ચારણુ બાળી ત્યારે કપાળીઓથી ભરેલ, તેમ બટેના ગાડા પર હાથમા ભાળા લઇને બેમી જઈ, ગાડુ મળગાવ્યુ, કપાસીઓ ના ક્રમાથી બન્નેવો આ તી જવાલાઓ વચ્ચે એ બળી જતો બોડો રહ્યો ને મુજો ત્યા સુધી હાથથી ભાળા ન મેલી

આડિયાનુ ધરણુ

'ધરણુ'ની તવારીખમા 'આડિયાનુ ધરણુ' બનવાનમા ચૂવિખ્યાત છે સવત ૧૬૪૬ (અને ૧૫૮૬) ની આ ઘટના છે મારવાડ (જોધપુરે) ના મહારાજા ઉદયસિંહની રાણીઓ રથમા બેમી યાત્રાએ જતી હતી વચ્ચે એક થનો એક બળદ ભાગીથી બેમી ગયો એવો બોકડનો મુક્ત બળ આથેના રમ્યવનમા જોઈને બાજુની સીમમા ચરતા કોઇ નજીકના ગામના બાળકોમાથી એકને ઉઠાવી લાગે વેલડામા બેસી ધારા આગળ ચાલી પણ બાજુનુ ગામ આગળનુ હતુ આગાઉ કોઇકે રોગગ્રસ્ત ચા ઘોને દાનમા આપેલા અનેક ગામો પૈકીનુ એ એક હતુ પોતાના બળદને બદલે પડયે કોઈક કલપ છે એવી જાણ થતા જ એ ચારણે ઘણી બળાગણોનો પીંડો દીધો અને

થોડે દૂર આંખી લઇને ઉપદ્રવ મચાવ્યો, પોતાનો બાળદ છોડી લઇને એ પાછો લઈ ગયો. આ ખબર પડતાં જ જોધાણુનાથ ઉદયસિંહ ચારણો પર નારાજ થઇ કેટલાંક ચારણી ગામો જપ્ત કર્યા. એકત્ર બનીને જોધપુર પહોંચી લાંબવા મેડેલા ચારણોની ફાકલૂટી એળે ગઈ. મહારાજાએ રોષ કરીને સમસ્ત ચારણી ગામો લઈ લીધાં. તેઓ જોધપુર રાજ્યના એક સરદાર ઠાકુર ગોપાલસિંહજી ચાંપાવતના આઉવા ગામે પહોંચ્યા. ગોપાલસિંહજીએ પણ મહારાજ પાસે જઈ અરજ કરી કે આ મરુભૂમિ ચારણોના લોહીથી રંગાશે ! પણ મહારાજ ન માન્યા એટલે પોતે પાછા આવીને ચારણોને પોતાની ભૂમિમાં આત્મવિસર્જન કરવાની અનુમતિ આપી. ચારણોને ચિંતા થઈ. ગોપાલસિંહજીનું નાહક અનિષ્ટ થશે, ચાલો બીજે કયાંક જઈ ધરણું કરીએ. ગોપાલસિંહજીએ પોતાના અમંગલની પરવા કર્યા વગર ચારણોને રોકયા.

સેંકડો ચારણો ને ચારણ્યો આઉવામાં એકઠાં થયાં, ધરણાની તિથિ નક્કી થઈ ગઈ તે વખતે મૃદિયાડના બારહઠજી અકબાજીએ મહારાજ પાસે જોધપુર પહોંચીને એ વર્તનારા ફેરની કલ્પના કરાવી. મહારાજે પૂછ્યું, 'તમે પણ ધરણામા શામિલ થવાના છો ને ?' બારહઠજીએ જવાબ વાળ્યો કે 'મારે પણ બેસવું જ જોશે મહારાજ !' 'લ્યો ત્યારે આ, આનાથી ધરણું સારું થશે.' એમ કહીને મતિફરેલ મહારાજે ચારણને પોતાની કટારી અને તલવાર આપ્યાં.

આઉવાની નદીમાં બુગણ પથરાયું હતું. તે પર ચાર જાતની બેઠકો હતી. ઢોલીઓ, ગાદ્લુ, ગોદડા ને જાજમ—જે ચારણ ઢોલીએ બેસે તે 'ડગલો પહેરે', ગાદ્લે બેસનાર 'છોગાળુ' કરે, ગોદડે બેસે તે ગળે છરો નાખે, ને જાજમ પર બેસનાર કાંડા પર કટાર ફેરવે. સૌ આવતા હતા તેની વચ્ચે અકબાજીને પણ આવતા દેખતાં જ અકબરશાહના દરબારવાળા, શહેનશાહના પ્રીતિપાત્ર

અને જાતિના આગેવાન ચારણ કવિ દુરસાજી આઢાએ સ્વાગતનો સોરઠો લલકાર્યો—

અબધી પ્રાતખાહ—
આહર બીસોવર વણી
તાંરે વદન તપતાહ
આણુ દવાદસ આખુતવ

અર્થ—હે અબાજી! આજ ચારણોની બોનેર શાખાની વારે આંહીં આવતા તમારા વદન પર બારે સૂર્ય તપી રહ્યા દેખાય છે

સોરઠો બોલાતો સાંભળતો એ બારહઠજી આગળ ચાલ્યા, અને ઘરણામા ઉતરનારાઓને માટે જે કુડાળુ કર્યું હતું તેની લીંડી વળોટીને અંદર પ્રવેશ કરી ગયા એ સીમા જે વળોટે તેણે ઘરણામા જોડાવું જ પડે

ઘરણાની તિથિને હજુ બેાડા દિવસ બાકી હતા ત્યા અબેાજી બોમાંથી એક સાબડા સામના બહિયા હતા તેમને વિચાર થયો ઘેરે પુત્ર પરણે છે આટો જાજ આવીને પછી પાછા પહોંચી આવીશ ઘેર પહોંચ્યા ત્યારે પુત્ર પરણી ચૂકયો હતો એણે પિતાને ઘરણામાંથી પાછા આવેલા જોઇ બે અનુમાન્યો 'તમારી પુત્રવધુને આવતાંજ હવે તો' એમ કહીને એણે રસ્તો લીધો અને આજવાની નદીમા જઇને ઘરણાના કુડાળામા પ્રવેશ કર્યો

જોવતી કાલથી તો બે દિવસ અન્નજળનો ત્યાગ કરવાનો છે ચારણો દિલ્લી દરબારમા બેઠા છે એમા પંજાતમા એક પતરાવળુ ઊપડ્યુ ઉપડ્યુ બરાબર એ બહિયા ચારણના નવપરિણિત પુત્રની પતરાવળી પાસેજ અટક્યુ એ જોઇને બીજાઓએ મશ્કરી કરી, 'એલા! આ બીજી પતરાવળ તો તમારા બાપુજીને માટે લાગે છે!' એ સાંભળીને યુવાને પોતાની પાસે બે પતરાવળ પિરસાવી અને પોતે બેઉમાંથી એકેક હાથે જમ્યો એ વખતે તો આ યુવાનની બેઠાની કોઇને

સમજ પડી નહિ પછી નિર્જળા ઉપવાસના બે દિવસ વીત્યા બાદ ત્રીજા દિવસનો સૂર્યોદય થતાં જ જે આત્મહત્યા ચાલી, કોઈ ચારણ તેલમાં બોળેલા કપડા પહેરીને બળ્યા (એટલે તેલીઉ ત્રાગું કર્યું), કોઇ સ્વહસ્તે પોતાનું શિર વધેરીને 'છાગાળુ' ત્રાગું કરવા મંડ્યા, તે વખતે એ જુવાન પોતાના બન્ને હાથમાં અકેકે કટાર લઇને પોતાના દેહનું છેદન કરી રહેલો દેખાયો—પિતાની તેમજ પોતાની વતી ! અને ચારણોએ ચિતારોહણ કર્યું.

એ ભીષણ ધરણામાં બેસીને ગળે કટાર પરોવનાર ચારણ દુરશાજી આઢા જીવી ગયા અને દિલ્હીપતિ અકબરને દબાવે ગયા. પણ એનો અવાજ બદલી ગયો હતો. આપાઢીલો કંઠ ન નીકળતો જોઇ શાહ અકબરે કારણ પૂછ્યું. દુરશાજી કહે કે સિંહે ગળા પર હુમલો કર્યો હતો. 'નહિ નહિ' અકબરશાહ બોલ્યા, 'એ હુમલો સિંહનો ન હોઇ શકે, એ તો કોઇ ...નો હતો.' એ શબ્દમાં જોધપુરેશને માટે ગાળ હતી. ઉદયસિંહ મહારાજને અકબરશાહની નારાજીની જાણ થતાંજ એનાં ગાત્ર ગળી ગયાં. એણે ઝેર ઘોળીને પીધું. મરતા મરતાં એણે ઠાકુર ગોપાલસિંહજીના આપેલ પ્રાયશ્ચિત્ત પ્રમાણે જપ્ત જમીનો પાછી આપી, પણ એ જમીન ભોગવનાર કોઇ ચારણ ત્યાં રહ્યો નહોતો. આજે પણ એ ગોઝારા (હત્યારા) રાજાનું નામ ન લેતાં સૌ કોઇ એને, એનું શરીર અતિ સ્થૂળ હોવાથી, 'મોટા રાજા' કહે છે.

એવા પ્રજ્વલનશીલ ચારણી સત્કારને ઓળખાવતો સોરઠો છે.

*ચારણ ને ચકમક તણી, ઓછી મ ગણે આગ;
ઢાઢી હોયે તાગ, (તોય) લાગે લાખણશીઅડા !

---

* સરખાવો શાકુંતલનો શ્લોક—

રામપ્રધાનેષુ તપોધનેષુ ગૂઢં હિ દાહાત્મકમસ્તિ તેજઃ
સ્પર્શાનુકૂલા ઇવ સૂર્યકાન્તા. તદન્યતેજોભિભવાદ્વમન્તિ.

ને ચાંપો કરેલી હુમ્બા હતે પરપુરુષનો પ્રાપ્ત મહાની પછી
પુત્ર ઉપાન મળી દોષિત પતિ ૬૮ શાપ દેતી માફ તેમડી ન માગીને
મતાની તેથી પોતાના શાપને પણ સાહિત્યમા
આલેખ્યુ છોકરો. અતિત કરી ૬૮નાર આર્ય નારીમા, જાણે પોતેની
ઉમરમા, પ્રેમભંગ બની હેમાળો ગળવા આવી
ગયેલી કુમારિકા ! કોળીબાઈ, દક્ષિણ માથેના નિષ્ફળ પ્રેમમાથી નિરાશા
પામીને એ નિર્ણયને અને પ્રભુપ્રેમે નાને ૬૮ત્યાગ કરી ૬૮નાર આત્મ-
તિરસ્કૃત કુમારી ઊજમણી, અકસ્માતનો નિર્ણય કરીને, પોતાની ગાળેલ
વાતમા ચિત્રુ આહિરડે મહોનિ તેમજ અપ્સરાઓ જળ પીવા કરી ૬૮નાર
કિન્નરી ગામની જનમાઈ, મરવાના લપટ રોગ પર ત્રાટકીને અને એને
મારીને મરેની વાધણ કુંવરબાઈ, વસ્તેની આખ્યાયિકાઓ મારા અભ-
ણોમા ભરપૂર પડી છે એ આખ્યાયિકાઓમા તત્કથામિશ્રિત અર્ધપુરુષો

---

* સાધ નેસડી અરસાહની સરહદમા ધીમે ૬૮કાશ પથેલ તળાજાપતિ
ગોજપ્રને પોતાની ગોદમા ખુવારી દેહની હુમ્બા દહ કરતો કોનાર એ ચાર
વીને પાદેમથી આવેલા પતિએ કુમારકા પથી તિરસ્કારી આપ્યો શાપ કીધો,
પતિ કલ્પીતમા સળગીયો. તેને પાછો પોતે આલે કર્યો (જુઓ નોટ ૨ પા ૫)

નાગમાઈ ખુવારના ઘર આગળિકે અતિથિ બનીને આવ ગોકળીયા
વાસી ચાર યની પ્રપત્તી પુત્રવધુ પર તેમજ તેમના માલપાવ પર કુદ્રષ્ટિ કરી
તેથી નાગમઇએ ચતુરાઓનો રાજપરદેશ ઇજ્જા એ પુરુષોમોને હાથ કરવાનો
શાપ આપ્યો જે સાચો પડ્યો (જુઓ 'ના' ના ગાકરડિયો')

કામેમાઈ બાબતમા તાજેના ૬૮ગુરુ ગામની ચારણી શબ્દ તપે
કુદ્રષ્ટિ કરતા પોતાના રેતનો ત્યાગી જે શબ્દને સમર્પ્યો (જુઓ નોટ ૨ પા ૧)

રોબુડી બાઈ એરડામા ગોરણીઓની ગામના ચારણ છે। એકવીસાણાની
પુત્રી જેનુ હૃદય શ્રમ ના બજર જેને જેના પર સંગીત દ્વારા ધુપેલ પ્રેમ
દૃષ્ટો તે ગરીબ ૬૮નાર-બ્રાહ્મણ (બીનકારે) બારણુ વિક્ષુબ્ધ સાધે જેના
બાપે ન પરખાવતા, એ હેમાળે ગળવા (હિમાલયના બરફમા જેવી દેહ પાતી

રમ્ય તેમજ ભીષણ, રોમાંચક અને જુગુપ્સક ઇતિહાસ છે. કામી ગજા પ્રત્યે પોતાના સ્તનો કાપીને ફેંકનારી, અરે તેથી પણ વધુ, પાડાને હણી તેના રક્ત પીનારી ચારણ્યો દેવીપદે સ્થપાઈ છે. 'ગેડ પીવું' એને ચારણો દેવી-કાર્ય ગણે છે પાંચ તોલા પણ કાચું લોહી પીવાનું પરિણામ મૃત્યુ હોવાનું કહેનાર વિજ્ઞાનને માટે આ ત્રાંસડા ભરી પાડાનું રુધિર ગટાવનાર આવેશભક્ત ચારણ્યો-આધૂનિક યુગને છેક નજીકને આરે ય હતી તેમ જાણકારો કહે છે. આ એક અણઉકેલ સમસ્યા રહી ગઇ છે આવું નારી-તત્ત્વ જગતના ઇતિહાસમાં અન્ય કોઇ વીરસ્તુતિકાર-સંસ્થા સાથે જોડાએલું જડતું નથી.

નાખતા) ચાલી ગઇ, જ્યા પાછળથી વિજાણંદ પણ પહોંચે છે, પાછી વળવા શેણીને કરગરે છે પણ શેણીનું શરીર ગળી રહ્યું છે. એણે ફક્ત છેલ્લીવારનું જંતર સાંભળવા ઇચ્છા બતાવી, હતાશ વિજાણંદે જંતરમાંથી છેલ્લું આક્રંદ ટપકાવી નાખ્યું, શેણીએ શ્વાસ છોડયા ને જંતર પણ પટકાઇને ફૂટી ગયું.
(સૌ. ની ૨. ભા ૫)

ઊજળી—પહાડવાસી આ ચારણ કુમારીએ પણ એક જેઠવા કુળના રાજકુંવરને પ્યાર આપ્યો હતો, પણ કુમાર મેહ એને પરણવાનું વચન પાળ્યા વગર નગરીમાં રોકાઈ ગયો. ઝુરતી ચારણી વનવાસ છોડીને એની શોધમાં નગરને વિશે આવી, પણ રાજપૂતથી ચારણીને ન પરણી શકાય એવી કુલ-પરંપરાથી ભયગ્રસ્ત બનેલા રાજકુંવર મેહ જેઠવાએ એને ના પાડી દીધો. આવા પ્રેમીના વિશ્વાસઘાત પર વિલાપનું કાવ્ય વહાવતી ઊજળી શાપ દઇને પાછી વળી. (સોરઠી ગીતકથાઓ)

જીવણાં બાઈ—સરધાર વાળી ચારણ, જેણે ત્યાંના કામવિવશ શેખને બાધણરૂપે હણ્યો કહેવાય છે.

જનબાઈ—દેરડી નામે ગામ વસાવનારી આ પવિત્ર ચારણ્યે ત્યાં એક વાવ સ્વહસ્તે ગાળી, અને સર્વ લોકોને એક આરે પાણી પીવા ભરવા પ્રબોધ્યા. આજે પણ જનબાઇની વાવમા ઢેડનો પણ 'ઠાળો' થઈ શકતો નથી.

પુરાણોપ્રબંધોમાં ચારણપ્રતિષ્ઠા

અંધયુગનું પગથિયું ઊતરીને વધુ ઊંડાણે જઈએ ત્યારે આપણને
વાતુ ...મ તાજેતરમાં જ કેટલાક સુવિદિત
પુરાણ યુગનો ...જસ્થાની ચારણોએ કરેલું છે અધોગતિએ
સ્તુતિકાર પહોંચેલ હરકોઈ જાતિ કે પ્રજાની પેઠે ચારણ
લોકોએ પણ પોતાના પુનઃસ્થાનને માટે, અને
પોતાના ઉપર 'કુશીનદ' જેવા આક્ષેપો થયા તેના નિવારણને માટે પોતાની
તવારીખને કેટલ વૈદકાળ સુધી ઠેઠ લઈ જઈને પુરવા તારવ્યા છે —

...ત્યે મા. વાલિજી ગભાયજુના માળખાડ, ...ધિયામ..., સુદર
...ડ. ને મુદ્દામ...મા ગદ્યભારતના ચાર પર્વોમાં પુરાણો પૈકીના દશમા,
શ્રીમદ્ ભાગવતમાં ૧૨ અનેકાનેક ગ્રંથોમાં તેમજ જૈન શાસ્ત્રોમાં 'ચારણ ગો
નિ' છે દેવોની જેમ પોતાના અંગોથી માનવ જેવા જન્મ કે નારા
ઋષિઓની સમાધિ વિમાનમાં જોનારા ને શાપ આપવા કરિયો સાથે જઈ
શકનારા ૧ ત્રિનેત્રિ કરનારા, પરંતુ ...મા તેજસ્વી આત્મદૃષ્ટિ થતી વધને
...જાદિ ...યો. ...ષિઓ અને સાધનો ઋિઓ સાથે એકત્ર થનારા
પર્વ ...ાના ગણુને પેટે પણ જોડન નામની ...તા વળગાડી તથા
દેવતાઓ નજીક ઋિઓ સાથે ભોજન કરતા ૪, મહેન્દ્ર પર્વતના અનેક ગ્ર
ંથોમાં ઉલ્લેખ કરતા ' ...મા જાતિ ગઈ પણ રીતા ...ત્યા નથી'
એવી આત્મશ્લાઘાની વાતો જ્યારે કવિઓને આકર્ષક ...મા...તા ૫, ત્યારે

બાંધીને લંકાને તીર ઊતરનાર રામચંદ્રને ઋષિઓ દેવો સિદ્ધો સાથે આશિષો આપવા આપનારા, એવા ચારણો વાલ્મિકીએ વર્ણવ્યા છે.

પુરાણોમા ચારણોને દેવોની સ્તુતિ ગાનારા ને ભક્તિને પ્રજનારા આલેખ્યા છે. ભાગવતોમા પણ ભગવાનની સ્તુતિ કરનારા ને અસુર-વિજેતા કૃષ્ણનાં વિજયગાન ગાનારા ચારણોનોયે દેવો, દાનવો, સિદ્ધો ને વિદ્યાધરો ગધર્વોની સાથે જ ઉલ્લેખ છે. જૈન શાસ્ત્રોમા મનુષ્યના ઋદ્ધિપ્રાપ્ત વિભાગમાં 'અરિહંતા, ચક્રવર્તી, બલદેવા, વાસુદેવા, ચારણા અને વિદ્યાધરા'નો સાથે ઉલ્લેખ છે

ઇતિહાસયુગમાં ચારણ

હિમાલયાદિ પર્વતો, વનો, સમુદ્રો અને નદીતીરો પર વસીને દેવતાઓની સ્તુતિ ગાનારા તેમજ શાસ્ત્રોના પઠન પાઠન કરનારા ઋષિ-મુનિઓ લેખે પુરાણયુગી ચારણોની પરંપરા ઇતિહાસયુગમા ચાલુ રહે છે હિમાલયમાથી લાવીને ચારણોને આર્યાવર્તનિવાસી બનાવ-નારા પૃથુ રાજાનો પદ્મ પુરાણમા ઉલ્લેખ છે. ને પછી તેમનું [૧] તૈલંગમાથી માલવામા, કચ્છમાં, થરપાર-કરમા, સૌરાષ્ટ્રમા, સિંધ ગુજરાત અને રાજપૂતાનામાં ગયાનું અનુ-માન છે [૨]માલવા એ રાજકીય તેમજ સાસ્કૃતિક દૃષ્ટિએ ભારત-વર્ષનુ મધ્યબિન્દુ હતું એટલે વિદ્યાવિલાસી ચારણોનુ તૈલંગથી માલવા જવું સ્વાભાવિક હતુ પછી કચ્છદેશ તેમને પરમારોએ વસવા આપેલ

આઠમી સદી સુધી સારુ આર્યાવર્ત એનુ વતન હતુ. છુટા છવાયા પ્રથરાયા હતા. કનોજ કબ્જે કરી મોટી જાગીરો પણ ખાતા તે અરસામાં સિંધના શાસક હમીર સુમરાની મેલી નજર મામડ (મામડિયા)

---

*જુઓ પરિશિષ્ટ

૧. चारणाय तत. प्राद्गत् तैलगं देशमुत्तमम्.

૨. પતિયાલાના સ્વ. કવિ કિશોરસિંહ બારહઠ્ઠપત્યનો ઇતિહાસ.

નામના ચારણની ઉપમા (આવડ) નામે પુત્રો પર પડી જેઠવાની આપુ કુળો પાળિયાદ અને મિયાં તરફ આવ્યા અમરત ચારણ કામા માનતા પ્રવર્તી આમડની દીકરી ઉપમા (આવડ) તો અમારી કુટુંબની મા દીકરાકરતો આવતા છે। નિષ્પાપ નારીસૌંદર્ય આદ મણનો બોજ બને ત્યારે તેને કેવળ દેવાની કોઈ આમાણ માનવ-ક્રિયા હતી આમડ આપુને બુમરા રાજાએ કુળો, પણ એની આંતે નીકળો, (ઉપમા બેની) બાળી ધૂળી નોથી નાની બોડીઆર બાવળ પાસે (આજ બ્યા બોરિયા ગોમન પાસે એવું થાન છે) બાજ બેની બીજી છબે રાજપૂતાનામા ગઈ તેમા ઉપમા (આવડ) પણ મહિમાવતી, એને એવું થાનક પણ આલોકમે પછી બીજું મોટું 'આપુરો પિયર' હતો આદિ સ્થાન બાદ, પણ પડેરૂ વતની-સ્થાન રાજપૂતાના જેનો દાનવીરોના કમળીઆઓ અને ક્ષત્રિયાણીઓના જોહુરોએ આબાદીને માણી, મહદ્ધી અને ઐશ્વર્યથી ભરાવી રાખ્યું

પીંગળકારે આ બધુ હોવાનુ બતાવ્યું છે પાછિનિ 'ચારણ બ્રહ્મનો ઉલ્લેખ કરે છે કે મહિલાબ્રહ્મોનો બ્રા પુષ્પ તત્ત્વ ચારણ કવિ જ્યારે ચારણ અવેરો ભાગે છે ધ

શુક્લાદ્વય અને ગજોદ્ધારણ

ન ના પદ્ય મેવાડના પ્રતિભાવપુરુષ 'રા સાતવાદનનો પ્રખ્યાત કવિ ગુણાકર—પૌરાણી બાબામા 'વૃહદ્ કથા' નો તિરુપૂત કર્તા—

બ્રહ્મો અગ્નિને દામેન ચારણોમાના અપ્રમ અવતારમાથી જગતની અમરત કથાઓનો પિતા 'ચારણિકાગર' નરસિંહ કરું અવતરેલા કવિ ગોત્ર વેદ ઋષિઓ તેજસ્વીવાળા પણ ચારણ કવિઓનું સ્થાન અનન્ય છે

કવિ કાનિ એ પોતાના કાવ્યના નાયકોમા 'ચારણ ને અભાવો છે *

*શાકુન્તલ અંક ત્રીજો શ્લોક ૧૪ વિક્રમોર્વશીય પ્રથમાંક શ્લોક ૧૨

કર્પૂરમંજરિ અને પ્રબંધકોશના કર્તા રાજશેખર યાયાવરી (હાલ જે શાખને જાજવીઆ કહે છે) ચારણ હોવાનુ માનવુ છે. નવમી સદી.

સિંધના જામ ઉન્નડે સગમાલ ચારણને સિંધની રાજગાદી આપી. (ઈ સ ૯૩૦) વાત એવી ચાલે છે કે જામ ઉન્નડનો કુવર અને સદ્ધ નામના ચારણનો દીકરો ધેટા–જલ્લાની રમત રમતા હતા. કુવર ધેટો બન્યો હતો ને ચારણપુત્ર કસાઈ. ચારણપુત્રે છૂરી વતી રાજકુંવરને હણી નાખ્યો. એ જાણીને સિંધપતિ ઉન્નડે, ધેટો બનવા તૈયાર થનાર કુંવરની તો એજ વલે હોવી જોઇએ એમ વિચારી ચારણને દેશ સોપી દીધો.

ઉન્નડ મોલે આવિયો, - શામોઇરો સુરતાન,
પાણ પોટલિયો ઝલ્લિયો, ચારણ કિયો દિવાણ
× × ×
'સદ્ધ સરીખા કવિ લહે, સધ સરીખા દેશ'
× × ×

જૂનાગઢના રા' ડિયાસનું માથુ માગનાર બીજલ પણ તુંબેલ શાખાનો ચારણ હતો (ઇ. સ. ૧૦૧૦) નવઘણ પલાને સોમા ગઢવીની દીકરી આઈ પીઠડનું ધ્યેય હતું. તેમજ ધ્રાગધ્રા તાબે ખોડગામનાં આઇ વરૂવડીએ, સિંધ ઉપર આહિરાણી ધર્મબહેન જાહલની વારે જતા નવઘણને જમાડીને સાગર (ક્ચ્છનું રણ તે કાળે હાકડા નામનો સમુદ્ર કહેવાતો) ઉતરવામાં સહાય કરેલી * (ઈ સ. ૧૦૨૦થી ૧૦૪૪)

સિદ્ધરાજ જયસિંહના સમકાલીન જૂનાગઢના રા' નવઘણ બીજાએ મૃત્યુશય્યા પરથી પુત્ર ખેંગાર પાસે માગેલા ચાર વચનમાંથી એક હતુ–પોતાની નિંદા કરનાર ચારણના ગાલ ફાડવાનું. એ પ્રતિજ્ઞાનું યુક્તિ-ભર્યું પાલન ખેંગારે ચારણના મોમાં સોનામોહરો ઠાસીને કરેલું.

ગાલ ફાડ્યા

* રા' નવઘણ: સૌ. ની ૨ ભાગ ૨ વરૂવડીનું સ્તુતિકાવ્ય

(૧૦૩૮) પૂર્વનો અજાતા ચારણનો બાલરસિયાપણો અટેખત તો કડાપ નહિ, એટલે બેઆરે એને દાનથી કાઢવા। મોમા અભાવ તેની સોનામોઢરો આપવા કહ્યુ ચારણના મોમા દારી કાની મોઢરો ભરી, ઉપરે ચારણે કહ્યુ 'દાઢિ બાપ, દાઢિ, બાલ કૂટી ગયા'

કરણદેવ સોલંકીના ચમકારીન કુબાર અજયપાલની શક્તિ-રાણીએ સોળે બોલા બોલા હાથ બળાવી, રાજમાર્ગ પર આડા હાથીના બોગ થઈ પડનાર જે ચાર બાળકોને બચાવી લીધેલ, તેમાનો એક, જેને માવે શક્તિએ ટાપની મારી તે બાળ ટાપરીયા વાઘેલાના ચારણોનો પડવો (૧૦૬૦-૧૧૩૦)

જેના નામના સયુક્ત ગર્ભિત કુદા-સુભાષિતો આજે પણ કહા-પણના બડાગ તરીકે, ચમ, તેમજ અર્થના વિવિધ સમ વપરી મોટ સમસ્ત રાજસ્થાની લોકસાહિત્યમા લગાવી રહેલ છે તે આણુદ-કરમાણુદની મીજલ્લુ શાખાની ચારણ-બેનડીએ સિદ્ધરાજના દરબારમા કકાણી બાટણને દરાવી હતી ૧૨મી સદી

ગુજરાતના પુનરુદ્ધારક વાઘેલા વીરવરે વામનસ્થલીનો વિજય કર્યો તે વખતે એક ચારણે કરેલી ચાતુરીની પ્રબંધોમા ચારણ્ય પ્રબંધમા છે એ વિજયના ઉલ્લેખમા એક ચારણ્ય એક કુદાના પહેલા બે જ ચરણ બોલ્યો-

" जीतउ सिद्धि वणोहि
सोमला समदहि घाजियइ

ફરી ફરી એ જ બે ચરણો બોલતો રહ્યો ઉત્તરાર્ધ આવી ગયાને ચારણ તો નિદ્રાધીન થયો ત્યા રાત્રિએ અનેક ચારણીઓ આવી આવીને એ '૭ કુદાનાં મા પોતપોતાનુ નામ બનાવવા બોલ્યા કરી ગયા અને એજે એ સાંભળી પણ લીધી! પછી એક દિવસ

પ્રાત:કાળે રાજસભામાં અનેક જનોથી વીંટળાએલા રાણા વીરધવલની સામે પોતે ઉત્તરાર્ધ લલકાર્યો.

બિહુ ભુજિ વીરતણેહિં,
બિહું પખી ઊપરવટતણે

(કોણ છ જણા હતા ? તો કહું છે કે, રાણા વીરધવલના બે ભુજ, અને ઊપરવટના નામના એના અશ્વના ચાર પગ, એમ મળીને છ.)

આવું સાંભળીને બધા રાજપુરુષો ચમકી ઊઠ્યા હતા. પ્રપંચ કરીને આપણને સૌને છેતરી લઈ આખરે તો જે સત્ય હતું તે જ કહ્યું. એટલે તેમણે સહુએ ચારણને કરી સવિશેષ દાન દીધું.

'चारणोक्तम्' એવા ઉલ્લેખ સાથે પ્રબંધોમા વારવાર ચારણની સુભાષિતોક્તિઓ દુહારૂપે આવે છે. મુનિશ્રી જીનવિજયજી સંપાદિત 'पुरातनप्रबन्ध' માં सज्जनकारितरैवततीर्थोद्धारप्रबन्ध. માં—

સિદ્ધરાજ ગિરનાર પહાડ પર પોતાને નામે પોતાના સજ્જન મહેતાએ બંધાવેલ દેવપ્રસાદના શિખર પર ચડી ચોપાસની પૃથ્વીને નિહાળે છે ત્યારે—

चारणोक्तम्—

(૧૦૦) મઇ નાહિઉ સિદ્ધેશ,
તઇં ચડિયઓ ઉજ્જિલસિહરિ,
જીતા ચ્યારઇ દેસ
અલીઉ જોઅઇ કરણ ઉત્તર.

એ ચોકખો તાત્પર્યા સોરઠો છે.

---

* શ્રી રાજશેખરસુરિકૃત પ્રબંધકોશ. (મુનિશ્રી જિનવિજયજી સંપાદિત) શ્રી વસ્તુપાલપ્રબન્ધ § ૧૨૩ (૨૬૩) પૃષ્ઠ ૧૦૪

તે પછી બીજા ૮૪ પાના પર, ધારાનગરીનો ભિન્ન કુરાની બાળા સિદ્ધરાજની પ્રતિજ્ઞાનુ સ્મારક, મામુ મંત્રીની ચાતુરીથી મારીની ધારા બનાવી તેના ભિન્ન વડે અર્થ પાલન થાય છે ત્યારે—

यारणेनैकेनाथाति—

(११४) एहे टीलयलेहि
धार न लीजइ कण्ण-उल
जम जेहे अठचेहि
जेहिह जसुलु आवयउ

એજ રીતે 'બાલ- ચરિત પ્રબંધ'ના પાને ૬૮ મે મુંજ મંત્રીએ કુંતલના ભિન્ન દૂતોને કહ્યો ત્યારે—

इतयारणेनोक्तम्—

(११५) अवर रयु वाणीउ
मन्धिवन्तुल दूत राउ
धारा सायर साहउ
उत्तकिहि इविणु पाउ

'પ્રબંધચિંતામણિ' માં મુંજ રાજાને ભાગીરથી મિશ્રણ ભાગે મુ મન્તુ બલ પીવા આવ્યા ત્યારે જેમની જગવિખ્યાત 'પદ્મગુપ્ત ઉદયભિદ્ર' એવા નામની મુખ્ય મંત્રિઓને કહ્યા આવ્યો—

तदनु यारणेनोक्तम्—

(११६) मुन्दागरि अवगाढ हलि
जसु पीयउ वयणाहि

[illegible]

[[illegible]]

[illegible] પૂરેપૂરો પ્રતિબિંબિત કર્યો.

આવા સમાન સંખ્યાનું દૃષ્ટાંત પણ પ્રબંધોમાંથી મળે છે. 'પ્રબન્ધચિન્તામણિ'ના કુમારપાલાદિ પ્રબંધમાં સોરઠના બે ચારણોનો પ્રસંગ છે. 'એક વાર સૌરાષ્ટ્ર મંડળના સ્વીકાર બે ચારણો પરસ્પર દુહા-વિદ્યામાં સ્પર્ધા કરતા એવી પ્રતિજ્ઞા લઈને અણહિલપુર પહોંચ્યા કે 'જેના દુહાની સરસાઈ હેમચંદ્રાચાર્ય ઠરાવશે, તે ચારણને બીજાએ ગુરુપાની ચુકવવી' પછી એ બેમાંના એક પ્રભુની (હેમચંદ્રની) સભામાં આવીને આ દુહો કહ્યો.

लच्छि-वाणि मुहकाणि
सा पइं भग्गी मुह मरउं*

હેમસૂરિઅત્થારિઓ
જો ઇસર તેં પણિઅમા

'અર્થ–હે હેમસૂરિ! તારા બે ભાયે કુ વારી જાઉં! કારણ કે લક્ષ્મી અને વાણી [વિદ્યા] વચ્ચેનુ વૈરભાવપણુ જે તે ભાગી નાખ્યુ છે 'મકે હેમસૂરિનો પ્રભાવ તો જે પહિલો છે તે જ લક્ષ્મીય તો છે

'એટલુ કહીને એ ચુપ થિના લો પછી શ્રી કુમારવિહારમા આરતીના અવસરે બન્નારે નગર (હેમચન્દ્રને) પ્રણામ કરી રહ્યા હતા, અને હેમચન્દ્ર પ્રભુએ એમની પીઠ પર હાથ મૂક્યો હતો, તે સમયે બીજા બાજો પ્રવેશ કરીને આ કૂટો કહ્યો

હેમ તુહારા કર મરહ*
સિહ અત્તબ્બુમરિદ્ધિ
જે ચવહ દિટ્ઠા મુદ્દા
તીહ ઘરહરી સિદ્ધિ–

'અર્થ–હે હેમસૂરિ! તુ તારા હાથ પર મારી જાઉ છુ કે જેનામા અદ્ભુત સિદ્ધિ રહી છે તિને નમેના જે મો ઉપર જે હાથ પડે છે તેના ઉપર સિદ્ધિ પણ આવી બેસે છે

'આવા પ્રકારના અનુચ્છિષ્ટ (ભાવિક) ભાવવાળા એના વચનથી ચમત્કૃત થયેલ રાજાએ એને ફરી ફરી એજ કૂટો બોલવા કહ્યુ ત્રણ વાર બોલ્યા પછી એ ચારણ બોલી ઊઠ્યો, 'શુ અગણી વાર બોલવાના તમે અમને લાખ દેવાના છો!' એથી રાજાએ એને ત્રણ લાખ દીધા

*મરહ=મમ્ આજે પણ તારા પર મરુ (બોલચાલ ૧૬૬) એ પ્રયોગ પંજાબના અમુક ભાગમા વપરાય છે

એમ પગલે પગલે પાછા વળીને ઇતિહાસમાં ફેર ફેર ચારણનું અવલોકન કરતા આપણે પંદરમાં સૈકામાં પહોંચીએ છીએ ત્યારે તો ચારણ વિષેના ઉલ્લેખોનો પાર નથી રહેતો ચારણોમા મહામાયા કરણીજીનો એ જન્મકાળ. રાજા હર્ષવર્ધનની પછી ભારતવર્ષની રાજકારણી એકતા ને અખંડિતતા તૂટી પડી મુસ્લીમોનાં આક્રમણો ઉપરાઉપરી આવ્યા, જાતિસંગઠન વિનષ્ટ બન્યું, તે વખતે ચારણ આજની એના નામની થઈ રહેલી વ્યુત્પત્તિ (चारन्तीति चारणा . દેશનું કે નીતિનું જે સંચાલનકાર્ય કરે તે ચારણ–સ્વ ઠાકુર કિશોરસિંહજી)ને સાચી પાડતો, પડેલા રાજપૂતકુળોને પડકારતો, તેમની ગુમ થયેલ શક્તિઓને પુનઃ સંગઠિત કરતો, મુખ્યત્વે રાજસ્થાનમાં જ ખડો થયો એની હાકલથી–પોકળ હાકલથી જ નહિ પણ એની સદ્ધરતાની તૈયારી વડે–રાજપૂત કુળો પુનઃ જાગ્યાં, નવેસર સ્થપાયા, જાતિકુલાભિમાને પ્રમત્ત બન્યાં. આક્રમણકાર મુસ્લીમ કુળોના સોગણા વધુ સામગ્રીબળોની સામે સાધનહીન ક્ષત્રિયને ખડો રાખનારી ચેતના તે વખતે ચારણે વાણી રૂપે પૂરી પાડી. એ વાણીનો વાહક પોતે પણ જો નેક ટેક ને ઇમાન વાળો ન હોત તો રાજપૂતો તેને ભાગ્યે જ પડઘો આપત. એનામા દેવત્વનુ આરોપણ ન થયું હોત તો પણ પડેલો ક્ષત્રિય ભાગ્યે જ એના નર્યા પ્રશસ્તિ–શબ્દો પર બેઠો થાત ચારણ પોતાની જીભના બુગીઆ ઢોલ પીટીને વેગળો રહ્યો હોત તો પણ કદાપિ

રાજકુળોના પુનરુત્થાનમાં ચારિત્ર્યગૌરવ

ક્ષત્રિય મર્યા મારવાનો તમન્ના–પ્યાલો પીવા તત્પર ન રહેત માટે જ ચારણ–કુળ અને ચારણી કવિતા આઠમી ને ચૌદમી સદી વચ્ચેના એના સુવર્ણ–કાળમાં રાજપૂત–કુળના ક્યારામાં જ રોપાયેલું, અને રાજપૂત–રુધિરને નીરે જ સિંચાયલું ફળ્યું હતું. એ દૂર ઊભેલો સાહિત્યકાર નહોતો. રાજપૂત–

જાતિના પત્નીઓ સાથે ।। ભલા ૬ અધારામા વાણ્યુ પણ ઓરાયેા હતો, ૬ નનની ૬૬૮ ૬ારમી નારતિ-તાનો મામનો ૬ંતો એ ક્ષત્રિયો સાથે ખભો મિનાવીને ખડેા હતો, ૬નિતા એ એના વ્યવહારને વ્યવસાય નહિ પણ એનો અલ્કાર હતો, સ્વભાવ હતો ૬નિતા એના મસ્તકમાથી નહિ પણ હૃત્યમાથી ઉછળતી જાપના શોણિતમાથી એટ્રાની નસેામા મિશ્યાતી, એ નપેરા શોણિતમા મચ્ય ની અને એની પુત્રીઓ, વહુઓ, [જનેતાઓ ગાજપૂતોની મન પુજનીય, જોગમાયા, દેવી અવતાર હતી મજબૂત બાપાના પ્રચડવેગી યુગેાના આઘાતો સામે બ્રાહ્મણોની પરંપરા સામે, ચલની સામે વાણ્યુ પેાતાની ટિંગળી નાખી સહુને દબી જ્યો તેનુ એક ૬ારણ એનુ ન્યાતિ બળ હતુ ।

પણ આ પ ૬ા એનો ઉદ્ધાર ૬ે હતો ? ચકમક પથ્થર ગેા ની જાપની ઓળખીએ છીએ ખરેખર ૬ે ૬ે વાણ્યુ સાથે ખાટ પણ હતા સંસ્કૃતમા તેઓ દુા બ કહેવાતા તેમને શિરે પણ નાગા ચે હાની ૬ન પ્રણાલિકા હતી તેઓ પણ દેવીના ભાળ બોલાતા ઉપરાત ખુ ક્ષત્રિય જ્ઞતીઓ ે ગજ્ઞતમા પણ વાણી આદિવાસી બેઠતા ૬ ત ભીમદેવના પૃથ્વીરાજ૬ ે ૬ે આ ૬-૬૬૫ દીપના ે જેણે ૬ામ ૬૬ે જ વાણ્યુ પ્રતાપની જ્ઞતી ૬ે ને ૬૬ કરી હતી

યુરોપનો 'ચારણ'

આ બધા પરથી ચારણ જાતિનું દિવ્યત્વ કંઈ સિદ્ધ થતું નથી, એની કુલપરંપરાનાં મૂળ પકડાતાં નથી. અનુમાન તો એક જ હોઈ શકે, કે એ પરંપરા કોઈ દેવકુલની નહિ પણ વ્યવસાયની અથવા તો કુલ-સંસ્કારની જ હતી: એ વ્યવસાય અને એ સંસ્કાર દાનવીર યુદ્ધવીરના સ્તુતિકાર તરીકેનો, ઇતિહાસકાર તરીકેનો, વિદ્યાવિલાસી તરીકેનો. વંશદૃષ્ટિએ તો આજનો ચારણ આર્યોની માફક કઈ પરદેશવાસી કોમનો પુત્ર હશે તે કહેવું કઠિન છે.

યુરોપની બિરદાઈ-પરંપરા

કારણ કે આપણા ચારણને અનુસરતી કવિ—સંસ્થા યુરોપાદિ દેશોમાં પણ મોજૂદ હતી. દાખલા તરીકે * The Scop નામની કવિ-પરંપરાનું બયાન વાંચીએ. *

The Scop, the fountain of Teutonic poetry, was a member of the comtatus, and like his companions a man of noble birth. It was his business to celebrate

* નીચે આવતાં અંગ્રેજી અવતરણો મેં મારી વર્ષોજૂની નોંધપોથીમાંથી લીધાં છે એ દરેકના મૂળનો નિર્દેશ કરવો રહી ગયો છે પણ હસ્તપ્રતના આગલા પૃષ્ઠ પર આઠેક પુસ્તકોનો ઉલ્લેખ છે (૧) Relics of Welsh Bards. (૨) Memoirs of Irish Bards (૩) Four ancient Books of Wales.

in song, the wealth, the valour the descent of his lord and in return for the satisfactory discharge of this duty he received from the latter presents of rings bracelets and lands

'રૅલ્ફ એ ફ્યુગનીક કવિતાનો મૂળ ગ્રંથ હતો અને કુલીન હતો એનો ધર્મ પોતાના ધણીની સમૃદ્ધિને, પરાક્રમને તેમજ વંશાવળીને કાવ્યકીર્તિત કરવાનો હતો, કે જેના બદલામાં ધણી પાસેથી એને ચેઢવીંટીઓ કડાં તેમજ જમીન ઇનામમાં મળતાં'

આપણા ચારણને પણ 'સાખપસાવ' નામની જે મોટી ભેટ મળતી તેમાં આભૂષણો, ઘોડીઓ તેમજ જમીનનો સમાવેશ થતો મોટા રાજપૂતો પોતાના દરબારી (આસ્થાન કવિ)ને પગમાં હેમ નાખતા એટલે કે હેમનો તોડો પહેરાવતા

Gleeman નામની કવિ-પરંપરાની પિછાન પણ એજ પ્રકારની છે—

'Thus wandering go with their lays over many lands the gleemen of men Their wants they express their words of thanks they utter always south & north they find one knowing in songs liberal to gifts who desire to exalt his greatness, to show his dignity, in the presence of his nobles until all vanishes, life and life together He who works praise has under heaven endaring glory'

હિલોજન દોસ્તી

આપણો ચારણ પોતાના સ્વામીનો આશ્રિત જ માત્ર નહોતો પણ ઇંગ્લાન્ડના દોસ્ત-અરે પ્રેમિક જેવો —બની જતો અને વિપત્તિ પડેલા કે મુશ્કેલ માનિકને માટે કાવ્ય દ્વારા ઝૂરતો તેના વિલાપ પ્રસંગો છે જ તરી

જાલણસી નામના ચારણે પોતાને પરરાજ્યમા મોકલનાર પોતાના દૂરવાસી કચ્છના સ્વામી રા' દેશળનો વિયોગ દરિયામાં બેઠાં બેઠાં ઝૂરતે ઝૂરતે ગાયો છે–

" કોયલ સરવે સાદ્ડે, માઝમ રાત મ ઝૂર;
" તુંથી આંબા ઢૂકડા, મુંથી દેસળ દૂર."

બીજા એવાજ કિસ્સા આ વ્યાખ્યાનમાં આગળ ઉપર આપીશ. આવો જ મૈત્રીભાવ આ યુરોપી scop ના હૈયાને હલાવતો હતો–

'Sometimes death or the fortune of war dispersed the comtatus, and one of the most beatiful and pathetic passages in Anglo-Saxon poetry describes the feelings of the Scop as he recalls in exile the joyous company of former days–

'When sorrow and sleep often together bind the poor solitary one, then in his mind, it seems to him that he embraces and kisses his lord and lays on his knee his hands and his head, as when erstwhile in days of old he enjoyed his gifts, then wakes once more the friendless man and, sees before him the fallow paths, the sea-fowl dipping and spreading their wings, rime and snow falling mingled with hail: then grow heavier the words of his heart, painful after dreaming, and sorrow is renewed.'

'સંગ્રામોમા રાન રાન અને પાન પાન બની ગયેલા અથવા તો મૃત્યુ-બોળે પોઢેલા માલિકનું, સ્કૉપને પોતાના દેશવટાના દિનોમાં સ્વપ્ન આવે છે. શોકમાં ઢળી પડેલા બોપચાં હેઠળ, તંદ્રાવશ એ એકાકી પ્રાણ એવું અનુભવે છે કે પોતે જાણે સ્વામીને ભેટી અને ચૂમી

રહેલ છે, પોતે જાણે એને ધુંટણે હાથ અને મસ્તક મૂકે છે, (એના દાન લેતી વેળા જેમ કરતો તે રીતે) અને પછી જાગી જતા તો એ બધુંયે જાનની પોતાની સામે ઉજ્જડ સીમ, અને સમુદમાં ડુબાડી દઈ પાછો પસાર્યા જળપંખીડા જુએ છે, મરદ અને કુંગ વસે છે એટલે દેવું વધુ ઉદાસ બને છે, તડકા પડી જાય્યો વધુ ખટકે છે'

વાયા ગોટ્રિમા નામના પોતાના આશ્રયદાતા-મિત્રના મૃત્યુ પાછળ યુરોપે આપણો રાજસ્થાની ચારણ જુઓ, જેનું કથાઓ એક વાર કાનમાંથી ગોકલી લાગશે (આ કથા આગળ આવે છે)

યુરોપની બીજી ચારણ—પરંપરા 'Scalds' નામે પ્રસિદ્ધ વિખ્યાત છે 'સ્કાલ્ડ' એટલે 'Smoothers and polishers of language' ભાષાને ઘડી અને ઘાટીલી બનાવનારા કવિ પીઓ એ પણ દંતકથાની પૂર્વજોના ગાયકો હતા પુરાતન Bardsના એ સાચા વારસ દરો હતા પ્રજાનીય ગણાતા તેમની વાણીપ્રભુતાને પણ તેઓ પોતાના દેવોના જનક 'ઓડીન' અથવા 'વોડન'ના વારસારૂપ ગણતા એમની ચાતુરી પણ દિવ્ય ગણાતી, તેમના હેક પવિત્ર મનાતા, તેમની કૃપાને રાજાઓ યાચતા અને તેમને પારિતોષિકો આપતા'

ચારણોનો કાવ્યશિલ્પમાં

રાજપુતાનિ મા પણ આ યુરોપી 'ચારણ' પ્રભુનિત ગણાતો હોઇ, રાજાઓ પણ ચારણને વેરો ત્યા પ્રવેશતા એના આપણી તવારીખને ત્યા મળતા કિસ્સા પણ છે કોન્નીન નામના સેક્સન રાજાને બીજાઓએ યોદ્ધના વિવાદમા કેદ કરેન કોન્નીનના ભાઇ બાલ્ડ્ફ (Baldulph) માથુ મુંડાવી, દાઢી ઓડાવી, ચારણના વેશ પહેરી, વાજીંત્ર લઇ દુશ્મનની છાવણીમા ગયો ગાતો ગાતો જાય્યો, છેક રાજાના કોટ સુધી પહોચી શકયો, ઉપર ચડ્યો

રાજા આલ્ફ્રેડ પણ એજ પ્રમાણે ડેનીશ સૈન્યની સાચી પરિસ્થિતિ જાણવા માટે ચારણવેશે ગયેલો, અને પોતાની સેક્સન ભાષામાં જ ગીતો ગાયાં છતાં છેક રાજાના ખાણાના મેજ સુધી પોતે જઈ શકેલો. એ કથા ઇ. સ. ૮૭૮ ની છે. ૬૦ વર્ષ પછી ડેનીશ રાજાએ પણ બ્રીટીશ રાજા Athestan ની છાવણીમાં ચારણવેશે પ્રવેશ કરેલો.

સ્વામીની શોધમાં

ચારણી કવિતાના ઉગ્ર આશક અને આશ્રયદાતા રાજા રીચર્ડ પહેલાને તો એક ચારણ કેદમાથી પણ છોડાવી લાવેલો. એચારણનું નામ Blondell De Nesle. એ કેવો ઝૂરતો હતો !–

'Being so long without the sight of his Lord, his life seemed wearisome to him and he became confronted with melancholy.'

શોધમાં નીકળેલો બ્લેન્ડેલ પોતાના રાજાને જ્યાં પૂર્યો હતો તે કિલ્લા પાસે પહોંચ્યો. પછી બારી સામે બેસીને એણે એક ફ્રાન્સી ભાષાનું ગીત લલકાર્યું–આ ગીત પોતે તેમજ મિત્રરાજવીએ જોડે રચેલું–એનું અંગ્રેજી ભાષાન્તર આવું છે.

Your beauty, Lady fair,
None views without delight;
But still so cold an air
No passion could excite.
Yet this I patient see
While all are shunned like me–

એટલું એણે ગાતાં તો સામેના કેદખાનામાંથી કેદી રાજાએ ઉત્તરાર્ધ ઉપાડ્યું—

No nymph my heart can wound,
If favour she divide,
And smiles on all around
Unwilling to decide.
I'd rather hatred bear
Than love with others share

એ રીતે આ રાજા એ લિસ્બામા ૈદ થયેલો પખાયો હતો એવો જ બીજો પ્રસગ છે એક અમીરની કુમારિકાને એના સગા નોર્મંડી લઈ ગયેલા અને ત્યા છુપાવી રાખી હતી ટાલ્બટ (Talbot) કુટુબના એક અમીર આર્થુરને જઈને એને ત્યાથી પાછી આણી હતી

શત્રુ-પક્ષમા પડેલાને માટે આર્થુરને ગમતીલાઓ હતો તેનુ દાખ્યુ ત્યા યુરોપમા પણ આર્થુની કુખપર પગ પવિત્ર ગણાતો તેમ તો

૧૨૫૨ ની સાલમા તો રાજા હેનરી ત્રીજાએ આર્થુને magister અથવા master નો ઈલકાબ આપ્યો

પછી પ્રીસ્તી ધર્મની આણ વર્તી, આશ્રયદાતાઓનુ ધર્મપરિવર્તન થયુ, કવિ-કલ્પનાએ સર્વ જનોને મુગ્ધ બન્યો, યુરોપી આર્થુ રહેતે રહેતે પ બારૂ બનીને વાણી એટીઝ મેધના સમયમા તો છેક અધોગતિને પામ્યો ભટકતા આર્થુને લેન્સ, રમ્બુ, બામ્બટા અને બિબુકોની જમાતનો આખી જગાને પાન ઠાવતો કાર્યક્રમ થો તેણે આર્થુના ધધાને ખતમ કરી નાખ્યો (અહીં જેમ એને 'કુશીનર' હતો તેમ)

યુરોપી આર્થુ-પક્ષ પરાભવ પામ્યો પરતુ નજરે નથી પડતી તેમના 'ધ ખ્યાં,' તેમની બી અને એ બીજોનુ કારમુ દેવી-તત્વ ત્યા એ જોમવાળાઓ નથી, વરદાન કે શાપ દેનારીઓ નથી, રતનો રાપનારીઓ કે હતો

એંચી ગળે વીટાળનારીઓ નથી, નાગબાઇઓ કે કાગબાઇઓ કે જનબાઇઓ નથી. એને બાદ દઇએ, તો શું એ ચારણ-પરંપરાનાં પુરાતન મૂળ આપણી ચારણ-પરંપરાનાં મૂળ સાથે ઇતિહાસમાં કોઈ યુગમા મળતાં હશે? શું એઉ એક જ આદિવૃક્ષની શાખાઓ હશે? કે કેવળ કુલાભિમાની અને લડાયક એવી ટકરાત-પરંપરાના વિશ્વસામાન્ય પ્રકારોને ખોળે પેદા થયેલી સમાન પ્રકારની, પણ એકબીજીથી સ્વતંત્ર, એવી બે પરંપરાઓ હશે?

નારીતત્ત્વ નથી.

ઇતિહાસમાંથી એની શોધ ન થાય ત્યા સુધીને માટે, આપણા આજના ઉદ્દેશ પૂરતી તો આપણે એને સંસ્કાર-પરંપરા જ ગણીએ એ ઠીક છે. વંશદૃષ્ટિએ ચારણ કોઇ એક નિરાળું અને દિવ્યાંશી એવું વેદવારાથી સિલસિલાબંધ પેઢી દર પેઢી ચાલ્યું આવતું માનવ કુલ હો વા ન હો, વાણીદૃષ્ટિએ તો એ અનોખી પરંપરા છે જ છે—અનોખી તેમજ પુરાતન.

ચારણવાણી અને પ્રાકૃત

વેદ, પુરાણ તેમજ રામાયણ મહાભારતના કાળમાં જે ચારણ હતો તેણે કરેલા સ્તુતિગાન આપણી પાસે શબ્દદેહે નથી પ્રાકૃતના સમય સુધીનું નિરિંધણ ચારણ સર્જન આપણી ભાળમાં મળે છે દાખલા તરીકે પૃથ્વીરાજ રાસો

મુનિશ્રી જિનવિજયજીએ પોતાના સંપાદિત પૃથ્વીરાજ પ્રબંધસંગ્રહના પ્રવેશકમાં (પાના ૮–૯) લખ્યું છે કે 'આ સંગ્રહમાંના પૃથ્વીરાજ અને જયચંદ વિષયક પ્રબંધો પરથી આપણને પ્રાકૃતમાં બનાવ્યા મળે છે કે ચંદ કવિએ રચેલ પૃથ્વીરાજ-રાસો. પૃથ્વીરાજ રાસો નામનો હિન્દીનો મુખ્યપ્રસિદ્ધ કર્તૃત્વ વિશે કેટલાક પુરાતત્વવિદ્ વિદ્વાનોનો એવો જે મત છે કે 'આ મહાકાવ્યના ગ્રંથ તો ગદ્યમાં ગાથાઓ છે અને જુગની સદીની આસપાસમાં રચાયો છે તે મત સર્વથા સત્ય નથી આ સંગ્રહના મળતા પ્રબંધોમાં ૬–૪ જે પ્રાકૃત-ગાથાના પદ્યો (પૃષ્ઠ ૮૬, ૮૮, અને ૯૮, ૫૨) દાખલ થયેલ છે, તેનો પણ એ મતલબ થાય છે કે અને આ ગાથા કુલોમાંથી કંઈ કુલ, જેમાં વિક્રમ ૧૨ મા પણ ૧૩ મા સૈકામાં જે ચાલતી ગયા છે એથી આટલું પુરવા થાય છે કે ચંદ કવિ ચૌદમાપણે સૈકે ઐતિહા

સિદ્ધ પુરુષ હતો, દિલ્લીશ્વર હિન્દુ સમ્રાટ પૃથ્વીરાજનો સમકાલીન અને સન્માનિત રાજકવિ હતો, એણે પૃથ્વીરાજના કીર્તિકલાપનું વર્ણન કરવા માટે દેશ્ય પ્રાકૃત ભાષામાં એક કાવ્યની રચના કરી હતી કે જે પૃથ્વીરાજ રાસોના નામથી પ્રસિદ્ધ થઈ હતી.' એમ કહીને પોતે મૂળ સંસ્કૃત પ્રબંધોમા અવતરણ રૂપે સાંપડેલી ત્રણ દુહા આપે છે, અને તેની સાથે શબ્દશઃ મળતી ત્રણ દુહા ચારણી રાસોમાંથી આપે છે.

इक्कु वाणु पहुवीसु जु पइं कइमंसहु मुक्कओ,
उर भितरि खडहडिउ धीर कक्खंतरि चुक्कउ।
वीअं करि संधीउं भंमइ सूएसरनंदण!,
एहु सु गडि दाहिमओं खणइ खुद्दइ सइंभरिवणु।
फुड छंडि न जाइ इहु लुब्भिउ वारउ पलकउ खल गुलइ।
नं जाणउं चंदवलद्दिउ कि न वि छुट्टइ इह फलह॥
(प्रबंधमांथी) —पृष्ठ, ८६, पद्यांक (२७५).

एक वान पहुमी नरेश कैमासह मुक्यौ।
उर उप्पर थरहर्यौ वीर कप्पंतर चुक्यौ॥
बियौ वान सधान हन्यो सोमेसर नदन।
गाढौ करि निग्रह्यौ पनिव गज्यौ संभरि धन॥
थल छोरि न जाइ अभागरौ गाज्यौ रुन गहि अग्गरौ।
इम जपे चदवरद्दिया कहा निघट्टे इय प्रत्तौ॥
(पृथ्वीराज–रासोमांथी) —रासो, पृष्ठ १४६६, पद्य २३६.

अगहु म गहि दाहिमओं रिपुरायखयंकरु,
कूडु मंतु मम ठवओ एहु जंवूय (प?) मिलि जग्गरु।
सह नामा सिक्खवउं जइ सिक्खविउं बुज्झइं,
जपइ चंदवलिहु मज्झ परमक्खर सुज्झइ।

पट्ठ पहुविराय सइमरिउणो सयमरि सउणए समरिसि,
करवास विलास विमट्टविणु मच्छिवधिसद्धओ मरिसि ॥
(भ०ध०भा०) —पृष्ठ एक, पद्यांक (१७६)

अगह मगह दाहिणी देस रिसुराइ पयडउ ।
धूमण जिम करौ मिल्हे अपू वे जगउ ॥
णो सहामा सुनौ एह परमाण्य मुणेण ॥
अप्पे जइ जिह्व विलौ कोइ एह म मुणेण ॥
अविणाभ सुनवि समरि धणी एह कमलि समारि सिस ।
कैमाग अलिट्ठ कपाठ पिव म्लेच्छ वध वध्यौ मरिस ॥
(पृ०वी० रा०-रासोभा०) —रासो, पृष्ठ २१८२, पद ४७६

सिणि सप्त सुवार मवन पायलीअइ अनु हय,
चउदलय मयमत्त दंति गजवति महामय ।
धीमरकप्प पायक्क मवन फावज्ज धनुद्धर,
रहमद्द अन वनु पाय सय पु जाणइ ताह पर ।
एतीमत्थ नवणिवइ सिरिविजयहिल्ला हा किम गयउ,
जाइज्ज म जाणइ अनुदहगयउ दि मुइ दि धरि गयउ ॥
(भ०ध०भा०) —पृष्ठ ८८, पद्यांक (१८७)

अनिय मन्त्र सामर गयउ पन्दर गावहन ।
दहम हस्ति अवगंठि स्वय रुपवन महादम ॥
पय कं पंडर पदर मुरा पाय धनुद्धर ।
पुर मुरा का पाय रथ रुवा मद्दवन ॥
दहीय गहण रम रन्दर्ह सिंहा सिन्धा एणी सिनी ।
विंदर एह कंदन्द वंदि गांदि मुद्धि क पय सिनी ॥
(पृ०वी० रा०-रासो भा०) —रासो, पृष्ठ ४४१, पद २१६

આમ વર્તમાન પૃથ્વીરાજ-રાસાનો મહદંશ ભલે બનાવટી હો, મૂળ પૃથ્વીરાજ રાસો ચંદ બારોટે દેશ્ય પ્રાકૃતમાં રચ્યો એ સત્ય છે, અને એ મૂળ ચારણી વાણી ઉત્તરોત્તર ડિંગળમા પરિવર્તન પામતી ગઈ તે પણ સ્પષ્ટ છે.

અપભ્રંશકાળમાં તો ચારણી કવનો દક્ષનરી દસ્તાવેજી સ્વરૂપે મોજૂદ હતાં એમ પ્રબંધકારોનો આધાર લઈ કહી શકાય. ને અપભ્રંશકાળ, જૂની રાજસ્થાનીનો કાળ, જૂની ગુજરાતીનો કાળ, અને છેવટનો મધ્યયુગી તેમજ આધુનિક કાળ, એ સર્વ તબક્કાઓમાં અવિરતપણે ચારણ-વાણી વધતે ઓછે અંશે એકજ સ્વરૂપે સાહિત્ય રચનાઓમાં ચાલુ રહી છે. કાળનાં પરિવર્તનો એને નડ્યાં નથી ઉપરાંત સમગ્ર પશ્ચિમ હિંદુસ્તાન પર એ વાણી એકજ સ્વરૂપે પથરાઈ વળેલી રહી છે. સ્થાનભેદ એની એકતાની આડે આવ્યા નથી આજે પણ રાજપૂતાનાના કોઈ એક ગામડામા બેઠેલો ચારણ અને સૌરાષ્ટ્રના કોઈ સ્થળે બેઠેલો ચારણ, જે કાંઈ જૂનું ગાય છે અને નવું રચે છે તે લગભગ એકજ વાણીમાં

સોરઠ ચારણનું પિયર

સમસ્ત રાજસ્થાન, સિંધ કચ્છ અને સૌરાષ્ટ્ર પર પથરાઈ પડેલી આ મહાન જાતિ સોરઠને 'ચારણ રો પિયર' પોતાના પિયર નામે પિછાને છે. એનું કારણ શું હશે? શું તેઓનાં પરિભ્રમણ-પથનું પ્રથમ વિશ્રામધામ સોરઠ હતું તેથી? કે શું રાજસ્થાનના રાજવીએ ગુજારેલ 'ધરણા' વાળા અત્યાચાર પછી તેઓએ સોરઠનું શરણ લીધું એટલે? એ જે હો તે હો, 'ઈસરા પરમેસરા'ના બિરદધારી મારવાડના ખસર બારોટ ઈત્યાદિએ સોરઠી રાજકુલોને દ્વારે પોતાનું મહિમાવંતું સ્થાન મેળવ્યું, તે દિવસોથી લઈ આજ સુધી ચારણ અને

તેના સાહિત્યની મહાન પરંપરા સૌરાષ્ટ્ર અને રાજસ્થાનની વચ્ચે બંધાઈ ગઈ છે આમ જનતિને હિસાબે નહિ પણ સાહિત્યને હિસાબે સૌરાષ્ટ્ર-ગુજરાત-રાજસ્થાન એવો જ મરિતાનો જૂનવા આરા બન્યા છે એ સાહિત્યનીર એમાંથી આરે અખંડ પ્રવાહે આવતા રહ્યા છે એની એકનીરતાને ઉપકારક એવું એ સમસ્ત સાહિત્યનું જે વાણી વાહન છે—તેને 'ડિંગળ' કહેવામા આવે છે તેમા જે ભેદ પડે છે તે શુદ્ધ સંસ્કારને છે રાજસ્થાની ડિંગળ ઉપર સૌરાષ્ટ્રની વિશિષ્ટ બોલીઓની અસર પડી સૌરાષ્ટ્ર તો અનેક પરિબ્રમણશીલ કુળો, વરૂ અને પશુપાલ જાતિઓની મિલનભોમ કહેવાય એ જે ડિંગળ, તે ચારણો—વાણીઓએ તેથી જ કરીને અહીં આવી સિંધી, કચ્છી પ્રભાદિ બોલીના રંગો ઘર્યા આડા ત્રણ દિશાએ ફરતી સાગરપાળને કારણે સૌરાષ્ટ્રમા ઊતરી આવનાર અને વિધ લોકોની બોલીઓના પૂટ ઉપર પૂટ ચડ્યા, એટલે મૂળ રાજસ્થાની ડિંગળ ઉપર પાતળું પડ્યું, કાઠિયા બોલીનું બન્યું, કાઈક નિરાળું નિજત્વ પણ પામ્યું ઉદાહરણ તો આગળ આવશે

ડિંગળ એટલે શું ?

'ડિંગળ' એ શબ્દ સાંભળતાં જ કેક વિદ્વાનોનાં ભવાં ચડે છે. ડિંગળ જેવી કોઈ વાણી હોઈ શકે ખરી?

ડિંગળની હાંસી ડિંગળ તો ઝડમઝીઆ ચારણી જોડકણાંની કૃત્રિમ એક કુકાવ્ય-રીતિ છે, વગેરે વગેરે વિશેષણો વપરાય છે. એક બાજુ જુઓ તો ભાવનગરમાં સાહિત્ય પરિષદનું અધિવેશન થયું અને એક ચારણને મુખેથી—

'ઘણ રત પટ ફરર ધરર પટ ધૂવર
'રંગભર સુદર શ્યામ રમે
'જય રંગભર સુંદર શ્યામ રમે'

એવા ચારણ સાધુના રચ્યા છંદ-ઘોષ ગડૂડ્યા અને સાક્ષરો સુહ્યાં ચિત્રામણમાં આલેખાઈ ગયા, તે રાતથી માંડી આજ વીસેક વર્ષોના વચગાળામાં ગુજરાતને ગામે નગરે રડ્યાખડ્યા ચારણોના પ્રમત્ત કંઠમાંથી પડતા કાવ્ય-ઘોષ શ્રોતાસમૂહને પ્લાવિત કરી મૂકતા જોવાય છે, અને શબ્દાર્થે અગમ છતાં એ વાણી એના નાદ દ્વારાજ મૂર્તિઓ ખડી કરી રહી છે, ત્યારે બીજી બાજુ કાગળ પર છપાતી એની એજ ચારણ-વાણી કૃત્રિમ અને અર્થહીન શબ્દરચના તરીકે દૃષ્ટાઇ રહી છે. વ્યાકરણના નિયમો એની સામે હસે છે, અલંકારનું શાસ્ત્ર એની વિડમ્બના કરે છે, સુપ્રમાણુતાની સાન એનાથી અળગી ભાગે છે. આ ડિંગળ શું છે ?

એક વર્ગ કહે છે કે ચારણની એ વાણીમા અપૂર્તિપણું વધુનો અર્થાત ડિંગેડિંગ આવે છે માટે એ ડિંગળ કહેવાય છે તો બીજો વર્ગ બોલે છે કે નહિ, 'ડિંગા' શબ્દનો અર્થ રાજસ્થાનમા 'ગોચો' એવો થાય છે અને એમા પ્રયોજેલ શબ્દો ઉચ્ચ સ્વરની ઉચ્ચરિતા હોવાને કારણે એવાની ડિંગળ કહેવાય છે

ડિંગળની વ્યાખ્યાઓ

રાજસ્થાનના એક પારંગત ચારણ વિદ્વાનને મતે ડિંગળ એ ડિંગ ધાતુ પરથી આવેલ છે, પણ 'ગળ' નામનો કોઈ સંસ્કૃત મૂલ્ય એમના ધ્યાનમા નથી તો બીજા વિદ્વાન બોલે છે કે ડિંગળ આદિ શબ્દોની વ્યુત્પત્તિ સંસ્કૃતમાંથી શોધવાની આ આ તજવીજ પૂરી છે જો કોઈ શબ્દનો સંબંધ સંસ્કૃતના કોઈ શબ્દ સાથે નથી બેસતો તો આપણે કલ્પના કરીને એવો સંબંધ બેસાડવાની કોશિશ કરીએ છીએ જેમ કે દાગ (ડાઘ) જેવા અસંસ્કૃત શબ્દ પરથી દાગદાર (ડાઘાવાળું) એવું રૂપ બનાવ્યું છે તે જ રીતે 'ડિંગ' પરથી 'ડિંગળ' થયું હશે જેમ દાગ એ સંસ્કૃત શબ્દ નથી તેમ 'ડિંગ'ને પણ સંસ્કૃત મૂળ હોવાની જરૂર નથી (૫ મોતીલાલ મેનારિયા એમ એ C યુનિ)

કોઈ કોશકારના મતાનુસાર ડિંગળ શબ્દનો અસલ અર્થ 'અનિયમિત' અથવા 'અમાર' (આમ્ય) થાય છે વ્રજભાષા વિશુદ્ધ અને સાહિત્યશાસ્ત્રના નિયમાનુસાર કામ કરતી હતી તેનાથી વિરુદ્ધ ડિંગળ આ બાબતમા અનિયમિત હતી તેવા કારણથી એનું એવું નામ પડ્યું

કોઈ કહે પ્રમાણે ગાઝીનું કથન છે કે વજમા આ ભાષાનું નામ 'ડમરુ' હતું પરંતુ પછી ડિંગળ શબ્દની સાથે પ્રાસ મેળવવા ખાતર ડમરુનું ડિંગળ બની શકે

શ્રી ગરીબદાસ ઓઝા નામના રાજસ્થાની વિદ્વાનને મતે કે અક્ષર

ડિંગળ સાહિત્યમાં વધુ વાર વપરાતો હોવાને કારણે એ 'ડ' ના પ્રાધાન્ય તેમજ બાહુલ્યની દૃષ્ટિએજ પિંગળ સાથેના સામ્યને ખાતર એ ભાષાનું નામ 'ડિંગળ' પડ્યું. એ કહે છે કે બિહારી જેમ લક્કાર-પ્રધાન ભાષા છે તેમ ડિંગળ ડકાર-પ્રધાન વાણી છે.

શ્રી પુરુષોતમદાસ સ્વામી નામના વિદ્વાનના મતે ડિમ (ડમરૂ) અને ગળ (ગળું) એ બે શબ્દોનો બનેલ ડિંગળ શબ્દ છે જેમાં ગળું ડમરૂ જેવું ગાજે છે અને ડમરૂની માફક વીરરસોલ્લાસક ઘોષ કરે છે તેવી ગળામાંથી નીકળતી ભાષા તે 'ડિંગળ'. ડિંગળ ભાષામાં આવી ડમરૂ-ઘોષવાળી ઉત્સાહવર્ધક, રોમાંચક, વીરરસોત્તેજક કવિતાની પ્રચુરતા છે એટલે એ ડિંગળ નામે પ્રસિદ્ધિ પામી.

રાજસ્થાનમાં એક એવો પણ પ્રસિદ્ધ મત છે કે ડિંગળની મૂળ વ્યુત્પત્તિ ડિંભ + ગળ એમ છે. ડિંભ એટલે બાળક, અને ગળ એટલે ગળું=ડિંભગળ (જે પાછળથી ડિંગળ બની ગયો.) અર્થાત બાળકની વાણી પ્રાકૃત જેમ બાળભાષા કહેવાય છે તેજ પ્રકારે રાજસ્થાનની આ ત્રિગુણમયી કાવ્યભાષા ડિંગળ કહેવાઈ

શ્રી શુભકરણ બારીદાનજી કવિયા એમ. એ. એલ એલ બી (બાસની મારવાડ) કહે છે કે 'અપભ્રંશ-કાળ પછીની રાજસ્થાની લોકભાષા ડિંગલ ભાષા જ રહી છે પુરાણી હિન્દી સાથે બહુજ મળતી એ ડિંગળની ઉત્પત્તિ જ અપભ્રંશમાંથી છે. મારે મતે ડિંગલ ભાષાનું ડિંગલ એવું નામ, એ જે પ્રદેશમાં પ્રવર્તમાન હતી તે પ્રદેશના નામ પરથી નહિ પણ એની તેમજ એની કવિતાની ઉચ્ચારણશૈલી પરથી પડ્યું છે. વીરરસપ્રધાન હોવાને કારણે ડિંગલ કાવ્ય ઉચ્ચ સ્વરે લલકારાય છે. મારા મત પ્રમાણે ડિંગલ શબ્દની વ્યુત્પત્તિ 'ડીङ्ग विहायसा गतौ' પરથી છે, અર્થાત ઉચ્ચ સ્વરે બોલાતી ભાષા.' (ચારણ ત્રૈમાસિકઃ વર્ષ ૨ અંક ૧)

અનુમાનો અને કલ્પનાઓ પર અવલંબેલા આ તમામ મતોને દૂર મૂકીને એટલું જ કહેવું ગનીમત થશે કે મૂળ જે પશ્ચિમી હિન્દુસ્તાની રાજસ્થાની ભાષા, તેને જ અમુક પરિસ્થિતિઓની પ્રેરણાથી અમુક વિશિષ્ટ અંગેડો મળ્યા છે, એટલે કે ડિંગળ એ કાંઈ જુદી ભાષા કે બોલી નથી પણ એક ચોક્કસ જડાવાળી શૈલી—બાની છે કાવ્યનિરૂપણ-પદ્ધતિ છે ભાષા તરીકે તો એ તદ્દન પ્રાચીન રાજસ્થાની જ હતી, તે વાત વિશે બંનેમાંના મૂળ પશ્ચિમી રાજસ્થાનીના જ બીજા મૂળ તપાસીઓ

અપભ્રંશની જ્યેષ્ઠ પુત્રી

'પ્રાકૃત અપભ્રંશ ભાષાની જ્યેષ્ઠ બેટી' ગણાતી આ પ્રાચીન રાજસ્થાનીને વિષે જાણીતા રાજસ્થાની અંગ્રેજીજ્ઞ અને પંડિત શ્રી નરોત્તમદાસ સ્વામી એમ એ (સિંધની પંચાણી કૉલેજના પ્રાધ્યાપક) કહે છે કે—

'રાજસ્થાની ઉક્ત ભાષાની વર્તમાન ઐતિહાસિકોમાં સૌથી પ્રાચીન છે એ અપભ્રંશની જ્યેષ્ઠ પુત્રી છે અપભ્રંશકાળમાં સાહિત્યિક દ્વિધારીતનું કેન્દ્ર મુખ્યત્વે પશ્ચિમ ભારત જ હતું અપભ્રંશના અધિકાંશ સાહિત્યની રચના આજ પ્રદેશમાં થઈ એ કારણે આજની અપભ્રંશ ભાષા સમસ્ત દેશની સાહિત્યિક ભાષા હતી એ કાળે અપભ્રંશના ભિન્ન ભિન્ન બોલી-સ્વરૂપો બોલનારાણી પ્રજાઓની સાહિત્યિક ભાષા જ પશ્ચિમી અપભ્રંશ હતી એમ કહ્યું એ કાંઈ આ પક્ષ હતું વૈષ્ણવધર્મી વિદ્વાનો પોતાની સંસ્કૃત ભાષામાં જ મગ્ન હતા,—એમની તમામ સાહિત્ય રચના સંસ્કૃતમાં જ થતી હતી,—જનતાની બોલચાલની ભાષામાં સાહિત્ય રચના કરવાની એમણે કદી પરવાજ ન કરી એ તરફ ધ્યાન દેનારાઓ મુખ્યત્વે જૈન વિદ્વાનો જ હતા, જે જૈનોનું પ્રભુત્વ વિશેષે કરીને પશ્ચિમ ભારતવર્ષમાં જ હતું.

'અપભ્રંશનો વિકાસ વિક્રમની પ્રારંભિક સદીઓમાં થયો. × × × શરૂમાં લગભગ સમસ્ત ભારતવર્ષમાં એક જ ભાષા સાધારણ પ્રાંતીય ભેદો સાથે બોલાતી હતી પણ હર્ષવર્ધનની પછી સમસ્ત ભારતવર્ષની રાજનૈતિક એકતા છિન્નભિન્ન થઈ ગઈ, દેશ નાના નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયો, આંતરપ્રાંતીય આવાગમન ધીરે ધીરે ઓછું થતું ચાલ્યું, પરિણામે આંતર-સંબંધ તૂટતો ગયો. એટલે જ બોલચાલની ભાષાઓમાં પ્રાંત-ભેદો પડ્યા. ધીમે ધીમે એ ભેદ મજબૂત બનતાં વર્તમાન દેશભાષાઓનો આરંભ થયો.

'આ રીતની અપભ્રંશને આપણે બે ભાગમાં વહેંચી શકીએ (૧) પૂર્વકાલીન અપભ્રંશ અને (૨) ઉત્તરકાલીન અપભ્રંશ.

ઉત્તરકાલીન અપભ્રંશ

આ ઉત્તરકાલીન અપભ્રંશને વિદ્વાનોએ પુરાણી હિન્દી, જૂની ગુજરાતી, અને પુરાણી રાજસ્થાની એવાં નામ આપેલ છે. આ નામ પ્રાંતીય વૈમનસ્યને કારણે ઊભાં થયાં છે. માટે મારી સમજ પ્રમાણે તો આ ભાષાને આવું કોઈ પણ નામ ન દેતાં એને 'લોકભાષા અથવા ઉત્તરકાલીન અપભ્રંશ ભાષા' કહીને જ ઓળખાવવી એ બહેતર છે.

'આ ઉત્તરકાલીન અપભ્રંશનું વિકસિત સ્વરૂપ જુની રાજસ્થાની છે. તેનું ક્ષેત્ર ગુજરાતથી લઈ પ્રયાગ મંડળ સુધી પહોળું હતું. બોલચાલની ભાષામાં ધીરે ધીરે ભિન્નતા વધતી ગઈ, પણ સાહિત્યની ભાષા તો બહુ કાળ સુધી આ પ્રાચીન રાજસ્થાની જ રહી, જેમાંથી જ વ્રજભાષા, ગુજરાતી તેમજ આધુનિક રાજસ્થાની ભાષાનો વિકાસ થયો છે પંજાબી તેમ જ ખડી બોલીના નિર્માણમાં પણ આનો જ મુખ્ય ફાળો છે.

'આવી રાજસ્થાનીના એક સાહિત્ય-સ્વરૂપનું નામ ડિંગળ કેટલાક વિદ્વાનો એને ચારણ-ભાટોએ ઘડી કાઢેલી કૃત્રિમ ભાષા કહે છે તે કથન ભ્રાંતિપૂર્ણ છે ડિંગળ એક પ્રાચીન કાવ્યભાષા છે કે જે બોલચાલની ભાષાથી શરૂઆતમાં જુદી નહોતી પણ ઉત્તર-અપભ્રંશ કાળ આદિ જ્યારે રાજસ્થાનીનો સ્વતંત્ર વિકાસ થવા લાગ્યો ત્યારે 'કરજ્જ,' 'ઠમ્મ,' આદિ શબ્દો બોલચાલની રાજસ્થાનીમાં 'કાજ કામ' વગેરે બની ગયા, પણ કરજ્જ અને ઠમ્મ વગેરે પ્રયોગોની કવિતાની ભાષામાં તો બોલચાલની રહી ડિંગળ કવિતા મુખ્યત્વે વીરરસાત્મક છે દ્વિત્ત અને સંયુક્ત વર્ણોવાળા શબ્દોના પ્રયોગ વડે વીરરસોપયોગી ઓજસ્ ગુણની અભિવ્યક્તિમાં મોટી મદદ મળે છે એ કારણે એનું ડિંગળ કવિતામાં મહત્ત્વ સ્વાભાવિક જ બોલચાલની રાજસ્થાનીમાં પણ કાવ્યરચના થતી, એમાંથી એવા શબ્દોનો પ્રયોગ ધીરે ધીરે ઓછો થતો ગયો પણ વીરરસાત્મક ડિંગળ કવિતામાં એના ઉપયોગની પ્રવૃત્તિ ઉત્તરોત્તર વધતી ગઈ, તે એટલે સુધી કે પછી તો શબ્દોને દ્વિત્ત અને સંયુક્ત વર્ણવાળા બનાવી લેવા માટે ભાષાશુદ્ધિને એની કપાલ ક્રિયા થવા લાગી ઉપલક્ષ અનાવશ્યક અનુસ્વારો પણ ઉમેરાવા એ પ્રકારે ધીરેધીરે બોલચાલની રાજસ્થાનીથી એ દૂર પડતી ગઈ

'પણ દ્વિત્ત અને સંયુક્ત વર્ણો તેમજ અનાવશ્યક અનુસ્વારો એ બધાના પ્રચુર કૃત્રિમ પ્રયોગોથી કૃત્રિમ બની ગયેલી આ ડિંગળ ઉપર ઉત્તરકાળમાં એક ઉપકારક અસર ચાલુ બોલચાલની રાજસ્થાની બોલીની પડી તેને પરિણામે ડિંગળી કવિતાના પર પ્રહાર પડયો ડિંગળ ફરી એકવાર સોહામણી વાણી બની ('રાજસ્થાનના કુદા'ની પ્રસ્તાવના)

શ્રી નરોત્તમદાસ સ્વામીએ શોધેલાં છેક ચૌદમી સદીની ડિંગળ-રચનાનાં દૃષ્ટાંતો મોજૂદ છે. તેમાં રાઠોડ રાણા રણમલ્લની, મુસ્લિમ આક્રમણો સામેની વીરતાને બિરદાવતો 'રણમલ્લ છંદ' દાખલો દેવાને પૂરતો છે—

ડિંગળના જૂના નમૂના

કાલ્હી ભૂ૭ ભીડ મેચ્છ મલ્લ મેલ્લી મુગ્ગરી,
ચમક્કિ ચલ્લિ રણમલ્લ, મલ્લ ફેરિ સગરિ
ધમક્કિ ધાર છોડિ ધાન છડિ ઘાટિ ઘગ્ગડા
પરક્કિ વાટિ પક્કડંત મારિ મીર મક્કડા.

એથી પણ આગળ સં. ૧૨૪૧માં જતાં સોમપ્રભાચાર્યના 'કુમારપાલ-પ્રતિબોધ' નામે ગ્રંથમાં ડિંગળનો પૂર્વાભાસ મળે છે—

ગયણ-મગ્ગ-સલગ્ગ લોલ-કલ્લોલ-પરંપરુ
ણિક્કરુણુક્કર-નક્ક-ચક્ક-ચંકમણ— દુલંઘરુ
ઉચ્છલંત ગુરુ-પુચ્છ- મચ્છ- રિછોલિ-નિરંતરુ
વિળસમાણ-નળા—જડાળ—વડવાનળ—દુત્તરુ
આવત્ત-સયાયલુ જલહિ લહુ ગોપદિ જિંય તે નિત્યરહિ
નીસેસ-વસન-ગણ નિઠ્ઠવણુ, પાસનાહુ જે સમરહિ.

ચંદ બારોટના 'પૃથુરાજ રાસો' ની મુનિશ્રી જિનવિજયજીએ આપેલી વાનગી આપણે જોઈ ગયા તેમ પૂરવાર કરે છે કે ડિંગળ કૃત્રિમ નહિ પણ અપભ્રંશ પ્રાકૃતની સીધી વારસદાર જીવતી કાવ્યબાની હતી.

ડિંગળ સાહિત્યને એનું નિરાળું સ્વતંત્ર પીંગલ પણ છે. એના કાવ્યશાસ્ત્રના કડક નિયમો છે. એની પદ્ય-રચનાઓને મુખ્યત્વે 'ગીત' કહે છે. ગીત નામ ભ્રામક છે. એ ગાઈ શકાતું નથી, એનો recital-પાઠ જ થાય છે. એના છંદો પણ નિરાળા હોય છે. ગીતોનાં નામ જાગડું, સપાખરૂં, સિંહચલું,

ડિંગળ-પ્રજની સ્પર્ધા

વચ્ચેરે ગ્રેના ૮૪ પ્રમાણ છે રાજસ્થાની ડિંગળ સાહિત્યની આ ગદ્ય રચનાઓનો અભ્યાસ કરવામાં આવે તો ઘણી મોટી સંખ્યા થવા જાય

આ પછી સાહિત્યક્ષેત્ર પર આ ડિંગળ-દાક્ષપ્રકાર અને સંસ્કૃતપ્રધાન-દાક્ષપ્રકાર, એ બે ને વચ્ચે સ્પર્ધા ચાલતી આવી છે ડિંગળ વાણીમાં પ્રાસલયનું તત્વ કમતી હોઈને એની ગણતરી ધીરે ધીરે ગદ્યમાં થવા લાગી, ને નરસિંહ જેવા ગણનાપાત્ર કવિઓ રાજસન્માનમાં નીચે ને નીચે ઊતરતા ગયા, તે છતાં રાજપૂતાના-સૌરાષ્ટ્ર વચ્ચે સૈકાઓ સુધી કલા સધાતી રહેલી સાહિત્યની પસંદગીને બહુ ડિંગળી પહેલ આવતી રહી, પ્રસન્નતા ને પાખાળા કર્યા, ઇતિહાસ-ખ્યાતોને તેમજ આખ્યાયિકાઓને એ પ્રકાર ભાતનો કવિ. વૈભવ ને રમૂજ, વ્યંગ અને મર્મકટાક્ષ, વીરત્વ અને ભક્તિતત્વ, એ બધા રસોને ડિંગળના મરોડો નજરાણું જેવા જ લાગ્યા

પાંડિત્યદૃષ્ટિએ આટલે તબક્કે સમૃદ્ધિવાન સાહિત્ય-વાણી બહુ સાધારણ બોલચાલની ભાષાથી વેગળી પડી જતા જે કારણે પાસે છે તેજ કારણે ચારણી વાણીના આ વિભાગ પર બેઠી તેમની બહુ પડિતાઈ બોજ રાજ રજવાડામાં સ્પર્ધાની ને આદેશાનની વસ્તુ બની, તે પછી તો રાજવાડામાં બહુ ન બોલાતા ચારણોના ચોપડા વચ્ચેજ હસ્તપ્રતોમાં ડિંગળ ઉપર ચાલી બની આજે એ હસ્તરો કૃતિઓનો ભંડોળ થઈ ગયો છે બાકીજ બાદ એને કાને ધરે છે, સામાન્ય જનતાને માટે એ તુમડીમાં કાંકરા ભરેલાજ થઈ ગયા, તેમ આજનો પંડિત સમાજ એની ઉપેક્ષા કરતો બન્યો, તેનું બીજું છેડે એ કારણ છે કે આપણા વર્તમાન પાંડિત્યનું ભાષાજ્ઞાન દુરુહરૂપિણિ બન્યું તેથી તેમને દુર્બોધ લાગતી ઘણી વસ્તુઓને તેઓ નકામી અથવા ગમાર ગણે છે એનો કારણો

રાણુકદેવી રા' ખેંગારના દુહા પર સ્વ. સાક્ષર નરસિંહરાવભાઈએ કરેલા વિવેચનમાંથી જડે છે આ રહ્યા એ દોહાઃ

રા' ખેંગારને હણીને પાટણનો સિદ્ધરાજ જયસિંહ ખેંગારની રાણી રાણુકને પાટણ તરફ લઈ જાય છે ત્યારે રાણુક પતિના ઘોડાને, જંગલના સાબરને, ગઢ ગિરનારને વગેરેને માર્ગે જોઈ જોઈને સંબોધતી વિલાપ કરે છે.

તજવરીઆ તોખાર, હૈયું ન ફાટયું હસલા;
મરતા ર'ખેંગાર, ગામતરાં ગુજરાતનાં.

[હે ચપળ ઘોડા ! હે હંસલા ઘોડા ! તારું હૈયું કેમ નથી ફાટતું ? તારો ચડનાર રા' ખેંગાર મરતાં મારે ગુજરાતની–પાટણની મુસાફરી કરવી પડે છે.]

રે સાબર શીંગાળ (એક દી') અમેય શીંગાળાં હતાં;
મરતા રા'ખેંગાર. ભવના ભીલાં થઇ રહ્યા.

[હે ઊંચાં ઊભાં શીંગડાંવાળા સાબર ! તારી જેમ હું પણ એક દિવસ, જ્યારે મારો રક્ષણહાર પિયુ ખેંગાર જીવતો હતો ત્યારે, શીંગાળી અર્થાત ગૌરવવંતી, ગર્વભરી હતી. પણ મારો રા'ખેંગાર મરતાં હું પણ જન્મારાભરની ઢળેલાં શીંગવાળી (ઉતરેલા દર્પ વાળી) બની ગઇ.

બાળુ પાટણ દેશ, જિસે પટોળાં નીપજે,
વારૂં સોરઠ દેશ, (ભલે) લાખેણી મળે લોબડી.

[પાટણમાં ભલે સુંદર પટોળાં પેદા થતાં, એ જલી જજો. હું તો વારી જાઉં છું મારા સોરઠ દેશ માથે, કે જ્યા મને લાખેણી (મહામૂલ્યવતી) કામણીનું ઓઢણું મળી રહે છે.]

સ્વામી ઉઠા સેન લે, ખડગ ધરો ખેંગાર,
છત્રપતિએ છાઇઓ, ગઢ જૂનો ગિરનાર.

'કવિતા-પ્રયોગના મૂલ્યાંકન' જે દુર્લક્ષ્ય વિષયનું હલ્લા મનોમુકુર ભા ૨ ભા (પા.૫ ૨૭-૫૫) ગ્રંથ નમિદત્તરાય લખે છે—

'ગામતગ' શબ્દનો અર્થ પ્રમાદીઓએ કોશમાં કે ટીકામાં બતાવ્યો બતાવ્યો નથી.

'સ વિયા=સેવ્ય, પાણિ ૫ દ્રષ્ટે ?'

'દ્રમણો=દ્રાવિડ વિશેષ નામ દ્રષ્ટે ?'

'બીજા બીજાનો શો અર્થ દ્રષ્ટે ?

'છાણિયો=ગોપો એમ કુ પાઠ કુ '

'ગોપાલીનો અર્થ નક્કી કરવા માટે ગ્રંથ ને પ્રથમ વિદ્વાનપુરુષ પ્રમાણો આપવા પડ્યા છે કવિતા-પ્રમાદના સર્જકોએ—

ચ્યે ધ્યે મૂલ્યે ચ્યવ્ય ક્યો ૬૪
'કુ ગો પોગા ચાગ્યો ! ચોલ'ચાલ્યો ૬૫

એ દુર્બળ ચ્યવની સમજણમાં પાયેલ ઉપરાંતે અબોધપણે પ્રશ્ન કરીને આવા અર્થ પર આવ્યા પછી પણ ગ્રંથ ને એમ કહેવું પડ્યું છે કે 'કવિવાણાના આદિત્યકાર કોઈ પણ ગોપાલીનો ખરો અર્થ કલ્પનો નહોતો જોઈએ

આ વિષય બતાવે છે કે આવાન્ય પ્રયોગ ગોપીના કલ્પનો પણ આપને બેસાડ પડી ૫ ૬ના અને જૈન અર્થો બેસાડવામાં કવિ પ્રાણપ્રાણ કરીને પણ ગાયો અમર પર
અપલ્લી કરો આપના ૫ ગ્રંથ જોવા અમર ઉપર જો પણ
પણ ગુમાવ્યા આપણી પાસે નહોતા જોવા પરિશ્રમે આ
કુલને ના નાદા ૫ અર્થો ૬ નાગ માણસોની
ગ્રંથ ખબર લાવી પડી આ કુ ગો કાઢે તો પછી બહુ ચિંતા
ચિંતા પણ નથી દ્રષ્ટા અને પ્રસિદ્ધિ છે ગ્રંથમાં જે બાદની

પ્રચલિત હતી અને અદ્યાપિ પર્યંત પ્રચલિત છે, તેનો જાણકાર કોઇ પણ સામાન્ય માણસ કહી શકે કે 'ગામતરાં' એટલે એક ગામથી બીજે ગામ પ્રવાસ; ને પંડિત હોય તો ભાષાજ્ઞાનથી પણ કહી શકે કે ગામતરા=ગ્રામાન્તર (સં)

તરવરિયો, તરવરાટ વગેરે શબ્દો તો તદ્દન ચલણી છે. એમાં આટલી મૂંઝવણ કેમ આવી? હંસલો એ ઘોડાની ઊંચી ઓલાદનું વિશેષ નામ છે તે તો સર્વવિદિત છે. ભવનાં ભીલાં : હવે 'ભીલીઓ' એ પશુપાલક બેદુ કોમમાં રોજ દો ચલણી શબ્દ છે ભીલીઓ બળદ, એટલે જેના શીંગડા પૃથ્વી તરફ ઢળી વળી ગયા હોય તેવો બળદ. એવા શીંગવાળા બળદને માટે તળપદ કાઠિયાવાડમાં જ નહિ પણ ગુજરાતભરમા આ વગર બીજો શબ્દ સંભવિત નથી. શું ગુજરાતી સાક્ષરપણું ગુજરાતના ૮૦ ટકા બેદુ-સમૂહથી પણ એટલુ વેગળુ આવ્યું ગયુ, કે 'ભીલાં' શબ્દમા શંકા પડી? ગણી રાણુક ઉચ્ચશીંગા સાબરને નિહાળી પોતાને માટે લક્ષણયુક્ત 'શીંગાળા' એવુ વિશેષણ વાપરે છે તે કોઈ પણ કાવ્યરસના મર્મજ્ઞને પકડવું મુશ્કેલ ન પડે, અને 'શીંગાળા'નો સમોવડ પ્રતિશબ્દ જ 'ભવનાં ભીલા'માં આવતો હોવો જોઇએ એ તો કાવ્યના સમજુને માટે સાવ સાદો તર્ક છે. એટલે લોકભાષા ન જાણનાર પણ જો સાચો કાવ્યરસજ્ઞ હોય તો ગોટાળે ન ચડે. 'છાઇઓ' એટલે ધોળો એ તો ગુજરાતની છોકરી પણ કહી શકે.

'લોબડી' તો આજે પણ કાઠિ.ની ચારણ્યો, ભરવાડ્યો વગેરે ગરમ ઓઢણાં ઓઢનાર સ્ત્રીસમાજને અંગે જાણીતો શબ્દ છે. વ્યુત્પત્તિને હિસાબે પણ લોમપટી એકદમ સૂઝે તેવો મૂળ સંસ્કૃત શબ્દ છે.

આમ બેઉ પક્ષે-ચારણપક્ષે તેમજ આધુનિકોને પક્ષે-જે સામાન્ય બોલચાલની ભાષાથી વેગળાપણાનો ગંભીર દોષ થયો, તેના પરિણામે સાહિત્યને મોટી ક્ષતિ પહોંચી.

છંદોપદ્ય લાખા કાવ્યો.

મોરને જેમ ગર્જ્યાની આશ્રો પોતાનું પિયર કરે છે, તેમ મોરારદાન ચારણી આદિત્યનું પિયર ગર્જ્યાની લાખા વીજદાનજી ચારણી આદિત્ય ગણાય કિંતુ-કવિતાની પ્રેરી સૌ કે ગર્જ્યાન પાસેથી જ અપનાવી છે વિદુત્તા પણ તેમની જ અહીં બ્રી રાખે છે એટલે પરેના તો આપણે ગર્જ્યાની ચારણી આદિત્યનો દાતો પરિચય કરી લેવો રહે છે સ્થાના વિવેચકોએ રાજસ્થાની ચારણી-આદિત્યના બે વિભાગો પાડેલ છે જેમ કિંતુ આદિત્ય બીજું સાધારણ બોલીનું આદિત્ય કિંતુમાં (૧) વીર-પ્રશસ્તિના સુંદર કાવ્યો, (૨) પુરાણો લોકોને આધારે ચાલેના પ્રભુલીલાના તેમ જ ભક્તિના આખ્યાન કાવ્યો, અને નાના નાના વિષયનું "ગીતો" (જે વસ્તુત ગેય ગીતો નથી તે રૂપકોમાં પણ આગળ કર્યું છે)

આ વીર-પ્રશસ્તિના તેમજ પ્રભુલીલાના દીર્ઘકાવ્યો (મહાકાવ્યો કહી શકીએ ?) માં જેની મુખ્યતા માટે સુવિખ્યાત આશરા છે—

શ્રીધરકૃત ગણપતિ રાસ રચનાકાળ સંવત ૧૯૫૪ આમ પાસનો જેમા કિંતા ડિંગ રાણા ગણપતિ પાટણના સૂબેદાર જહાંગીરખા પર મેળવેલ વિજયની વીગથી નાકનાઈ છે

ચારણ મૂજે નાગરાજોત કૃત રાઉ જયંતસી–રઉ છંદ (રાવ જૈતસિંહનો છંદ) : રચનાકાળ સ. ૧૬૫૧

રાજ જૈતસીનો છંદ

આસપાસ આમા હુમાયુન બાદશાહના બાંધવ કામરાને બિકાનેર પર આક્રમણ કર્યું અને રાવ જૈતસીને હાથે હાર બાંધી તેનું પ્રૌઢ અને તેજસ્વી વાણીમા વર્ણન છે. ચારણી છંદ પાધડી (પદ્ધરી)માં વિક્રમશીલ પગલે વહેતી એની કાવ્યવાણીનો એક જ ટુકડો નિહાળીએ–

*પાએ હસમ્મિ હલઇ પયાળ,
ફડફડઇ નાગ ફાટઈ ફણાળ
રાયાં–રાઉ ઉપરિ અસુર–રાઇ
જળરાણ નાણ મેલી મરનઇ
પુડ સાતઇ ધ્રૂનિય પવંગ–પાઇ
નાગીન્દ નાચિ નોમતિ નિહાઇ
ઝૂઝારા આગી ખિજ્જઇ નળ
મુરસાહલ નાણે નખત–માળ
પતિસાહ–સેન દીવી પરિખ્ખ
હઠિયણ ઠિરિ આવઇ અંતરિખ્ખ
રેવત ખેડી ચઉ પહર રાતિ
પતિસાહ–સેન ઢૂકા પ્રભાતિ.

અર્થ–એ વિરાટ પાતશાહ–સેનાના પગ વડે પાતાળ હચમચી ગયુ.

શેષનાગ ફડફડ્યા ને એની ફેણ ફાટી ગઇ.

રાય–રાવ (જૈતસી) ઉપર અસૂર–રાય પાદશાહ ચઢ્યા એ તો નાણે કે જળરાણે (સાગરે) મરનાદ મેલી

---

*આ જ પદ્ધરી છંદ, સૈન્ય–સંચાલનના વર્ણનને માટે, નાદ–દૃષ્ટિએ એટલો બધો બંધબેસતો છે કે એને લલકારતી વેળા જબાન પર નાણે કે કટકની ફ્રેય ચાલે છે. એ છંદનો આવોજ સફળ પ્રયોગ, છેક સં ૧૯૭૨માં એટલે કે ત્રણ સૈકા બાદ, સૌરાષ્ટ્રના બારોટ વજભાલજી પરબતજી મેહેડુએ 'બીભા-

મોગલ બાદશાહથી સાતે પૃથ્વી-પ્રજા નોબતો અને નિશાનોના ધોષથી નગારે ટી (પડતો) નાખ્યા. પ્રચંડ ખલિ-ઝાડો પ્રજાવર્ગ અર્થે વસ્તમાલ સજતી

ઉદ્ભવ્યું જાતુ અતીતમા અને કેમ બન્યું અથવા હોય તેમ, શકિતના આરે પ્રદર પોગા દાદુ પાદશાહજીએ પ્રજાતે નજરે પડ્યુ.

વિજય નામના અમનસરના અમ પીલાટના આમયે રચેલા ખુબદ ઐતિહાસિક આખ્યાનમાં કવિએ તેનો નમૂનો—

કરે દયે મેન સાદળ કાક
આપતિય હોય લાલા અકબ
હોવાદ હોર પાકકા હોય
કરે ની સકે ન કુરસો કોય
કરમોઠ કોર કેમારણ કેક
ઉકરો પ્રજાત પોલા અનેક
બરતાવા ઉકા- નરી અક્ષ બિસ
કરમો અન આવ્યે કરોસ
પાખ્યો ગરર કરિયા પ્રમત્ત
અવિશ્વ આસા કરતા ઉતમ
આલવા નબ ઉતરે આપ
પ્રેમ કરે મૂલા અનુપ

અર્થ-કારણો મેળ કરીને ઇશ્વરે જ્યારે દાસના જેવું અધિષ્ઠાનિયો અવતાર ધર્યો

પ્રાણ દેવું તે દેવું બે તો બીજે કોઈ ન કરી શકે કેમકે દેવમાં (પિતા) બળ અનંત, કોટિક પિતા

બધા બળ અન્યોની કરીને બાર કલાકોને લાવ્યો (ધારણ) કરીને અનુકૂળ કરેલા

અર્થાત્ જે (કે તે) દાસ કરવા પડે તે બધી આપણને અપાવતા દેવ તેવા દાસ કરવા પડ્યા

અને જે પુરાણ કે ઇતિહાસ જેવા સિવાયો અનુભવી ઉતરી ન શકે

રંગે રાતડો ૧મખ્ખ ૨અખ્ખં ૩રંગત્તં
મહાકારનં ૪૫ ભૂપ ૫મસત્તં
અલં વપ્પલ..... ..સર્પ૬રં
ગહીરં ગભીરં શરીર ૭ગહરં
૮વદન્ન વશાળં વળી ૯વક્કરાળં
કરાળં કંધાળં મહાકાળ કાળં
વરં માગવા કાજ ૮લીળા ૯વશેખી
વડા દેવ આગે હુવો ૧૦નટ્ટવેખી
કરચ્છે ક્રિયાં ચંદન ચત્ર કીધા
બહુ બાહ બાજુબધ ત્રેાણુ બંધા.
૧૧હિયે ૧૨હીડળે ૧૩દોવળા દેવહાર
× × ×
વળી હેમમાળા વચાળે વશાજે
વગત્તે પગે ઘૂઘરા ઘોર બાજે
૧૪ગણુ ૧૫ગદ્રવં રાગ ભેરવ્ય ગાયે
૧૬વેણુ ૧૭ચંગ મૃદંગ કેહો બજાયે
થેઇકાર હોકાર જેકાર થાહે
૧૮ચખે ૧૯ચાહણે દેવ દેવાધ ચાહે
વદે વીરભદ્રે રુદ્ર ૨૦પાવ વદે
વર દે! વર દે! વરં દે! વર દે!

આ કાવ્ય પોતે પહેલાં કોઇ રાજાને કે માનવીને સંભળાવ્યું **શંકરને સંભળાવ્યું** નહિ. ધનામ અકરામો કે લાભપસાવની લાલચો કવિનું દિલ ડગાવી શકી નહિ. ખસર બારોટે જેમ 'હરિરસ' કાવ્ય પહેલું પ્રભુને સંભળાવ્યું,

---

૧ મુખ ૨ ચક્ષુ ૩ રક્તિમઃ રાતી, કધિરેભરી. ૪ મસ્ત ૫ ગૌર ૬ વદન ૭ વિકરાળ. ૮ લીલા. ૯ વિશેષ ૧૦ નટવેશધારી ૧૧ હૈયા પર, ૧૨ ખુલે છે. ૧૩ ખેવડા, ૧૪ ગણ ૧૫ ગધર્વ ૧૬ વીણા. ૧૭ એક જાતનું વાદ્યિત્ર. ૧૮ આખથી. ૧૯ જોવા ૨૦ પાય

તેમ કવિ દલપતરામજી મીજણો પણ પહેલવહેલું 'ભૂમીપુરાણ' ખુદ શકુનને સલાહવાની હઠ લીધી કહેવાય છે કે શિવજી યોગી રૂપે કવિને અપ્રસન્ન કરવા પોતે તેમને પહેલા છંદો સલાહ્યા પણ પહેલા કડખો છંદ પૂરા થયે, 'પ્રભુ ઝાઝે ઘરદર બત્રીસ પાપ' એ પંક્તિથી ગરૂડ ગઇને સરકાર નૃપના વર્ણનના જે બાબતો છે તે આજે પણ ભાઇ બાનની–કદ પાસે પૂરા વાયવાનો કાપ થયો વખતા એની માન્યતા છે કે એ બાગ વાગ્યાગે કવિ ના ચિત્તભ્રમનો ભોગ બને કા એની જરી મરી જાય! બાવનમાં ગજા વજેસિંહજીએ કેટલી ગદ્યની પાસે પરાણે ચા મો છે વખાવેલા પછી ગદ્યીના પત્ની ગૂજરી ગયેલા !

એ જ કવિના બીજા બે લાંબા કાવ્યો 'ભણધર પુરાણ' અને 'અમા પત્ર' અપ્રકટ છે

મારવાડમાંથી આવીને નવા સરના ઇત ગરાસદારના સલા–વિ મનના સુપ્રસિદ્ધ કવિ બારોટે રચ્યા લાંબા કાવ્યો પૈકી 'રિસ' તો પ્રકટ છે, પણ 'દિપાણ' નામે કેની સ્તુતિનું કાવ્ય હજુ બહાર આવ્યું જણાયું નથી એ પણ ગરાસીમાં રચાયેલ લાગે છે

મારવાડમાંથી આવેલા ગો – ભટ્ટ ગુજરાતના વાળોવડ ગામમાં આવી ગયા તેને ૪૦૦ જેટલા વર્ષ વીત્યા કહેવાય છે એમના રચેલા પૈકી અપ્રકટ ગ્રંથો સપ્તતંત્ર (એ અગોળાગૂગોળા વિદ્યાનો કાવ્યમય છે) તે બીજા ચોમાસ અવતારના ચોરાશી જનના ગીતો

કચ્છમાં જઈ રચેલા કૂબા ગૂબા એવી અપ્રકટ રચના 'કમાની-ક ખુ' જે લાંબુ કાવ્ય છે

મારવાડ નાગોર–તાલે પાસાના એમએચેન્દ્રનું લાંબુ કાવ્ય 'નાગડમાળ' પાણુસ્તના મોતીમિયાં થી હમીરદાને પ્રસિદ્ધ કર્યું છે એમની માનસપત્ર પ્રમાણે સવત ૧૬૩૭ ની જણાવી છે

જેઠીભાઇ અને ગેણુભાઈ નામના બે માડ ચારણો ભાવનગર ઠાકોર શ્રી વખતસંગજીની પાસે રહેતા. તેમની પાસે વિદ્યાર્થીઓ ડીંગળશાસ્ત્ર ભણતા, જેમા સ્વ. પીંગળશી-

બે ભાઇઓ

ભાઇના પિતા પાતાભાઇ (જસોવિલાસના કર્તા) નામાંકિત વિદ્યાર્થી હતા. ભાવનગરનું દશેરા પર્વ વખણાતું, ને એ પર્વ ઉપર દેશદેશાન્તરેથી જે ચારણો આવતા તેમની વાણીને આ બેઉ ભાઇઓ ઝીલી ઝીલી લખી લેતા. એવી વાણી (એકસો વર્ષ પૂર્વેની) આ બેઉ ચારણોએ લખેલી તેના ચોપડા મોજૂદ છે. વીભા મહેડુ : ૨૨૫ વર્ષ પૂર્વે. રોહીદાસ મહેડુ : ૨૨૫ વર્ષ પૂર્વે. વીહા મહેડુ : ૧૭૫ વર્ષ પૂર્વે. તેમની લખેલી થોકબંધ હસ્તપ્રતો મોજૂદ છે.

આ બધા ગ્રંથોની હસ્તપ્રતો ઉપરાત જીવણવિજય ગોરજી અને એના શિષ્યોએ સંવત ૧૮૪૦–૪૫માં લખેલી 'અવતાર ચરિત્ર'ની હસ્ત-

જૈન ગોરજી

પ્રત, અઢીસો વર્ષ પૂર્વે લખેલી, મકાન વિદ્યાને લગતા સંસ્કૃત રાજવલ્લભગ્રંથની હસ્તપ્રત, કવિ કેશવદાસના 'રસિકપ્રિયા' નામના ગ્રંથની હસ્તપ્રતનાં છૂટા પાનાં વગેરે વગેરે પ્રચૂર લેખન સામગ્રી ચારણકવિ શ્રી. ઠારણભાઇ મધુભાઇને ઘેર, ગામ પાટણામા (તાબે ભાવનગર) એક ઓરડો ભરીને પડી છે.

કોઠ પાસે રાણેસર ગામના રામચંદ્ર મેાડ નામે ચારણ કવિ તેનું રચેલ 'રસપીંગળ' હજી અપ્રકટ છે. ડીંગળી

ડિંગળનું પીંગળ

કવિતમાં 'નાગપીંગળ' વધુમાં વધુ પ્રાચીન. તે પછી 'હમીર પીંગળ' કચ્છ રાજકવિ હમીરજી રતનુએ રચેલું, ૩૦૦ વર્ષ પર, તે અપ્રકટ છે.

લાગીદાસ મહેડુ : હળવદ તાબે ગેાલાસણ ગામના એ ચારણ

રૂપક વાંચે પર થઇ ગયા આજે પણ ગોવામાપુ તેના વારસો આપ
છે તેમણે બે લાગા કાવ્યો રચ્યા છે (૧)
ચાર્ણી 'ગોદાવરી માહાત્મ્ય' અને (૨) 'ગોપાલપુ'
ગોપાલુનિંદુ ગાજ ગારેમા પ્રેમાલ્લુ 'ગોપાલરાયુ' વાચ
વાનુ વ્યવહાર નિષિદ્ધ મધ્યાન છે, કેમકે એમા
શૃંગારનુ વર્ણન વધારે જોવા મળે છે પણ લાગી ભક્તિનુ 'ગોપાલરાય'
ગાન પુરોમા ઘરેથી મળતુ હતુ

'ગોપાલરાય આલાપનુ કોપ તો ગારીગોનુ આપજુ, ગોલ્લુ
નઈ!' એમ દમારો પોતાની સખીઓને કહેતા

આપણો ખ્યાલ રહે છે કે ચારી કાવ્ય કેવળ શૃંગારપ્રધાન
છે પણ એણે ભક્તિ, ગાગાર, કરુણ, વાત્સલ્ય આદિ અન્ય તમામ
રસોની સુંદર કૃતિઓ આપવા કરી છે તે
ચારણ સૂચવાનુ આપણને હજુ બધુ દેખાયુ નથી એના શૃંગાર,
નાગ-કમલ્લુ ભક્તિ, વાત્સલ્ય, કરુણ વગેરે રસોમા
બેઠક જાગી તેમજ ચારિત્ર પ્રાપ્તિ ઘણી
આવે છે, પ્રતિબિંબ નદિ પણ પ્રસાદ અને જોવાલાયક ભરોસો છે
કારણ કે તે કૃતિનાનુ મુખ્ય નિશાન જ અવજોડિયે દ્વારા ચિત્રો
આલેખવાનુ તેમજ અનહોમ પેદા કરવાનુ છે 'નાગ-કમલ્લુ'મા
આપેલુ મૂળ માત્ર વર્ણનોદ્વારા કૃષ્ણની બતાવવા ૧૮
ભુજ તિના આવા ચરણ આપે છે—

ચિત્રો નરે નાગ કન્યો વરેણ
કૃષ્ણ દેહિવા રેન ગોપાલ દેણા
અવારે અરેદ્ધ અકૂનાર અરો
અરીમર પુરિ નરે નદ્ધ ગારો

શ્રીમન્નુ કરી। કૃષ્ણ જોયેલ પોતાના ગોકુળ-ગારી કન્યે રાય
વર્ણન કરે ત્યારે કહ્યુ—

સુણે શ્યામ-આગમ્ય ઊભી સહેલી
હરેવા હરેવા હવેલી હવેલી
ભર્યો માગ સીંદૂર મારગ્ય ભાળે
વહે શામળો વ્રજ્જ શેરી વિચાળે.

અર્થ–શ્યામનું આગમન સાંભળીને સાહેલીઓ એને હેરવા (જોવા) હવેલીએ હવેલીએ ઊભી થઈ રહી છે. શેરીઓની વચ્ચે શામળો ચાલ્યા જાય છે ત્યારે માર્ગ સિંદૂરથી ભરાઇ ગયો હોય છે. (શું આ મેડી પરથી જોતી સાહેલીઓનાં નીચે ઝૂકતાં માથાના સેંથામાંથી ?)

વહેલાર લેવાર પિંટાર વાળે
નવા નેહ સું દેહ ગોપી નિહાળે.
હરિ હો ! હરિ હો ! હરિ ધેન હાકે
ઝરુખે ચડી નન્દકુમાર ઝાંકે.

આહીરાણીઆં અબ્બળા ઝૂળ આવે
ભગવાનને ધેન ગોપી ભળાવે
હકો બેવડે ચોવટે આય ઊભી
સૅંભાળી લિયો શામ મોરી સુરલ્લી

દુધ નદ રી ધેન ગોવાળ ટોળા
મિળે વાળવા નૅણી શ્રી ગગ ભેળા
પરે નેર નીસાર આવે પ્રહટ્ટે
ત્રિવેણી ઉલટ્ટીય સામંદ્ર-તટ્ટે

અર્થ–વ્રજની શેરી વચાળે પોતાની ધેનુઓને હરિ હો હરિ હો શબ્દે હાકયે આવતા નંદકુમારના દેહને ઝરુખે ચડીને કેટલીક વ્રજનારીઓ નવા સ્નેહે નિહાળી રહી છે આહિરાણી-

અનુપમ ઉપમા

ઓનાં ટોળાં ઠેર ઠેરથી પોતાની ગાયો લાવીને ભગવાનને ભળાવે છે, કોઇક વળી નાકે ને ચોટે પોતાની ગાય લઇને ઊભી છે. અને કોઇક કહે છે કે હે શામ! આ

મારી સુરભિને પણ સંભાળી લ્યો. આમ કહીને ગોરીએ ગોરીથી ગાય-ગોળા નદી-ધેનુઓમાં મૂક્યા અને પછી ગોવાળોના ભાગોળે ઊભેલા ગૌધનમાં એ બધી ધેનુઓ જ્યારે ભેગી થઈ ત્યારે કેમ જાણે નાની નદીઓ ગંગાને મળતી હોય, અને પછી એ બધો નિવેણી-પ્રવાહ સમુદ્રને તીરે ઠલવાઈ રહ્યો હોય એવું દૃશ્ય બન્યું !

પછી યમુનાને તીરે ગોવાળોના અને કૃષ્ણની ગેડીદડાની મસ્ત રમત—

ઝડુ ગેડિયે ગેહ મેદાન ઘેરી
ઝણુ પુષ્પરી ડમ્બરી ફેર ફેરી,
ઝિલે આવતા ચટ્ટટ હોદ ઝેરે
ફિરે રામ ચોટા કરે દોટ ફેરે
ઝાઝી ઝાઝેરો ઝઝિયા ખેલ માતો
રમે સમ ભોગાળિયા રક્ત રાતો
મિળે ચોટ ઝોઝોઝુમી હોય માથે
દુખ દૂધમલ્લા તણી હેળ હાથે.
ચટાવે ધણુ ઝાકરે ફેર ઘાડે
જમૂના તણે નાધિયો નીર ભડે

દડો યમુનાના ઊંડા નીરમાં જઈ પડે છે, અને કાનો એ કાળી-નાગના ઘરમાં ભપલાવી પડે છે ત્યાં નાગ-ના એનું રૂપ જોઈને જે અક્ષોભ, અહોભાવ, આદરપ્રીતિ અને ઉત્સાહ અનુભવે છે—

પાતાળ-ક્ષુબ્ધતામાં

જપે નાગપુત્રી ભલીરૂપ જોતી
મહામદ્ભ ભતિ તણો ભાન ખોતી
હસી બાલતી હોજુ કો દૂખ ભયો
દિઠારે પડાયો ધરે દુર્વલ્યો
દૂખ દેવ મે રૂપ દેખી દિયે
જપે ભગસી નાગ રાખો જગ યે

ઓરો દાખવો બાળ હોસી અબારો
પગલ્લે પગલ્લે મદલ્લે પધારો.
ચમકે—ચમકે સમે ચિત્ત ચેતી
લળે પાય લાગી વળે લ્યણ લેની !

ઓહો ! આવો મહાભદ્ર, મોતી સમો ! કઇ ભાગ્યવંતીએ હિંચોળ્યો ને હુલરાવ્યો હશે ! રખે ક્યાંક નાગ જાગે ! માટે એને અહીં લઈ આવો. બધી નાગકન્યાઓ ચમકી ચમકીને પગે લાગતી, વારણાં લેતી લળે છે. મુગ્ધા મુગ્ધાને નાગણી બાળને પૂછે છે—

કહાં હંત આયો અહે કાન્હ કેહા ?
ચૂકાં ભૂલિયો બાપરા સાપ-ગેહા
કહો કોર ચખ્યે રહી આવ કાવે.
અસો બાળ દેખી દયા મોર આ.વે
હુતરાં ભૂખા નાગસી નાગ હેવાં
નહૂલો ન છડે નિરધ્ધાર નેવાં
મહાકાળ કાળી નરા બાળ માંને
પડી બોકડી આજ હી કાળ-પાને

ક્યાંથી આવ્યો ? શા કામે ? બાપનુ ઘર ભૂલીને સાપને ઘેર આવ્યો ? હજારમુખો નાગ હમણાં જાગશે, ને નિશ્ચયપણે તને છોડશે નહિ. મહાકાળ જેવો કાળીનાગ કોઇ બાળકને ય ગાંઠશે નહિ અરેરે ! બકરી આજ વાઘના મોમાં પડી !

કિશોર કૃષ્ણ પ્રત્યે આ નાગકન્યાના કુદરતી હેતનું, કૌતૂકનું અને ભયનું ચારણે દોરેલુ ચિત્ર અતિ હૃદયગમ છે. એવા જ ધીરોદાત્ત જવાબો દઇને કાન કાળીનાગ સાથે અખાડો માંડવા જીદ પકડે છે, પાતાળમાં જુદ્ધ ચાલી રહ્યું છે, ગોવાળીઆ ડૂબેલા નંદકુમાર માટે ઝૂરતા કાંઠે ઊભા છે, મા જસોદા દોડી આવી છે—

ઊભા ગાય-ગોવાળ ઝુરન્ત આરે,
હાહાકાર હકાર સસાર સારે

મુખે બાન અપાવત માતા સનેટી
નરીંદા હણે કહ્યું બક્ષ જેટી
× × ×
બિલ્લુ લેવને નીદમારા ચહતી
કંપેરા કંપેરા નરીંદ કહતી
કરિણી કો આણ લેવન્ત કાઠે
અધે બાણી બિતાબણિ રહ-આઠે

સ્વા તોડીના પાતાળમાંથી વેતુના અને બિન્ધ્યો કાન્યકુબ્જ છોડે છે જે માતાને પાતાળે અને સ્વર્ગમાં મહાગીત છે—

બિન્ધ્યે કુબ્જે વેગ ઉઠ્યો ચલનો
સપને પલાણે સુરગે સુણાયેા
વધાઇ ! વધાઇ ! નરેા ! વધાઇ
કરે મોરલી ના કાેા કનાઇ

ડિંગળની પ્રાણવાહિતા અને ગેયાત્મક સ્વર ઉઠાવ પૂ 'નાગ કમળુ આપે છે ડિંગળને ગેની બિનરતા અને કૃત્રિમતાથી મુક્ત કરીને ગેયાકાર પ્રયોગ કરનાર આ કવિ ગુજરાતી હતા, એટલે આપણે ખરું ગર્વ લેવા જોગ

આ ભૂજપ્રપાત તેમજ વીર સો નામક અન્ય અનેકવિધ ડિંગળી કૃતીો પોતાના રાયમા—કે કૈયામા— મા-નાર એક છંદોવાધિ મનોહ

ચા ચુ તો કજુ કમણુ—મ ૧૬૨૨ મા જ

વીરદોલો ગોરદીએ યહ ગયેા વીસાવિનાસના કર્તા
વાનિધિ વનમવિ ગાંઠ વજ્રાલજી પજ્યત્ર ભટ્ટ
એક્ના એક નામ—કુલના જ કવિકામને

દુષ્કરવતી ના ગેની ડિંગળ—વિતા, નગર, ગેાળ અને કચ્છના ગેાર જ ગાંકેત કુલના સિમાડા—મર્યાદાની બિલકલમા અજ્વાળવે વિશેષ લાવે ' ગાે બદાે તેા કૂલદા ના ગેવાવે છે

૫

ભૂચર—મોરીના મેદાનમાં સોઢનાં અને દિલ્હીપતિનાં સૈન્યો વચ્ચે અઘોર રણથળ મંડાવાની આગાહી આપતી ઘટના એણે આમ આપી છે.

છંદ ભાખડી

પળચર પખાણી છ કે ણાતાં યું કરે
ભય તળ ભૂચરી છ કે આગમ ઓચરે.
પર એક સમયે ક્રોળ પાધર ધાર જોજન પાધરં
રજપૂત એકહ નામ ભૂચર, ચાય રહ હે ધણ ચર
સોય યભ ચતતણુ આય સાથી, પરખ સુરભિ રખ પરે
પળચર પખાણી છ કે ણાતાં યું કરે.

અર્થ—માંસભક્ષી પંખીઓ (રાત્રિયે ભૂચરા રજપૂતના ખેતરમાં) એવી વાતો કરે છે અને આગમ ઉચ્ચરે છે કે છ મહિને આંહી મહા-સહાર મંડાશે. એક સમયે ક્રોળને પાદર, એક જોજન સીધી ધાર ઉપર રાજપૂત ભૂચર ઢોર ચારી રહ્યો છે. એ આ અમંગળ પક્ષી-વાણી સાંભળીને સ્તબ્ધ બન્યો, અને પોતાની ગાયો મૂકીને નગરમાં ખબર દેવા આવ્યો કે માસભક્ષી પંખીઓ આમ વાતો કરે છે....'

ભૂચર મોરી

સંગ્રામને માટે સજ્જ થયેલા હાથીઓને આ કવિ જ્યારે નિસાણી છંદમાં વર્ણવે છે ત્યારે હાથીઓનાં જાજરમાન સ્વરૂપને બંધબેસતું એ કાવ્યનું પણ અજાનૂઠ રૂપ બંધાય છે—

ગજ-વર્ણન

છંદ-નિસાણી

જે ગજરાજ ગરીઠ, સજાહ જેહાં રૂંમ ક્રજાળ
અંગ પહાડ ઉતગ સા, સજિયા જંગ સબ્બળ,
જણ કે ભાદ્રવ જેહડા, ઘરસાળા અદ્દળ
પખી ઉડ અગ પત્તસી, ઓપે દંત ઉજ્જળ,

શ્યામ સિંદૂરા ચાચરા ચમકંત મનોરંગ
એડી વિદ્રુમ બ્લશી બિરાજત અંગોઅંગ
રમ રંગા રંગિયા દીયા મેઘ પીત રંગ મગ
ખેમાર અયદ ઓળિયા, દોદક નગી ફળ

અર્થ—કાળા કે મજીઠના રંગના ઊભેલા મહાન ગજરાજો કાળના ઉત્તુંગ પહાડો જેવા લાગે છે. જાણે કે ભાદરવા માસના વાદળા આવ્યા છે. તેમના પંક્તિબદ્ધ ઊજળા દંતૂશળ બગલાની પંક્તિ બેઠી હોય તેવા દીસે છે. લાલ, લીલા, પીળા વગેરે રંગોથી ચિતરેલાં એ ગજરાજના મોં જાણે મેઘધનુષ્ય ખેંચાયા હોય તેવા લાગે છે.

ભાષા-વીરરસ એને વધુ વૈવિધ્ય આપવા તેમજ બોલચાલ મેળવવા ડિંગળ-કવિઓએ કૌતુહલ અને છંદોબદ્ધ ગદ્યનો પણ એક પ્રકાર

વચન-કાવ્ય

સફળતાપૂર્વક યોજ્યો છે, એને 'વચનિકા' અથવા વધુ યોગ્ય તો 'વચન-કાવ્ય' એવું નામ અપાયું છે. વચનિકા અથવા વચન-કાવ્ય એ ગદ્યને કહે છે કે જેમાં છંદ ભલે નહિ પણ ગદ્ય-વાક્યોના પ્રાસ મળતા હોય. વચનિકાઓ ઘણી [illegible] પ્રસિદ્ધ બે છે—ખીચી અચલદાસની વચનિકા, જેમાં ગાગરોણના ચૌહાણ રાજા અચલદાસ અને માળવાના સુલતાન [illegible] સંગ્રામ વર્ણવાયો છે. એ ૧૪૫૦ લગભગ રચાયેલી [illegible] બીજી 'રાઠોડ રતન-મહેશદાસોતની વચનિકા' જેમાં ઔરંગઝેબ અને મુરાદ [illegible] જશવંતસિંહ [illegible] આગળ યુદ્ધ થયું અને રતનસિંહ વીરગતિને પામ્યા તેનું [illegible] વર્ણન [illegible] કર્યું [illegible] સં. ૧૬૧૫ લગભગમાં [illegible] વચન-કાવ્યની ગદ્ય-પંક્તિઓ વાંચી જુઓ, [illegible] આ બીજી વચનિકામાંથી—

હિન્દુઆણુ તુરકાનુ કરણુ ધમસાણ કટ્ઐ
સછ કમાણુ ગુણુ ણાણુ ટળા પ્રારભ ણળ દૃઐ
ભડ ભિડન્ત ગજઘમ્મ ઘટા ચતુરંગ કસરસૈ
સિધુ સદ્દ ગ્ણદ્દ નદ્દ નીસાણ નિહરસૈ
ચત્રવાહ ચાહિ દેઇ રાહ ચઢિ સછ કેલ્હ દિવે સમય
વિચિ ઝડ થંડ મંડે વડા કરિવા ભારય એમ કથ.

આપણા સૌરાષ્ટ્રમાં એ વચન–કાવ્યની પરંપરા ઉતરી છે. એકનુ નામ 'હાંકાર મહેરામણજીનો કસૂંબો' છે

મહેરામણજીનો કસુંબો

પ્રવીણ–સાગર નામે વ્રજભાષાના મણિરૂપ મનાતા ગ્રંથના સહકર્તા રાજકોટ–હાંકાર મહેરામણજીની કચેરીમાં એક અરીણીએ બગાસું ખાધું. મહેરામણજીએ અરીણીને વખોડતી વચનિકા કરી–

મુખ સે ઉબાસા ખાય
હાથ સે ચુકરી ણિનય
અંગ મો પ્રસીના આયા
આખો મે નીર દરસાયા
યારો ! અલીમ મે કેસા ગુન પાયા !

જાકે આવે સેં પરાધીન હોના
કાયા ફિરા ણિગોના
દેહી કા રૂપ ગમાવે
બદરૂપકું લાવે
આલસ ઉપાવે
કર–બલ ઘટાવે

જલહર બલહર કામહર, રૂપ હરત દ્રવ્યહાણ
સજ્જન ! સો વિષ ખાત હે, કોન ભલો ગુણ જાણ !

એટલે સરદારો સામા કસૂંબાના ગુણ વર્ણવે છે—

પપી કા સાપી
થકે કા વાદલ
રાદે કા અખાદ
દમન કા દાહન

કાયરકે પૌરસ ચટે
રાસ ખાય તો પ્રાણ ઘટે

સંજોગ કે સમે
કોઇ દોહાકી બાજ ખાવે
તો દુશ્મન કા મારી કર દાખે
મેરી કા મેલ ઝૂંટે
દોની કા દોલ ઝૂંટે
બિલેગી કી દુકાની ઘટે
બુખાલ મેદાન ખુલાન બી મલે

ઓપ્પા નુદ ડુકેન અને અધિક ઔરતબરી વચન—કાવ્ય તો ઉપર કહ્યા તે કરમ— મોટિ વરબાલકડ
બીજાવિલાસમા મરુઓ 'બીજા-વિલાસ' મા મૂકી છે
વાત-દુખા જેને પોતે 'વાત-દુકા' કહે છે બૂચર
ગોરીકા અલબ્બામ પેગા અબુ આદેમ કર

બની બોકા સો કિ બાલાસો કા મનોમયો નકુવાય છ ગોદાના બબુંકિ બનિ ઉન્મા, કુટવાબુમ્બિનો નાદ્ય નકાય કે તને મૂબા પડી બપમબ સો પ બુબાની કેા. તેા તો બાબાગમનનો કેગે કા કરો કા આદે તને કબોલમા કબોલ ગે બાલી કરુ બોલ તેા તો ગો કાકેગે। કેવી કા કિંકિલ્લિ થઈ કર્ય જેવી તૈબારી ગદેા, કે કેબો બપમતાને કાબ બાબેલા 'ય બાતે કર કિ !—

કબુ દા૦ દા કર૦ કરે
કર૦ કિરે ૦૨૨ બદિકુરે કાર

વિસુધારા વાહડ વિસુધારા કમાડ
અણીયારા ભમર આદમ અવનાટ
સામરા સહાયક સામરે સાચ
કામ આરણ સીસા કાચ
અપ-ધરારા આટણ, પર-ધરારા આટણ
અમલારા વાટણ, અરહરા ઉચાટણ
રજપૂત મૂછાં બળ ધાલ ઉર ઠરી બાતાં કરણ લાગા
જમામરદ ચટિયાટ, દાયરાં નખાલગ

× × ×

આ દેહ કાચી, નિહચે માટી થાય નિરાચી.

× × ×

ઇતરો સુણ કે કિતાક રજપૂત ઉચરિયા
કે ઠાકરાં મરવો તો સાખત,
પે કાચા પ્રયાણ કરિયા
ને રસરગ હોય અપસરાં-વરણ
દૂલહેરી રીત જેહી,
તો તો ચોરાસીરો · ફેરો
આવાગમણ ટળે નહી.
પણ એક રીત કરો.
તરવારરી ધારા મે ખુરજે ખુરજ હોય પડો
સાએણ મુકતી થાય
જેત મે જેત હોય જેળા ભળો
અપછરા ઓર ઈસ તો ઉમેદવાર થકાં ઇ રહે

× × ×

ઇણ તરે રજપૂત અરસ લાગા

---

* માટીપણરા=મર્દાઇનો વિસુધારા=વસુધાના સામરા=સ્વામીના અપધરારા=પોતાની ધરતીના અમલા=અરીણ વાટણ=વાટનારા. મૂછા બળ ધાલ=મૂછે વળ ઘાલીને. કરણ લાગા=કરવા લાગ્યા. નિહચે=નિશ્ચય ઇતરો=એટલું. દૂલહેરી=વરઘોડાની ખુરજે ખુરલ્ત=ખણીકણી જેત=જ્યોત

હરે હરી બાળા કરે છે
પીતાંબર ચિત્ત ચોરણ કેરુ મનમોરી હામ ધરે છે
જાનુ આમેળ *કમીરપગૂરા
બાજરા સિંધુ મહીકિયા છે
બહાળા કલ્યાણરા બિરદ બાળા દુઃખ અણાપ મેલિયા છે
જિનુ અપત નથીબારી હાલ, કરમ અબળી ત્યારી હુઇ
બમા બમા તનુ તનુ થાય થાય
મરણિ મરણા બૂડ બૂડ
વહા રેબતે પાસરે પગે દીયા
મનમુરા નેમ લીયા
હવે આય દયારરે તનુ બોના દુઃખા
મરણ્યે મરણ આપેઆપ બેનુ અગર દુરા બધે દિયા
હાનુ અપત રેવતબાળારા
બારણ મરિ મિનત મે દિયા

બાળબાપ મનો રોપ તે ૯૮ રોવીએ આ બાતનુ બોબાય છે અપણા બના આ નપૂતા છે પણ આવડી બાણીનુ અપણાગણ સ્વાભાવિક તોમા વહે છે અને બોના પ્રયોગમા પ્રમબોચિત બાચવે છે ગમે તો અપણા ઘરનો ઉપયોગ નથી થતો

*કમીરપગૂરા—કમીરપગનો બાળનો સિંધુ પુધવે છે

ચારણી કાવ્યની વિષયસામગ્રી

ડિંગળી કંઠસ્થ વાણીના કારીગર ચારણે શું શું ગાયું? કેવળ વીર રસ? ના, એણે ગાયાં—

૧–ઈષ્ટદેવ-દેવદેવીઓના સ્તવનો.

૨–વીરો, સંતો, આશ્રયદાતાઓની બિરદાવળો.

૩–યુદ્ધનાં વર્ણનો.

૪–ચક્ષાયમાન બહાદુરોને તેમજ કુકર્મી ચમરબંધીઓને ઉપાલંભો.

૫–વીરત્વદ્રોહીઓની ઊભત્ય (ટેકડી)

૬–પ્રેમના વાર્તાપ્રબંધો.

૭–મરેલા વીરો, આશ્રયદાતાઓ અને મિત્રોના મરશીઆ (વિલાપ-કાવ્યો)

૮–પ્રકૃતિસૌંદર્ય, ઋતુશોભા અને પર્વમહિમા

૯–અસ્ત્રશસ્ત્રોનાં વર્ણનો.

૧૦–સિંહ, ઘોડા, ઊંટ અને બેસોની બિરદાવળો.

૧૧–બોધાત્મક અને વ્યવહાર-ચાતુરીનાં સુભાષિતો.

૧૨–પૌરાણિક મહાકાવ્યો

૧૩–દુહા છંદાદિ લોકભક્તિગીતોના સંતાપો

પોતાને જોગમાયાના બાળ કહેવરાવનાર ચારણોએ પ્રથમ તો
મા શક્તિને જ ઉપાસી છે એની કાવ્યો-
શક્તિની ઉપાસના પાછળનામા શક્તિનું રૌદ્ર-ભીષણ અને વિકરાળ
રૂપ જોઈજ્યું-રુપ ઉદ્ભવ્યું છે એટલે
બહુધર વગેરે ચારણ દેવીઓનું સ્મરણ-અર્ચન ભાથેના લોહીતુલાણ
છંદના મેદાનમા જ કવિપ્રણ નમે નામના ચારણોની આ રચના છે—

કમળ રાસ અજાણીય, ધજ પ્રમાણીય અજ કેવાલીય જજ આસા
મખ માત્ર સમાણીય ખેડકેડાળીય, જાણીય પૂનમચંદ જસા,
કેતાક વખાણીય કેવલ-વાણીય તોજ ઝખાળીય તોજ સમે
બરડીય બીજર તુરીય બાણીય, કજરડીય રાસ રમે.

ધમકે પાય ધરણ, તારે તરણર, ચાવ પગરે આમ સકે
દોય ચીર ધરદર વેરય ખરહરે, વાગ્ય ઝરઝરે ઝોર વકે
ઢમર ઝલ્ક ઢમ ઢમ, ઢોલીએ ઝમર નાદ સરનર પાય નમે—બરડાળીએ૦

કરે ચૂડ ખળકીય, ઝલ ઝબકીય નાક ઝળકીય નજ નય,
ઝળ-ઝાર ઝળકીય, વેણુ ઢબકીય શીષ ચળકીય પીળ-રુપ
આભરણ ઝબકીય, દેવ દેકારીય ઢાળ ટબકારીય ધૂત રમે—બરડાળીએ૦

જેની પર્જન્ય-ગર્જને આગળ વદામનો કવિ અંતમા તો સ્તવન કરે
છે શિવરૂપ શક્તિનું—

કમળ=પૂજારી. અજા=બકરો. ગખ=મુખ. માત્ર=બધા. જજ=બકરો. કેવાક=કેટલાક. તોજ=તુચ્છ. ઝખાળીય=ઝાંખી. બરડીય=બિરદાવાય છે. ધમકે=ધમકાર. ધરદર=પૃથ્વીમા ધૂમતા. વેણ=બાણોનો. ઝાઝરો. રેણી ભાદરવાવિષેનો વરસાદ. ઝોલ=ઝોલી. ઝકોલવાને ઝકડ=ઝડી ને ઝાલવા-ઝુલાવવા. ઢીબ ઝાડ-ઝીબડે ફળી સેવા બદરાવ=બદરો.

*શવરૂપ શક્તીય, સત્તીય જ્ઞત્તીય, તામ ધરત્તીય રૂપ તર્યા,
તોય રીત શક્તીય, અકળ ગતિય, ભીડ કમત્તીય ટાળ ભવાં;
કહે રામ કિરત્તીય, આપ ઉગત્તીય, શખ સપનિય તેણ સમે—બરદાળીએ૦

રાસ રમતી દેવીના હાથમાં ચારણે ખપ્પર અને ત્રિશૂલ કલ્પ્યાં, દુશ્મનનાં દળો ઉપર ત્રાટકતી જોગણી કલ્પી, શત્રુ-સૈન્યોના માંસ-લોચાનું, ગીધણીને પરિપણ કલ્પ્યું —

+રાખ તેગ ઝબોળાય, રાખસ રોળાય, ખણ ખબોળાય કધ ખળાં,
ઝપ્પા રમઝોળાય, ટાકણ ટોળાય, મેળાય જોગણ સાથ મળ્યા;
લહીઆ પળ-લોળાય, શ્રીધણ ગોળાય, શ્રીહર ટોળાય પેટ ભરે;
ખપરં તરસૂળ ધરે હય ખોડલ, દૈક જ્ઞવન્નાય હોમ કરે

દેવી ! દૈક દહીતાંય ભોગ ધરે

ઉપલી રચનાઓમાં 'મંડાણીય' 'પ્રમાણીય' વગેરેમાં આવતો 'ય' પ્રત્યય, 'કમર' 'ખપર' વગેરેમાં અનાવશ્યક અનુસ્વારનો પ્રયોગ, અને સ્રોન (સુવર્ણ) જેવાં રૂપો; ખળક્ક, ત્રળક્ક; કમત્તી, જેવા દ્વિત ઉચ્ચાર; એ ડિંગળી કવિતાની મર્યાદાઓ રૂપ છે. નાદ-મરોડો આપવા માટે જ એનો ઉપયોગ થાય છે. પરંતુ આ રચનાઓ ચારણકંઠથી પહેલી જ વાર લિપિબદ્ધ થતી હોઇ કેટલી અશુદ્ધિ હશે તે પણ કેમ કહેવાય? ડિંગળના મૂળ સ્વરૂપની વિકૃતિ પણ મુખપરંપરામાં થઇ હોય તો નવાઇ નથી.

ચારણનો બીજો પ્રિય ઉપાસ્ય દેવતા સૂર્ય છે. પ્રભાતના પતિ

---

* શવ=શિવ તોા=તારી. ભીડ=મારી કુમતિવાનની ભવની ભીડ ટાળજે. રાખ સપત્તિ=સુખ સંપત્તિ.

+રાખસ=રાક્ષસ પળ લોળા=માંસના લોચા. શ્રીધણ=ગીધણી. ખપર=ખપ્પર તરસૂળ=ત્રિશૂલ. ખોડલ=ખોડિયાર નામની દેવી. જ્ઞવન્ના=યવનો દહીતા=દૈત્ય

પર આરણ્ય એક નારીની જેમ વારી જઈને ઓવારણાં લે છે—

સૂર્યોપાસના

ઓવારણાં લેવા એ આરણ્યની પોતાના તા પ્રત્યે ને દેવ પ્રત્યે લાડભરી સન્માનરીતિ છે ઘણે ઠામે એ એક હાથે વારણાં લેતો બોલે છે કે 'વપ વપ બાપના!'—

જીવજે દીસા બાપા, બાપુ તુહારા પામણા,
મરણ કીયણ લગ માહ્ય રાખો કરણપરા ઉત!

(હે બાપુ! તમે બને ઊગ્યા! તમારા વારણાં લઉં હું હે કરણપના પુત્ર! જીવનથી મૃત્યુ લગી મારા માનઆમણ રાખજો)

ચૂર્ણ ઓને માન શ્રેષ્ઠ દેવ છે, ગાયું કે—

ઊગતુ અચૂક ઊગાનુ આગસ નહિ
થાકુ ન પડે ચૂક, કમાંે કરણપરા ઉત!

(તમારે ઊગવું એ તો અચૂક છે ઊગવાનું તમને આળસ નથી કદી એક ચળતી પણ ચુક નથી પડતી)

કે ઘરદર કે ડાકલા, કે પગે પાખાણ
(પણ) રાત ન જાગે રાસ્ય, કમાંે કરણપરા ઉત!

(કોઈ ઠાકરની જોડીને કે કોઈ ડાકલા વગાડીને બીજા દેવ-દેવીઓને રીઝવે, કોઈ પાષાણની મૂર્તિઓ પૂજે, પણ તમારા વગર કોઈ દેવની રાત ઊઘડી જાગે છે!)

ને સ્તુતિકાર આગે છે શું!—

---

*જીવજે=જીવવું=જીવન લગલગી। કરણપરા ઉત=કરણપના પુત્ર, ઊગેલુ=ઊગવું પણ કમાંે=કદાપિ કે=કોઈ

* આમસામા ભડ આકૂળે, ભાંગે કેતારા ભ્રમ્મ,
તણુ વેળા કશ્યપ તણા! સુરજ રાખો શરમ્મ!

(સામસામા સંગ્રામોમાં કેક સુભટોના ભરમ ખુલ્લા પડી જાય છે તે સમયે હે સૂર્ય! તમે મારી લાજઆબરુ રાખજો.)

ને પછી તો એ અન્ન માગે છે-બેગું એક દૂઝાણુયે!—

તારાં અજવાળાં તણો, મેમા કાઉ માંરાજ!
અયણુ ચારણ આજ, કી રે કશ્યપ રાઉત!

(હે મહારાજ! જો આ તારો સ્તુતિકાર ચારણ આજ દૂઝાણાનું દાન મેળવ્યા વગર રહે તો તો તારાં અજવાળાંનો શો મહિમા!)

પછી તો ચારણનો ઉલ્લાસ છંદના વાહને ચડે છે—

× પ્રથી ઉનસ ક્રોડ પચાસં
આશાવા પૂરણ મનઆશ.
પૂરણ મન આશ, જ્યોત પ્રકાશ, ચડણ ત્રહાસ ઉનસં
અદયાગર પાસ, કરણ ઉનસ, તડીઅડ વાસ પડ ત્રાસં.
ગોરસ રસ ગ્રાસં, દિયણ દાસ, મખણ છાસ કણ મેવા;
જે જે જગવંદન, કારાવનંદન, દાળદ્રનકંદન રવ્ય દેવા!

મનની આશ પુરનારા, જ્યોત પ્રકાશનારા, ઉદયગિરિ પાસે ઉનસ કરનારા, અંધકારને હણનારા, સેવકને ગોરસ રસ, ગામગરાસ, અને માખણ છાશ દેનારા, કશ્યપના પુત્ર રવિ દેવા! જય હો તમારો!

ગહકે ગોરાળા, છૂટા ગાળા, પંખીઆં માળા પરહરિયા,
દેયળ દેવાળા ટળીઆ તાળા, હુવા ઉનળા તમ હરિયા;
વાગા ઝલકાળા, નાદ વડાળા, સાધ સખાળા સધ સેવા—જે જે૦

---

* આમસામા=સામસામા. કેતારા=કેટલાયના ભ્રમ=ભરમ, આબરૂ મેમા=મહિમા, અયણુ=દૂઝાણાં ટોર વગરની સ્થિતિ

× પ્રથી=પૃથ્વી આશાવાં=પ્રાર્થું છું અદયાગર=ઉદયગિરિ કરણુ=કરનાર. તડીઅડ=તિમિર કારાવ=કશ્યપ નકદન=નિકંદન. રવ્ય=રવિ

ગૌરાણાસો ગરેબી (૫૮) દી છે, આપેના ગાળા (બેપ્ત) ધુમ્યા છે, પખીઓએ માળા નખ્યા કે પેલાના તાગા ખિખ્યા છે, અમેના ઉપ્યા કે, ગાનરો ચાલે છે, અરીબુનદના ગાળા (ના ચાળા) સાધુઓ ખિલો મેના કરે છે

*તપસ્યા જે બા ના ન્યુ જે ન ના અન્યુ ન ના ગરેના,
મનીના મા ન્યા લોસરાઓના લગ્ન ધીમના લીનના
આરે બા અન્યા અસ્ત્ર ધપ્યા જિ ન્ન ન્યુ અનેબાન્કે જે૦

તકરાનો બા બાનો કે મેં ન્યુ ન્યા કે લોબો બાપના ધાન્યા છે મહીના માન્યા (બેનાણુ) ધાબી ન્યા છે જેમ્ય અમ પ૮ાળી નાબીએ ઉમને ધણી ન્યો મહી ધૂમાણી દી કે બિલો આરે બાને બમ્ય ધાણી ધા છે ફુન્ન ન ધા પુકારે કે

(ઋતુગીતો)

બ્રિ પ્રે ત્યાં ગાબ પ્રીબે પ્ય ધ્ય નો નાબી ધ્યાનધ્યાન
અન્ય ધાન ધા ધાણી બમ્બે ધીના (કે પ્રકી
પીબ્રિની ઋતુગિ ધા ધમા) ગાબા ધન્ય ધા બાદ નો ધ્યા બમ્ય
ધ્રે બેબા ચુન્દ્રાનો ક્ષા લે બેન્યા નાબેન ત્યારે
કેટલે ધુ ધા ગરનન ધ્રિ ધાબો બે બા ચૂ ગુ ન્ની કે—

(બીજ ચોરે ઋતુગીત)

*બેબાન્ય બાબ્રિની બન્યા ધ બ્રિબ્ય બિ૦ ક્ષા
ઋતુગિબ્ય ન્યુ પ્રેબ્ય ન્ન ન્ય અન્યબ ન્યા બન્યો બ્ય

---

* કેટલાક લોકો કહે છે કે અર્જુન કૈલાસ ઉપર ગયો ત્યારે
ઇન્દ્રાણીએ પાર્વતીને આવા અર્થ ઉપરથી સંદેશો કહ્યો હતો.
બીજા કેટલાક કહે છે કે દ્રૌપદી પોતાની સપત્નીઓ ઉપર
ઈર્ષ્યા કરતી હતી તે ઉપરથી કૃષ્ણે તેને આ ઉપદેશ આપ્યો હતો.

*ખુદા તણી જ વકીલત ખાસી, પંચ જતનરા જ્યોત પ્રકાશી
ચકરે ચાહ બદ ચોરાસી, વીરપરે દરગાહા વાસી.

જપે આલમે કીત જણોજણ, રણતાલાસું પ્રીતિ રખ્ખણ,
આરાક કણી કુસુમરા ઓઢણ, પ્રેમગલી થાનકરા પોઢણ !

ગાવે ગુણનવાજ ગુજરે, પડે દરદીયાં પીર-દુવારે
થાનક આયો આશરે થારે, હિંદુ મૂસલમાન નહારે.

સકટ કટે હટે દુખરી શલ, અષ્ટ સિધિ નવ નધ ઘર અમ્મલ,
દુલ્લા થાને ભજે હેકોદલ હોય તિહારા મુરાદ હાંસલ

આંહી સુધી દરિયાપીરનો મહિમા ગાયો. ચારણની ખાસિયત એ છે કે જે વિષે કૃતિ રચે તે વિષયનું વાતાવરણ બહું કરવા ભાષામાં પણ તેઓ ભેળ કરે. અહી મુસ્લીમ દેવની ઉપાસના હોઇ મુસ્લીમ શબ્દોની રઘોળી પૂરી છે.

પછી પોતાના દુ.ખની ધાહ પુકારવા માટે એણે ચાલુ કાવ્યમાં જ છંદ ફેરવી નાખ્યો.

×મોરાદ હાંસલ કરણ માલક, સજે ખાલકરી સદા;
ભેટણો સુખરી અટલ વૈભવ, પેટણો સૂખાં-મદાં;
નિજ વકટ ખાવંદ ધાવ નખતે સકટ વખતે તું સગો,
દુલ્લા મહમ્મદ પીર દરિયાઇ, ભીર કર ભેડી ભગો.

અચળંક માથે પડી આફત, સખત કેદે સોપીઓ,
વળ હલણ ચલ્લણ અતિ વપતિ, થાનકે જપત થિયો;
ચકડોળ થે ઘનઘોર ચિંતા, જોર ગેહડો તણ જગો-દુલ્લા મહમ્મદ૦

ભુજદડ કોપ્યો દૂઠ ભૂરો, ઘાટ જેહડો તણ ઘડી
લોહરા નોધી દિયા લગર, કિયો કબજે કોટડી
તણ પરે જડિયાં સખત તાળાં, ઉપર પેહેરો આવગો-દુલ્લા મહમ્મદ૦

---

*કીત=કીર્તિ. રાલ=રિલા હેકોદલ=એક દિલે તિહારા=તેની
×ખાલકરી=બલકની. ભીર=જોર, સહાય ભગો=માંગો. થાનકે જપદં થિયો=કેદમાં પૂરી દીધો છે. દૂઠ=દુષ્ટ ભૂરો=ગોરો લોહરા=લોઢાના. લંગર=બેડી.

કેવો છે એ ઘુરો અર્થાત ગોરો ! કોઈ પણ ધર્મ પંથ પાળનાર નહિ, આખાય આલાર, અને પાણીમા નામો થઈને નહાનાર !—

કટવળથી આખા, પેર કુરતી, ગેર ને દલ માયણ,
તોકુમ હાથે મરા ટોપી, સોટી ન ઓ સાયણ,
ઉરામ ચીમ તારક હિંદુ ધાસ ચહેરે; તથ્ય લગો-દુ'ણા મહમ્મદ*

ગાખા ન ખત્રી, નહિ સોદર, વૈશ્ય બ્રહ્મન કુલ ચહે
હલ્યે ન મુસલમાન હિંદુ કવણ જાતિ તણુ કવે !
અલ્લહ રેવે ખાય અન્નખણ, નાંય અજમા હુઈ નગો-દુ'ણા મહમ્મદ*

અપરંપમ તે મુખ ધારી અન્યત્ત ન લે હેઠા નામને
કેહે ન મક્કા સનહ કાશી વદે ના કલ ધામને
રખ્યે ન પાર નમાજ રોજા પંથ બારે સાપગો-દુ'ણા*

ઘટઘા નાટી દીપ ગોકુળ, ગામ રેવા નહ ગમે
કુરાન ગીતા નહિ ખટકમ ભક્તિવાણી નહ ભણે
ચક્ર ટોપ ચહો નહિ નામો ટોપ રહતેથી દગો-દુ'ણા*

અજરેજ કેરે પેચ ગાયો તુહારી કુમળ તંઠે
ચરણ અહોનિ કાજળ કરી અલકી અલી કરવી કર ગાંઠે
અવાળ્ય કવિયા, તોડય ગેમ, કાનરો પકડી દગો-દુ'ણા*

પણ પરબ્રહ્મની ઓકોપાસના કરતા કુબેર બારોટ ચારણોના સમ-
ઓક સ્તુતિકાર ગણાયા છે બ્રહ્મનગરમા
ઓકોપાસના આવીને ગોરણી બનેના આ મારવાડી ભક્ત
કવિએ જે 'હરિરસ' રચ્યો, તે ઉિગણી-વાણીમા
ઊતર્યુ ત્યાન મેળવી શુદ્ધ છે એ લાંબા સળંગ સ્તુતિ કાવ્યમાથી
ઓક દુહો જ આપુ છુ

---

* આખાત આખા નમો-નમો બ્રહ્મ કારણુ-રહતા ચહાણુને અચા
પંથ બારણીનાથી કાનરોજવિ કાનડાનો દગોલ્લરામ પેગ્યો,

: છંદ મોતીદામ :

*બ્રમાય વિચારત ૩૬ બ્રહ્મ
ન પાવત તોરાય પાર નિગમ્મ;
પ્રમેશ્વર તોરાય પાર પળોય,
કૃશાણુ પુરાણુ ન જાણીય ટોય.

× × ×

અલાહ, અથાહ, અગ્રાહ, અછત,
અમાત અતાત અનત અનીત,
અરત્ત અપીત, અસેત અનેશ,
આદેશ આદેશ આદેશ આદેશ !

× × ×

અનાથ, અગમ્મ, અનેહ, અગેહ
દતાર અપાર અણુકળ દેહ
અરા અમછત અછત યોગેશ
આદેશ આદેશ આદેશ આદેશ

× × ×

નહિ તોય કમ, નહિ તોય કામ,
નહિ તોય ક્રમ, નહિ તોય ધામ
નહિ તુજ મૂળ નહિ તુજ ડાળ
નહિ તુજ પત્ર નહિ તુજ પાળ.

× × ×

નહિ તુજ માત નહિ તુજ બાપ
આપેજ આપેજ ઉપન્નોય આપ;
મનેચ્છાય બીજ ચડાવણ મૂળ
કવેચર વેચર સૂક્ષમ સ્થૂળ

× × ×

---

*બ્રમાય=બ્રહ્મા. તોરાય=તારો. પ્રમેશ્વર=પરમેશ્વર *કમ=કર્મ. ક્રમ=ધર્મ. આપેજ=સ્વયભૂ

કવિરાટ સમાન નિપાવીય સખ
દુઃખ કૃશ જોયુ કિયા સુખદુખ
નિપાવીય રૂપ ઉજૈ નરનાર
પધારીય જગ્ગ તણ્હો વિસ્તાર

શુદ્ધ નિરંજન નિરાકાર સ્વરૂપનું આલેખન કરતા કરતા ચારણ કવિને છપનિયા દુકાળની તસવીર કાળજાને હાથ પહોંચાડીને નિરૂપવી, કે આ વિરાટ વિશ્વ રૂપી વૃક્ષ નીપજાવીને હે હરિ, તેં સુખ અને દુઃખ રૂપી બે ફળ એમાં ઉગાડ્યા ! એની

મેનાણની સાખીઓ.

ઐતિહાસિકતા આજે પણ ચારણોને કંઠસ્થ છે તત્પરાત કંઠસ્થ ચાલે છે કે કાર્ય કોઈ વિશિષ્ટ પુરુષ આ પૃથ્વી પર રેલાવ્યું એ આપંદરા કવિએ વર્ણવ્યું હશે, તેને નસર–નરેશ રાવળ બાબે હમી કાવ્યતા, કવિ ઈસિર બારોટે એક મરિમા પુરાઈ જશે, મરિનના દાનને પણ બદલા થી ચણાની લીધા, તે એ જ કુદરત એક મેનાને આવે રાખી અજાજળ વિટોણી દયામા રૂપા ઈન્દી પોતા ની મરિની મેનાને અબોધી સ્તુતિ કરેલી, જે 'સોળ સાખી' નામે જાણીતી છે એનો નમૂનો—

પરોઢણ માથૈ રાજ દુઆપૈ
સાખ્યો ભ્રમર અરે
કેસરણને રમવા રોકયો
વાકો બલન કર
મેનાજી ! તારો નામ ધરે !

---

* 'કવિરાજ' એ બિરુદથી ઓળખાતા કવિ પીંગળશી પાતાભાઈ, જે કવિ શ્રી કાનદાનજીએ

૧ દુર્યોધન.

સીમાડાના સંગ્રામો

(વિષયસામગ્રી ચાલુ)

દાતારો ને શસ્ત્રવીરોની પુંજના પુંજ ભરી પ્રશસ્તિઓ રચાઇ છે તેમાં આપણી સામાન્ય માન્યતા જે એવી છે કે તેમણે ખુશામદ જ કરી તે સાચી નથી, કેવળ વિચારહીન

પરચક્રની ચઢાઈ પ્રત્યે અણગમો

યુદ્ધોમા જ શસ્ત્રવીરોને ધકેલ્યા નથી. તેમની ઉચ્ચતમ કાવ્ય-પ્રસાદી તો રસાનંદ અને રસોલ્લાસથી જ ભરેલી છે. શિહોરના ગોહિલરાજ આતાભાઇ (વખતસંગ)ને પેશ્વાની ચોથ ઊધરાવતી ચઢાઇનો જવાબ વાળવા ચારણે આવી વાણી વડે ગરમ કર્યા હતા.–

કવણ આભ ઊંડળ લિયે, પીયે દરિયા કવણ
તુ પખે કવણ ગર-મેર તોળે
ગોહિલાંશવ ગજગાવ ! થારો ગલે
ઊગરે નવસરઠ તુંજ ઓળે.

કોર વિણ મિયારી મીંની કાઠી થિયા
ખાન ને નમ દેઉ રિયા ખીજે,
હુઠે તો વખતસંગ થકી દખણી હુઠે
બાપડે હુઠે નો દખણ બીજે.

જોધ પેરંભણી ! ભીમ અરજણ જસા !
નવસરઠ તુ દશા કાધ નામે,

બારણાંમાં ઠેબડિયા અને દુખણી બને
ચિંતાસ તારી બાયમાય સાસુ.

નણુંદ, દરિયાવ, છાયલામાં કહું નથી
ઠોકર હુંબાહડ અટે નથી થાતા,
માડીવા રાવ પરિયાણ લાખા મ કર
હાઠ રે ઊંઠ બળ ઓડ આતા!

પોતરા રતનરા! ઘણા કહેરો પડે
હળારી પ્રેમઠ લખ વાર દીધી
ઘરે બેઠા બરે આકડે ઓકડે
લોકડે લાખેણે અવઠ લીધી!

કપતળો તૂ જ વારાહ રૂપી કિરો
ઠાકયા પછુ કહું નથી થતી,
ખત્રી રાય અખાડીત કેમ બેસે ખમી?
જમીં દાબ થયે રાખ જતી

કવિ દેશાભિમાન પ્રેરતા પ્રોત્સાહનની કાવ્યશૈલીનો આ નમૂનો છે રે આતા! તારા વસવ આજને બાયમા કોણ લડે? શિયા કોણ પી શકે? તું વિના મેરુ ગિરિ કોણ તોળી શકે? એવું તારી જ શક્તિ સોરઠને ઉગારવાની છે કામ કેકાણા વગર કાળીઓ મીયાની મીની જેવા થયા છે દુકાળગ્રસ્તો બાજ અને નબરનો જમ બેઠ ખિજાઇ રહ્યા છે એટલે આ મદોન્મત્ત ટોપીવાળાનું બનેલ કપની સરકારનું સંસ્કૃત અને દક્ષિણી (પેશ્વા) એક તાબા નબરે બાપડા કાઇથી નહિ કરે તારા બળ દીન અન્ય કોકારોબારી પાણી ઉતરી ગયું છે પેશ્વાના પગ તળે મર્દ આવવા તૈયાર છે પરચક્રના રમાતમાં જતી સોરઠ બચાવે ઉગારનારો તું વગડાઉ બળ થયું તો શું કરી શકું! પણ જગત કહેશે કે આજ સુધી તે બાપોબાર સીમાડે જઇ

લશ્કરોનો માર ઝીલ્યા પછી છેવટે આ લુચ્ચા બ્રાહ્મણોએ (પેશ્વાએ) ઘેર બેઠા ક્ષત્રિયની ધરા ઝૂંટવી લીધી.

પેશકશી ઊઘરાવવા આવતા પેશ્વાના સૈન્યો સામે ટક્કર ઝીલવાના કેક સીમાડાના સંગ્રામોને સોરઠી ચારણોએ બિરદાવ્યા છે. ગાયકવાડ અને કંપની સરકારની લશ્કરી ભીંસ

પરચક્રો સામે દાઝ સામે ખડા થનાર ઢારકાના વાઘેરોની મર્દાઈ ચારણોએ લાંબા ગુજકાવ્યોમાં ગાઈ છે. કંપની સરકારના ગોરા અમલદારોના અપહરણોના કિસ્સા પણ આ ઠકરાત-કવિઓએ કાવ્યાંકિત કર્યા છે. એ બધામાં પ્રધાન સુર પરચક્રના ઉગ્ર સામનાનો છે. એ સામનાની ભાવના કેક મુસલમીનોના સમયથી ચાલી આવે છે. પાદશાહી ફોજોની સામે જાન્ય પ્રાણવિસર્જન કરનારા એકલવીરોના વીરકાવ્યો સોરઠમાં પણ પગલે પગલે સામા મળે છે. રાણા શાખના ચારણ દળપતિ વીહળ રાબાએ પોતાના અગીઆર મિત્રો સહિત, પોતાના આબરડી નામે નાના ગામને પાદર પાદશાહી ફોજ સાથે સંગ્રામ સ્વીકારી સ્વર્ગારોહણ કર્યું તે સમસ્ત કથાનું 'નિશાણી' છંદનું સુદીર્ઘ ચારણી કાવ્ય એક કરમણ ચોટાળા નામના મીર-મુસ્લીમે !-શુદ્ધ ડિંગળી મરોડોમાં રચ્યું છે, (સૌની ૨. ભા. ૪ 'અણનમ માથા' વાર્તા ૧ લી : અને તેનું કથાગીત પરિશિષ્ટમા) તેની થોડી વાનગી આપું છું.

: નિશાણી :

પ્રમ ડાડો જેરે હેક પખ, પખ બે પાનંગરા
ગઢા પરઠે નવનગર ચોરાશી રાકારા,
વાહણ નિગમ ભડ વગબે પખ બે વટવારા
ચારણ તારણ ખતરિયાં વેદગ વચારા
ભલા સે ચારણ ભણાં દાતા સવચારા
તબર નાગ સવસંતે નરા અધકારા.

અર્થ—જેને એ પક્ષે (પિતૃપક્ષે) બહોળો દેશ છે અને જેને બીજે (માતૃપક્ષે) ગોકુળ પ્રદેશ છે, એના નવે નગરના અને ચોરાસી ગામના સંધીઓ, જેને વેદ રૂપી વાહન છે જેના બને કુળો મોટા છે, એના હાનિયોને તારનાર યાદવો વેદને વિચારનારા એના બન્ને એ યાદવોને વર્ણવું છું એ તાતા છે સુવિચારી છે અને તબર, નાગ ઇત્યાદિ એ નરા ચારણના વડવાઓ છે

નવનગરે નરહા વસ્ય કો જસ ગણ ચારણ,
બારણ રેણ સનીચર, રૂગ—ઘોક સકારણ,
ચાત દીપ ય ા ગુપ કળા નો કળ તારણ
માચે બાત્ત કરે મન ચડે વેરો વકારણ
તાથ વ ાણ્ય ચીનવા નર રે નારાયણ

અર્થ—એ નવે નગરના ચારણોમા નરા કુળના ચારણો ચાર જુગ સુધી મોટા છે પોડિયાનુ વાહન રેખે છે, સ્વર્ગલોકના કમી છે ચાલે દ્વીપમા એનુ શુદ્ધ કુળ છે નાના ચડે કુળને તારનારા છે યુદ્ધ મચે ત્યારે નિર્ભય મન રાખે છે એટલા માટે હું એને વખાણુ છું

ન ચારણ પરીયે ચડો ચારથ ગાહન
સબાણ બત્રીસે સોરાણ ચિત કુર બાલચ્ચન
નારાયણ નગરો નવનખો, જોડો ગામાજણ
ચોરાણી નખ ચારવે બરિયો દાનાજણ
બારપ ા રોજે બાચરે દો માજે બેબે દળ
બાલણ દધિચો ધારાઉ ચિતો બખુકમ

અર્થ—એવો ચારણોમા એક ન રથી બીજા બત્રીસલક્ષણો ચડો ગોનીનો બાણનાયમાન ચિત્તવાળો ને નગરના ચારણોમા નિપુણ એ નવે જેનુ નિપુણ ગણાજણ ચોરાણીએ વર્ણવ્યા જે ચારણો કહેવાયો જે બગાડે ગોનાઓની માટે ચડેલો)

ગાનવ શેન સનાયા, રાખળા ગરતાણા
ગં પચાળા ઉપરે વટિયા દિવાણા,
શેપ સળકે ભારસુ, કેાર ૯ કચકાણા,
ધર અંબર રવ્ય કેાંખળેા, ઠાર ચટે અઢાણા
યાનકે વીહળ વાત યે નરટે નરડાણા
દેવારીઆ ડાડાવળે નરબે નિશાણા

અર્થ—શત્રુઓએ સૈન્ય સજ્યું. સબળ સુલતાન એ પાંચાળના રાજ્ય ઉપર ચડયેા. એની સેનાના ભારથી શેષનાગ સળવળ્યા. કાચબેા કચકચી ગયેા. ધરતી, આકાશ અને રવિ ધૂંધળાં બન્યા. વીહળના થાનકમાં વાત થઈ. એટલે એ ડાડાવળે (વીહળે) યુદ્ધના નિર્ભય નિશાનેા સામે દેખાયા.

મુસ્લીમ ચટાઇનેા વ્યુજ્ય વીંધીથી સામનેા કરી અપી જનાર જેત-પુરના કુંવર ચાંપરાજ્વાળાને આગણ વચ્ચર કેાણ બીજે આવી કાવ્યાંજલિ આપત !—

આડા તણેા ખડયે, પેાહવ ! પારીસેા કિયેા;
કર દીધા ક્લબે, આડા એભલરાઉત !

[એ રાજ ! તેં તેા યુદ્ધક્ષેત્ર રૂપી જ્વાળામાં આંડાના ઝાટકા પિરસવા માંડયા, એટલું બધું પિરસાયું કર્યું કે હે એભલના પુત્ર ! મુસલમાન જ્વેદ્ધાઓ રૂપી જ્વાળા એકેલા મહેમાનેાએ હાંઉ ! હાંઉ ! કરી આડા હાથ દીધા; અર્થાત તેઓ તારા ત્રાસતનથી ત્રાસી ગયા]

સર ગેાણી સાબળ તણા, માથે મે ધીઆ,
[તેાય] ચાંપેા ચાયે ના, ઓળા એભલરાઉત !

[ચાંપરાજ્વના માથા ઉપર તેા તીર ગેાણી અને ભાલાઓનેા વરસાદ વરસતેા હતેા, તે છતાં એ એભલવાળાનેા દીકરેા કેાઈ એથ લઇને એ વરસાદમાંથી ઊગરવા ભાગતેા નથી; અર્થાત નાસતેા નથી.]

પતગ્રહે પતગરીમા નૈ, પોહપ પાખા બય,
આપો બાળામય, હરિ બોલવરાવત ।

[પાદશાહની પાસે પ્રભાતે માનવ કૃપગામ લઈને કૂપો દેવા માટે પાદશાહે પૂછ્યું કે 'કોના કૂવા છે ?' માનવ કહે કે 'આપો' 'આપ રે આપો !' ...રતો પા શાહ સમજે છે, 'આપો' કૂવાનું નામ માનતા પણ એને લાગે છે કે કદાચિત્ આપો (આપકાર) બાનડીમાંથી ઊઠશે। માનવ પુત્રોની બાનડી લઈ પાછી આવી જાય છે]

આ એ તો ઠીક, પણ એની બોલે યુદ્ધમાંથી બની અસાર એક અક્ષત (?)ને તો આવવા પણ બીજા કોની કવિતા જ્યાં સાંભળો ય કવન !

રાધીનો રાખનાર, કહ્યા સે ચેતવ્ય ત્રિયા
બીજા કહ્યો વિચાર તે ઈ બન્યો કોયરા ।

(હે રાધીના રાખનાર ! તે તો મુખ્ય ચેરના સામાન કાપવાની બાબતે કહ્યા (પુરુષમાત્રો)ની ચેતવી નાખ્યા છે કોણ !) તમારાનો પ્રયોગ તે કેમ કરીને બન્યો !)

આસે ઉપજ્યો ઉદ્યોત પેલા ઉદયો ખાન
પૂર્યમા પછી બાત બમબ્ બમાકાર કોયરા !

(હે કોણ ! તું તો અક્ષત, જેવો અમાડિ તો તું બમમા માટે પ્રથમ પગમાં જ આવતો, બાજે ત્યા ત્રુટ્રુપી બમબ્રાવામા તું પછી જ પ બમમા બમવા લાગ્યો તો એ ત્રુટ્રુપી બમબ્ બમનો ધ્વનિને ગબ્ધોમા પ ! આવિ પછી તે તો કોમ્પ્ બમબ્ બમ !

દિલ્ બો મ્ટ્ન પા !, અનાવશ્યક અનુપ્રાસ, કૃત્રિમ 'ય' જેવા પ્રત્યયથી દિલ્ ધૂર્ ટ્રાનો બાનીના ક્યા ! કા પો પક્ષ છે તદ્રુપ ના આની ખિ ત્યોગ્યે કવિ ભાલના અન્યથા આપ્રાપ્ય કોય

સાથેનો સાહેદીઓ સાચવ્યાં છે. સૌરાષ્ટ્રદેશના લખાએલા ઇતિહાસમાં કે રાજ્યોનાં દફતરોમાંથી ગેરહાજર જ જોગીદાસ, અભો સોરઠીઓ, બરવાળાના શેઠ-શૂરવીર ઘેલાશા, તેમણે કરેલાં પરાક્રમો, પાળેલા ધિરદો, સહેલાં સંકટો, રહેલા અન્યાયો, દાખલાઓની બરદાસતો, સીમાડાના સંગ્રામો, જે લોકજીવન, લોકપ્રકૃતિ ને લોકસંસ્કાર પર પ્રકાશ પાડનારાં તેમ જ લોકચારિત્ર્યને ઘડનાર અંગો છે, તે ખુંબડે ખુંબડે વીણ્યાં છે. આ બિરદાઇઓની કહે-વાણીએ સંઘરેલી એ ઘટનાઓ, 'મારી સોરઠની રસધાર ભાગ પાંચેમાં, સોરઠી બહારવટીઆ ભાગ ત્રણેમાં દુહા ગીતો ને છ તેની કાવ્યરચનાનો આધાર લઈને પુષ્કળ પ્રમાણમા પડી છે. પંડાશી બસીઆ રાજની ઠકરાતનો કોળીઓ કરી જનાર ગોહિલરાજ વખતસંગજી (આતોભાઇ) તેમ જ હીરજી કામદાર પર ભરવસ્તી વચ્ચે વેર લેનાર બસીઆ-કામદાર અભા સોરઠીઆને, કે મુદામડા ગામ પર ચડેલ ઘાડાં પર સમસ્ત વસ્તીના દળબળની જોડાજોડ એક ઘાડકાનો નળો લઈ ઝૂઝી પ્રાણ દેનાર રબેહર (ભંગી)ને ય આ ચારણી વાણીએ બિરદાવી ગ્રામવીરો, સીમવીરો અને કુળવીરોના ઇતિહાસની વિગતો સાચવી છે આજેય જ્યારે જ્યારે કાને પડે છે એ પંક્તિઓ—

ચાગી હાક અપોગ વખતે, લોપી વેણ વાસતે લાજ,
ઊડી ચડે કડોરે અમલો, અમલો મણા ન રાખે આજ.

× × ×

અમલે તાતી બાગ આછટી, થરહર ભાવાનગર થિયો,
હેઠી આતા તણી હીરજી, કટકા મેડીમાંય કિયો

—ત્યારે એ વિશ્વાસઘાતી ભાવનગરનાથની મેડી પર ચડી જઇને સામે ખડો થનાર, 'મારા ધણી જસા બસીઆનો હિસાબ આપો છો કે

કેમ ? એવો જવાબ આપનાર, અને ત્રિભોવનવાળી વાત તો મારો કામદાર દીકુ મહેતો જ જાણે છે' એવું દીકુના સોગંદ ખાઈને કહી છૂટેલ કાકો ખાતાભાઈને છોડી મીંઢો દીકુ કામદારની મેડીને ઢંઢોડે છે- ગનાર અહા વાણિયાની બપોર પોતાની હાક સંભળાવે છે, એની તાતી તબકારતો દીકુ મહેતાની કૂ પર પડતો ઝાટકો સંભળાય છે 'તાની બાગ ખાળકી !'—ભાવનગર થરે છે અને 'એ બબા ! મને મારમા !' એવી દીકુ મહેતાની કાકલૂદી સંભળાય છે

બાપી પેતે તાપ ઝોકિયા દેઝી દાઝે મૂજ મ દાખ્ય,
ઝેવું આ દેહ દિકે લાખ્યા, મેદા ચોર, મુ ઝવતો રાખ્ય !

કે હે બબા બબા ચોર ! હું તારા બાપની બબા બાંધીબાંધુ પાછી પેદા લેવું ચુકતે કરી દઉં, ઠક પણ ચુકાવું, અને ભલો થઈને જીવતો રાખ !—તેના જવાબમાં સંભળાય છે ત્યારથી પેતાના કરતા કાળજાની ચોર દીકુ મેતા ! ત્રિભોવન તો કહે—

'કરશુ હિસાબ બબા કને

મારો મુખેથી ખરી બબો બન્યા છે ને—ત્યા મુ પરીમા આપણે બેઉ બબાને હિસાબ કરશુ બોને બોલતા જો ઘરમાંથી કહે—'કરશુ હિસાબ બબા કને !' મારવા આવેલને અટકાવી કે મણીની બાબે હિસાબ ચોપડા કાકા કાઢીને અને કા મહેતા દીકુને સામને પોતાને બાતે જ મૂંઝવણો બબાવું છે, પોતે બબવાનો નથી

આ બબા સોરઠીબાને માર્યા પછી ખાતાભાઈ કાઠિયાવાડની બાબર વચ્ચે કૂતરાની જેમ કામગીરી બબાને મોટા કરતા ત્યારે પણ ત્યા ચાણજ ગિરનો હતો અને કાઠિયારને મોતમોત ભેટતો હતો કે—

બાર્યા મે મૂવા ન્યો પોચ્યો અજુ ઘરે !
મેતાને મોપ કર, બાદો મોરઠીનો અમે.

એટલે આ બિરદ–ગીતોને કેવળ અત્યુક્તિમય પ્રશસ્તિમાં જ ન ખપાવતાં તેમાં પડેલી ઐતિહાસિક વિગતોની દૃષ્ટિએ તપાસ કરવી ઉચિત છે. નથી ભૂલવા જેવું કે રાજ્યોની શત્રુવટ ખેડતા આ નાના નાના વીરો ટેકધારીઓને જીવતાં ને મૂઆં લાડ લડાવતો લોકકવિ કંઈ જેવું તેવું જોખમ નહોતો ખેડતો.

જોખમ ખેડતો રંક કવિ

એનો એક દાખલો—ભાવનગર સામે ઊઠેલા ગીરવાસી બહારવટીઆ જોગીદાસને ખતમ કરવા બીડું ઝડપીને કેવળ ધનામની લાલચે ચડેલો જસદણનો કાઠી ઠાકોર શેલો ખાચર પોતાની સાથે પોતાનું ધીંગાણું જોવા એક ગાંગા નામના પોતાના આશ્રિત રાવળને (એ પણ ચારણી વાણીની સાહિત્યકાર વહીવંચા કોમ છે) લઈ ગએલો. પણ શેલા ખાચરને 'છો વીસું' ઘોડે જોગીદાસની સાથેના દસ જ સુભટોથી નાસવું પડ્યું. એ નામોશીનો સાક્ષી બની કવિ પાછો જસદણ આવ્યો, મૂગો જ મરી રહ્યો, પણ એના જીવાઈદાતા દરબાર શેલા ખાચરે પોતાની જુદી પ્રશસ્તિ રચવાની એને ફરજ પાડી. ઘણી આનાકાની પછી એ રાવળે ભરકચેરીમાં આવીને આ ઠેકડી–ગીત લલકાર્યું—

બળ કરી અતમ હાલિયો બોશે
લાવું પવંગ (જાણે) ખુમાણુ ના લોશે,
ખુમાણે દીધાં ભાલાં તરીગમા બોચે
(તે) ભોંયરગઢ લગ આવ્યો ભુશે!

ખાચર બોટ દૂસરી ખાયો
ઝાળે ખુમો ભાણ જગાયો
કંઈ શેલા કામ કમાયો,
ગરમાં જઈને લાજ ગમાયો.

ઘરપત સમે પિયો ધૂમાણો
ચાખી મેલ્યા રોઢ રામાણી
માર્યા કૂરતા રોઢ મોકલ્યો
કરડ કરેણ બાણે રેખાણો

આવધૂડરો કહુ અલખેલો
એવ નાઇને બીજે ખેલો
ગાગરીયો કહ્ય ઘોરે ઝીલે
છેલ પીપુથો બાગ્યો શોલો

આ ગીત ગાજરીને બીજાઓએ રોના આગરે કહ્યું કે 'મારા જસલખુની ખજાર નીળી કર' ત્યારે 'શુ તારા જસલખુમા ?' એમ કહીને ગાગો રાવળ ચાલી નીકળ્યો હતો

આ કેડી-ગાળામા જોઈ ગયો કે હિન્દમાગ વીરદોહીનુ વતુંન કરતી પક્તિઓના મરોડ જ મકકરીદાર, કરગા, કરડાઓના છે જ્યારે છેલ્લી કડી, જેમા વીર જોગીદાસને 'આવધૂડરો અલખેલો' કહ્યો છે, તેમા પ્રાણાનુપ્રાસ મુનાસબ છે

કહા વીરરસની પ્રૌઢી ચમત્કાર ગોઠ લાગી વીરગાથામાથી
થોડી નમુનેદાર પક્તિઓ લઇએ અને
જોગીદાસ ખુમાણ યાદ રાખીએ કે આ કૃતિ ગરીબ જોગી કવિ
નુ વિજેદ-ગીત ખુમાણના રોઝ આપિતે નહિ પણ શત્રુરાજ
ગોહિલપતિના કવિએ રચી છે

ઘટ ઘટિયા કે દિ વેરીકેરો પાટો, આકૃતિલા આગે અરીત્ર,
વરજ કરી મરકે અબ કરિયા, સુભટિયા અટિયા તરસીત્ર

વધુપ કરવા બાપુ નવ ચૂકા, સાકળ તોડ અકરા સિદ્ધ
મારે ખેપ ખેપ ખુમાણો, રોહ ચલે સર નવો રીદ્ધ

જૂસણ કસીઆ જોધ જુવાણે, ખૂમાણે સજ્યા ખંધાર,
પૃથ્વી કીધી ધડે પાગડે, બાધે દેશ પડે ખુંબાડ.
દીવ અને રાજુલા ડરપે, શેષ ન ધરપે હેડે સાસ,
આવી રહે અચાનક ઊભો, દી' ઊગે ત્યા જોગીદાસ.
આઠે પહોર ઊદ્રકે ઊના, ઘર જૂના સુધી ધમસાણ
પાટણરી દશ ધાહ પડાવે, બાગા બળ ખાવે ખુમાણ
(સોરઠી બહારવટીઆ ભા ૨. જોગીદાસ ખુમાણ)

એમ આખી કથા છે. એના લય, પ્રાસાનુપ્રાસ અને શબ્દભાર સમથળ નદીની જેમ વીરતાનું વહેન બાંધી આપે છે. વ્યર્થ આડમ્બર કે મારમચરડાટ નથી ડિંગળી ભાષા આસાનીથી ગુજરાતીમાં સરી ગઇ છે.

સીમાડા-સંગ્રામોનું સ્વરૂપ જે ક્ષુદ્ર કારણોથી હરયારપદ કોટિએ ઊતરી ગયું હતું તેની પણ મોજ લેનારા ચારણો થઇ ગયા છે. વ્યંગમાં ઉપહાસ કરવાનુ એને આવડતું હતું.

મુર્ખાઇભરી વીરતા એનો એક કિસ્સો ૧૮મી સદીનો છે વઢવાણના ઝાલા રાજા પૃથ્વીરાજની એક બકરીને હળવદના ઝાલા રાજા હરિસંગે મારી નાખી અને એનો માંસભક્ષ કર્યો. એનુ વેર લેવા વઢવાણનાં સૈન્ય વારંવાર હળવદ ભાગવા લાગ્યા. અને તેનું પાછુ વેર વાળવા હળવદપતિએ પેશ્વાની બાબારાવ વાળી ફોજને પૈસા ચુકવીને તેડાવી વઢવાણપતિ પૃથ્વીરાજને નમાવ્યા; એ આખી મુર્ખાઇની કથાનું mock-heroic, મસ્કરી-કાવ્ય એક ચારણે રચ્યું કે જે આજે પણ 'ઝમાળ' નામે છંદમા પ્રચલિત અને પ્રસિદ્ધ છે. એના છંદનો તેમજ રચનાનો થોડો નમૂનો જ મારી હસ્તપ્રતમાંથી આપું છું –

ઝમાળ

અન કળોલે અવતરી, પીયલરી ધર માય
વીશ પેલો રણ વખે, જોગણ ભોગ જકાય.

સોમણ સોમ કરાય બત્રીસા કેરી,
બલી કીયારી ખૂબ ધીયારી બોડુની
ઓરે ઓર માસ અસ્પ્રી થાણીયા
યોગી કપા બાપ કે ઉપર કણીયા

અર્થ—પીથલ (પૃથ્વીરાજ)ની બત્તીમા એક બળ (મદરી) બાયાને બાતરી સોમણીના બતરીમા સોમ કેની, ભરપૂર ધીયો ભરેની, બરેબર બામનાણી અને અસ્પીઓ તો એકબામા થાણીએ થાણીએ ભરેની કેના ઉપર પ્રભુએ બાણે કે મદ્ કોની બાપ સિબાની હોય એની ચેત બામદી હતી

પળને બાને બળ ચડે પળ બાધે બળ બાય
મૈતુ તો મુબ્રાય મન ચેતુ તો બધ બાય

ચેતું તો બધ બાય બાદ બા બતની
બા બિંદુ બિચ શાસ્ય બધારી હોય ઘણ
બજાત દુબા હોજ ચડે પય હાકણી,
ચેબી બાલ નિજ હાય ચેહ્ક ૬ બાતની

અર્થ—હુબાન હાકોર હુરિબ્રગને બા હુષ્ટપુષ્ટ બકરી કેબાને થયુ કે બાતુ બામ બાહુબે તોજ બળ પડે બા બકરીને ઝોડી હતુ તો મન મુબ્રાય છે, ને જો મારી બાઉ તો કેના બીજ વધાય તેમ છે બરાબુર અને હુબાન ગર વચ્ચે મુબરાબુ બોકરો તો પણ હુબાનથી રાજની હોજ ચડી અને બાત બ્યહ્તે જ બકરીને ચબેની બાઈ ગયા

પૂબી બા પીથલ બાગે બોમ બગો ચહનાબ
બોબજીયા કેલાબુ બાય બાગજીબા નીશાબ

બાગજીબા નીશાબ દ બાબા દહની
બબે ચબ ની હોર બાઠે દશ ચપની

કૌરવ પાંડવ જેમ લોહાંબડ કોપીઆ.
રાજે પરથમ મૂળ કળાના રોપીઆ.

અર્થ—આ વાતનો પોકાર પૃથ્વીરાજ પાસે પહોંચ્યો. વઢવાણનું ગોમ ગાજી ઊઠયું. ઘોડા પર યોદ્ધા ચડયા અને નિશાનો ગાજ્યાં. દદામા દડદડયા, કૌરવો ને પાંડવો પેઠે, લોખંડી સુભટો કોપી ઊઠયા, હળવદરાજે કલહનાં પ્રથમ મૂળ રોપ્યાં.

હળવદે દી ઉગે હાથ્રે, રોજ ધબે વઢવાણ,
ફેર્યા નહિ પાછા ફરે મારકણા મકવાણ.

મારકણા મકવાણ અણી અણ મેળવે
ભાલાં તણી જડ ઝીંક એકાંએક ભેળવે;
જૂને જૂના વેર વેધાણ જાગિયાં,
લોહાળ શું એલ લંકાળ લાગિયાં.

તે પછી તો બેઉ રાજવીઓ વચ્ચે વડછડ ચાલે છે, તે પણ પ્રચ્છન્ન હાસ્યનો સુંદર પ્રયોગ છે. કોકટનાં અને ગમારૂ વૈરની આવી હાંસી ચારણ વગર બીજો કોણ કરત ?

વઢવાણપતિ કહેવરાવે છે—

રાજે કાગળ ભેજીયા રથવા ફર રામાણ
રાણ હરિસજ તાણ્ય દળ, ખગ ઘોડાં વઢવાણ.

ખગ ઘોડાં વઢવાણ અબેલા બેલવા
થાટ પથારા ઝાટ ઝણબે ડેલવા
[1]બેગાં ડાબાંમાંય ખુદાવું ખાખરાં,
[2]કોટ તણા અસમાણ ઉડાવું કાંકરા.

---

૧ ઘોડાના ડાબલા નીચે તારી ભૂમિના ખાખરા ખુદાવીશ. ૨. તારા કોટના કાકરા આસમાને ઉડાવીશ.

તેનો ભત્રીજો દુર્જનશલ્ય દુર્યોધનને આવે છે—

હે દરિયદ કૃપાલુ લખ વળ બોલ્યો વંશાલુ,
દુર્જનને નદ લીલવી ખુદ પધા મદ બાલુ

કહ્યું પધા મદ બાલુ નથી નહ ધારીએ,
દુશ્મન સાથે બાપ ભરતા દાદીએ
કર મા બધ બપગીન બાલને બારણે
બાપી કોક બમ રેપ તેડાવીગ બારણે

વેપી બાલ ન કુબરો દૂબે બ્યો દરબ
કૈલાશે કરમી બધા, તોકારો બવરબ

સીકારો બતીબ બારબા બાબરો
દેક બવાબા કોક કબાબ્યા દાબરો
ઓને માની કોક પિબાબે બાબરો
બબ દાબા દીકોબ ને બાબે બાવશે

છેટે બામાડક પોબાના બાકુતી સૈન્યને તેડાવી દુર્જન પતિ પરાક્રમને બમાવે છે—

કપક દબરે તોડિબા બબિક્ક દીબાબ
બાબુબો બદબબ કર ઉકબીબો મેદાબ

ઉકબીબો મેદાબ બરબ્બા બટબટે
બાકે દરબા કબ બદબ્બા બાદબે;
દાદબબા મિદ કબ બબ્બા દુબો
બબુબ્બ બો કોબ્બ નિકબ્બા મુબકે

ક્રાંતિકારી ૬ બાતબ્રબુમાત્ર બાદબ્બાબુ બબીન વિષ્ટિ કાબીબિબી દોનું પિબર્ટ બાકુની સૈન્યો બાબ બુબે દાબ કબાબુબાકોમેબ બાબ્ય ઉકબો વિકબબ્બ-બ્ય મેદાબબોબ્બ દુબિબે બાકબાકબ કબની બોબ્બ દાબદ્ર બો બુબબ બદુબ બોબા દુબિબ દ્ર

વઢવાણરાજ ઝાલો, હળવદપતિ પણ એજ વંશનો, છતાં એકને તારાજ કરાવી બીજાને કેવો સંતોષ લે છે!—પારકી ભાડુતી ફોજના તોપગોળાથી વઢવાણનો કોટ તૂટી પડ્યો, પીથલ (પૃથ્વીરાજ) ભારી વજનનો હતો તેને તાજુડીમાં તોળીને હળવો ફૂલ કરી બતાવ્યો, રણુવકા પીથલને રંક જેમ રણમાં રોળ્યો, એને બબેવાર ભગાડ્યો, એ પેશ્વાની પેશકશી ભરીને હાથ જોડી જીવ્યો—

*ઢીસણ ગોળા લગ ગયા, કોટ પડ્યો ઉથલ્લ;
પીથલ ભારે સલ હતો, કીધો સો હળવો ફુલ્લ

કિયો સો હળવો ફુલ્લ તાજુ લૈ તોળીઓ,
રાવ હતો રણવંક રંક જ્યમ રોળીઓ;
ભાગ્યા દો દો વાટ માધાણી ભાયીઆં
રણુ અખાડા કિયા અઢાણી હાયીઆં.

પેશ ભરી નમીઓ પથે, હુય જોડયે અણભંગ,
હે દેયન્ત ભોન્ત અદા રાજહથાને રંગ.

રાજહથાને રંગ ભોપાળે ભાખીઓ
રજવટ હુદો ચાલ ધરાણે રાખીઓ
અતણી બળ જધ જીપ ધરાંદરા આવીઆ,
ગુણીયણ મેદે એમ ઝમાળે ગાવીઆં,

કદાચ હું જ ભૂલ કરતો હઈશ! સાચે જ હળવદરાજના આશ્રિત ચારણે ગંભીર ભાવે આ બિરદાવળ ગાઇ હશે! તો તો પછી, જૂઠા નોટ ટેક ખાતર પડોશી ઠાકોરો વચ્ચે ભયંકર કલહ જગાવવાના ચારણી દૂષણનું જ આ સચોટ દૃષ્ટાંત સમજવું.

---

*ભારે સલ=શિલા જેવો ભારે. તાજુ=ત્રાજવું. પેશ=પેશકશી. દેયન્ત=બીજા હુદો=નો. ધરાંદરા=ધરતી દિશાએ

નિસર્ગલીલા

(વિષયસામગ્રી આલુ)

પણ મિત્ર ને વિવેચનને માટે એક બે પુસ્તકો ખપમાં આવી લેતા આ ઐતિહાસિક પ્રસ્તાવનાઓનો પ્રદેશ ઊંડો ખેડવા જેવો છે. આપણે અમૃતિ-લીલાના કાવ્યપ્રદેશમાં પ્રવેશીએ છીએ ત્યારે એક ચોખવટ કરી લેવી છે આપણી ઉત્પત્તિ વેદોમાંના ઋષિઓના અગર તો દેવોમાંથી હોય કે ન હોય, પરંતુ વિદ્વાનોના કહેવા મુજબ આપણો સિથિઅન તો ખરા નહિ, આપણે તો તેના પુત્રને એક સ્મૃતિપ્રવર્તકાર ગાદિત્યરોની વર્ણપરંપરા લેખે જ નિહાળીએ એ હિસાબે આપણામાં ઉપાધ્યાય, ભાટ, ચારણ, મોતીસર, મીર વગેરે જાતિઓ પણ આ ગાદિત્યપરંપરામાં સમાવેશ પામે છે પુરાણનો Bard જેમ 'at once a poet, a penegyrist and a geneologist' હતો તેમ દેવતાને બદલે આપણો geneologist, વંશાવળી બનાવનાર ચારણો બારોટોનો વર્ગ જુદો છે એની બે કારણોની ચારણી છે પ્રજાના કુળોને આપણે નવા જ મેળ સંતાનોના નામ મળતા એની ગોતરીની 'દેવ' રૂપે સ્મરણીયતાને આપણે જ્યારે ઉપસારવામાં આવે છે, ત્યારે એ છેક વિશ્વની ઉત્પત્તિથી પ્રારંભ કરીને આપણા વંશ-ઇતિહાસનો

પહેલી વાની પાછી

કાવ્યબદ્ધ મુખપાઠ કરે છે. પણ એ લપસીદરને કોઇ બીજા પ્રસંગ પર મુલતવી રાખી આપણે અત્યારે તો એ મિષ્ઠ ભોજન જમવા ટાણે જે અન્નદાતા યજમાન બિરદાવળ બોલે છે તે જ લઇએ—

ખા...પો...હડહડહડ ધી ધી ધી
ન્યા હોય લીલા દી'
દૂધુંવાળો દડેડાટ,
ઘીયુવાળો હડેડાટ
એમા [૧]માડીયું [૨]આઇયું
ને માડીઆ [૩]આપા
જય તણુતા
જત્રા ઘો,
કોઇ આડા ફરતા ને
કોઇ ગવળ આવે હડબડે
કોઇ પડપડે
કોઇ મનમાં કચકચ થાય
કોઇ [૪]મળીયું ગોદડાં સંતાડે
આઇ દિયે ને આપો વારે
આપો દિયે ને આઇ વારે
એને લઇ જય જમને બારે.
કોઇ જતો કોઇ આવતો
કોઇ કાશી કોઇ કેદાર
અન્યનો [૫]ખવાર્યો હોય ઇ આવજો...
...ક ઇને ન્યાં કરો ભર્યો ગાજે
ખા. .પો ! હ હ હ હ
ધી ધી ધી
ન્યાં હોય લીલા દી'.

---

૧. માડી : માડાં=લોહી. ૨. આઇ=ગૃહિણી. ૩. આપો=ગૃહપતિ.
૪. મળીયું=ગાદલાં ગોદડા ૫. ખવા ર્યો=ભુખાર્યો

૬ચોપડી વાર !
સુત ને મત ખમાખૂ !
ચાંદી દ્રમ્મ, ને ૮રાબળ ચમ્મ !
આજે ઘાને ઘમ્મ !
સોપજ્જા ને સુખી રે !

આઇ માતા !
તમે ૮ત્રેપજ્જાના તારણહાર
આ ! તમે જનેતા !
૧૦ઉદરના ૧૧સમાનો ઉપકારનો !

દુહો

પીળ કરીઆવર જે કરે, દીકર બાપ-ઘરે
લીલા રેમરે દિપ વી, તઃ વિક્રમ તરે

[પોતાની પુત્રી જે મારી પહેરામણી તો એજ માતા કરે કે જેણે પોતે જ પિતાને મમૂહિ દીધી હોય લીલા નિમ્નની કુંવરી હતી, તેથી જ બાપના મૂઆ પછી એણે રોજ બપ્પએ ઘોડા દાનમાં દેવાનુ પિતાનુ નીમ ચાલુ રાખ્યુ જે વિક્રમકુમારે તાર્યું

'કરો લર્યો આજે' તે આનુ નામ કરો=ઉપાડનાર લર્યો=ખૂબ આવો ઉપાડનાર બારોટ, કે ડી કરી જાણે, ચામડામા મારી જાણે, જનોતાપ ને નિરાધારે દિવ્ય રાત આપવા તાનુ પ્રદર્શન રચીને એ ગરીબ નિરાધાર પોતાની બાકીનિમ પણ જતી કરે, અને પ્રકૃતિની જે લીલા પણ એ ગાય છે તેમા વિશેષનુ ચાગનુ કૌશલ છે

પ્રભુને, દેવદેવીઓને, દાતારોને અને વીરોને ઉપાસનો ચારણ કવિ (એટલે કે ચારણ રાવળ બારોટ, ગીર, કે મોતીસર) શુદ્ધ નિસર્ગ—

૬ સોપડીવાર=સમૃદ્ધવત્ત સોપારી જાણ્યુ ૮ રાવળ અર્થાત વડીલ=તમારે ઘેર આવે તેની સેવા (સ્વપતિની જેવી) ૯ લીલા ચણ્યુ પણ પિયર, મોસાળ અને સાસરૂ ૧૦ ઉદર ૧૧ સમાન

સૌંદર્યની રસદૃષ્ટિ ધરાવતો હશે શું ? એ શંકા સહજ છે. સમશેરોના ચમકાટ, લોહીના ધધકાટ અને માંસના લોચાને વર્ણવવા ટેવાયેલ કાવ્યરુચિ પ્રકૃતિની રંગલીલામાં શો લીન બની શકે ? ઋતુદર્શને વહાલાંના વિરહની પીડા વેદના કેમ કરી માણી શકે ? શબ્દાડમ્બરની ઝડમઝક એને મુક્તામળ ઊર્મિપ્રદેશોમાં ઉતરવા માટે કાવે ય શી રીતે ?

ચારણનાં ઋતુકાવ્યો

છતાં આ એક પુરી હકીકત છે, કે ચારણી કવિતા નિસર્ગને ઋતુપરિવર્તનને, લોકપર્વને અને વિરહીના ભાવોને ય મોરલાના મત્ત ટહુકાર સમી બાનીમાં બહેલાવતી હતી. એ લલિત ભાવોમાં ય તેનું ગાન બુલ્બુના બિલીપણ ભાવો જેટલું જ ગેબકંઠીલું—full throated—રહેતુ ઋતુશોભાને ચારણે 'બારમાસા' માં લલકારી છે. બારે માસની ઋતુશોભાને અને તેને અનુગમતી માનવ-ક્રીડાને કાવ્યમા મૂકવાની પ્રણાલિકા તો બેશક જૂની છે, વ્રજ સાહિત્યમાં છે, લાંબા બંગાળી લોકકાવ્યોમાં 'બારમાસી' નામે જાણીતો એ પ્રકાર છે, હિન્દી લોકસાહિત્યમાં પણ રામવનવાસની બારમાસી છે, આપણા સ્ત્રીઓનાં લોકગીતોમાં 'મહિના' છે. એટલે એ પ્રકાર તો મૌલિક નથી, પણ ચારણી ઋતુકાવ્યની અધિકતા એના જોશીલા ઊર્મિ-ગર્જનમાં રહી છે. રાધા-કૃષ્ણના વિરહના બારમાસા નિહાળો (અને ચારણનો ઋતુવિલાપ તીવ્ર વિપ્રલંભોદીપક વર્ષા-રંભથી જ મંડાતો)—

ઘર આષાઢ ઘટૂકિયો, ભોરે કિયો મલાર,
રાધા માધા સંભરે, જદુપતિ જગમઝયાર.

ઝબહળ વાદળીયાં વચે, વીજળીઆં ઝબકંત,
રાધા માધા કંથ વણ, ઝણ નવ રીઝણ ઝલંત,

[ભજગોવિંદ છંદ]

મન મંદિર આવજો જી રે પ્રાણ પ્રાનવર્યા
પ્યાસ બુઝાવજો જી રે શ્વાસ રમાવવા

રજ રોમ રવ બટ માસ રમાડ્યા । પિયા પ્યાસ બુઝાવવા ।
આષાઢ શ્રાવણ ઝરે ગગન તપે તન તરણી તપ્યા
વિરહણી નેણા વહે વમ્યા વિયણ વિતણી આવ્યા ।
આવત સખા, નેડ્યા આવા । મનમંદિર આવણા ।
જી । મનમંદિર આવણા ।

[હે પ્રભુજી ! મનમંદિરમાં આવો અને ભમરી બાંધવો ! મારી પ્યાસ બુઝાવો અને શ્વાસ રમાડો । છયે ઋતુના રંગને ઓપતા રાસ રમાડીને હે પિયુ, પ્યાસ છીપાવો ! આષાઢની ઓ પ્રિયતમ, શ્રાવણી મેઘની ધારાઓ ઝરે છે, પણ અમારા-તરણીઓના શરીર તો વિરહની વેદનાથી તપી રહ્યા છે વિરહિણી ગોપીઓના નેત્રોમાંથી પાણિ (વમ્યા) વહે છે વિરહના ગીતો ગાવા છે રાધાજી કહાવે છે કે ઓ માધવ ! સ્નેહથી બંધાયેલા ઓ સ્વામી ! હૃદયમાં આવો ! એ જી । આવો ।

તો બીજી કવિયત્રી જેઠ મહિનાના આપવીતી ઉમળકાથી આરંભ કરતો–

વિનતા તમને વીનવે, નહિ નેઠો કે મેહ,
મોર બારે માવા આવજો । તે અબ આવો જેઠ

[છંદ દોહામણીયા]

અબ જેઠ આયો, ઘટેર ઘાયો ચત વાયો રાગને,
બૃહસ્ત બયો નાવ નાયો, કહેલુ કહાયો કાનને,
વન વેણુ વગા, રજ રાતા, મોર માતા ગ્યાનને
બાપા બોલનગાય શ્યામન કહે રાધા કાનને.
જી । કહે રાધા કાનને,

[હવે જેઠ મહિનો આવ્યો, આનંદની લહરીઓ લાવ્યો ચિત્ત સ્વામી અહાના લાવ્યુ કાનને મરોયો કહા યો ખતા એ બૃહસ્પતા

જન્મેલો નાથ ન આવ્યો. વનમા વેણુ વગાડતા, રંગમાં રાતા ભીંજાએલા ગોપલોકો જાનનાં ગીતો ગાય છે, અને ભરપૂર યૌવન-વાળી ભામિની રાધા કાનને કહેવરાવે છે.]

હવે એની વસંત ઋતુની વેદનાનું કાવ્યરૂપ નિહાળો—

અણા મોરિયા છ કે કેસુ કોરિયા,
ચિત્ત ચકોરિયા છ કે ફાગણ ફોરિયા.

ફોરિયા ફાગણ, પવન કરડક, મહુ અંણા મોરિયા,
ગણ રાગ ઘર ઘર ફગ ગાવે, ઝટે પવન જોરિયા;
ગલ્લાલ ઝોળી, રમત હોળી, રંગ ગોપ રમાવનાં,
આખંત રાધા, નેહ બાધા, વ્રજ્જ માધા આવણાં!
જય વ્રજ્જ માધા આવણાં!

[આંણા મ્હોર્યા છેઃ કેસડા કોળ્યા છે· ચિત્ત અમારા ચંચળ બન્યાં છેઃ એવો ફાગણ ફોરી રહ્યો છે.

ફાગણ ફોરી (મ્હેકી) ઊઠ્યો છે. પવન કરડે છે. મહુડા અને આણા મ્હોર્યા છે; ઘેરે ઘેરે બધે રાગે હોળી (વસંતોત્સવ)ના ફાગ ગવાય છે. પવન જોરથી ઝપાટા મારે છે. ઝોળીઓમાં ગુલાલ ભરીને હોળી રમાય છે. હે ગોપ લોકોને રંગે રમાડણહાર! રાધા કહે છે કે હે સ્નેહમાં બંધાએલા માધવ! વ્રજમાં આવો!]

બારમાસીઆનું ઋતુકાવ્ય

રાધાકૃષ્ણના વિરહના બારમાસા કરતાં વધુ આકર્ષક અને ચારણી કવિતાનો નિજનો જ એક પ્રકાર 'બારમાસાના બરશીઆ' વાળો છે. મુએલા દાતાર, વીર કે મિત્રની સ્મૃતિમાં ગવાતાં ઋતુકાવ્ય ચારણ સિવાય અન્ય કોઇનાં છે ખરાં? ઉમાભાઇ મહેડુ નામના ગુર્જર ચારણે માતર તાલુકાના ઠાકોર હિમ્મતસિંહજીની પાછળ ઋતુવિરહ ગાયો.

૭યે રાગના પરપદ્ધા અરે પ્રિયજન! હે માનવ ગામના દીકરા!
તું આવા વમતના આ દેહ માણના પૂર્વી પર પાઠો આવ—

માધ-ફાગ અતિયા-અતિ, રતિયક બલી સૌદાગ
તજુ રેવ તજ્ય વિષય તાજુ! રાજુ પ્રભાજુ બટ રામ.

રતિયર મુદાવે, રજ ઘાવે દુખય આવે સોરિયા
કુમના મધાવે, રમત આવે અમદ ઘાવે ગોરિયા,
આવે બલાવે, ચરિત ઘટાવે અર્હત દરસાવે બારી,
રટોજ્યુ દિનમત! ચરયે આજુ રવ પાનજ્ય સો મતરે-ધારી!
ઋતુગીતો પા ૪૦

પ્રત્યેક ગામની વનરી, વનશ્રી, અને પ્રત્યેક મોસમના આનંદ પ્રમોદના ચિતારને અને કવિને મરેલા પ્રિયજનની ગેરહાજરી આવે છે, આ શ્રી સાહિત્યપરંપરામાં કોઈ અધમ ગણાતા ઓક વીર કેમના મુખમાંથી, કવીડિયા ગામના વીર કાના મનજી ઉદીયાઓ, પોતાના મૃત આત્મવલાના અને મિત્ર કોઈ વીસળ નામના ચારણ માટે ગાયું—(વીર એ ચારણોનો માગણીગાત છે)

બટકે મોના મારવે, રાજે ચા પા સાભાર
ધર દુપરે બજુ ધા! આજ રત આવ.

આપાઢ ગાયા મન બાયા રક્ત ગાયા રાજીએ
કમનિ નીપા પેર કાપા ચપલુરા દન સાજીએ,
મમબજુ ધરતી તજુ મેમવ, કોયળ ઉમાવો કરે
જસ-લિયજુ જાજુ રત માવબમ-સુતન વીસળ સંચરે
ઋતુગીતો પા ૨૬

એમ કોઈએ આષાઢથી માંડી બારે માસે મરતા ગાતા કોઈએ મિત્રને કે પ્રેમી મુખેના આત્મવલાપને જેમ ચારણ માસે માસે સુલાતી ઋતુરસ ગાતો, તેમ કવિના આનંદ તાને ચારણે આબાદની લાગણીથી ઋતુ કાવ્યમાં અંકિત કર્યો છે. હજુ તો છેલ્લા દાયકામાં જ અમદાવાદ

પામેલા એક ગીગા બારોટ નામના ચારણી કવિતાકારે પોતાના કડવા અનુભવને ઋતુકાવ્યમાં મીઠો કર્યો હતો.

દુષ્કાળમાં સપડાયેલો

છપ્પનનો ભયંકર દુકાળ પડ્યો. અન્નને ને દાંતને વેર થયું, ખુદ પોતાના યજમાન આહીર જમીનદારે કવિને જાકારો દીધો, એક ખુમાણ કાઠી દરબારે એને આશરે રાખ્યા. કવિએ ત્યાં રહ્યા દરમ્યાન દુકાળની વર્ણન-કવિતા રચ્યા કરી, શિયાળો ને ઉનાળો વર્ણવ્યાં, પછી ચોમાસું સારું વરસ્યું, એટલે એ વૃદ્ધ બારોટે પ્રભુના અહેશાનમાં નીતરતે નીતરતે મેઘધારાને લલકારી, માનવ-આનંદને ગાયો, ઋતુસૌંદર્યને ગાયું, ભગવાનના જશ ગાયા, અને છેલ્લે એ આશ્રયદાતાને આશીર્વાદ પણ ઋતુકાવ્યમાં જ આપ્યા. આ ચારણી વૃત્તને સપાખરું કહે છે. એમાં પાખર અર્થાત અનુપ્રાસોની ભારી મિલાવટ હોય છે. વધુમાં વધુ ચારણપ્રિય આ વૃત્ત છે.

[ગીત સપાખરું]

૧. ગળ્યાં વાદળાં ધધુંબી કાળા મેઘવાળાં ધરા માથે
ચોમાસારા સજ્યા ગયેં સઘણુ સામાઢ;
વરા ફેરી ધરા સરે ચડી ફોજ ઇદ્ર વાળી,
ગાઢા મેઘ ગાજ્ત, તુટા છપનારા ગાઢ.

૨. વીજળી મશાલું વાળી ઝબેળી આકાશવેગે,
ધરી રંગ લીલાં પીળાં ખેંચીઆં ધનુષ;
ચોપદારા લલકારા મોરલા જીગોર્યા સારા,
મેઘ ઓતરાદા ચડ્યા, હરખ્યા મનુષ.

૧. કાળાં મેઘનાં વાદળાં ધરતી પર ગળ્યાં. ગીરના જંગલે ચોમાસાના ઉત્સવ-શણગાર સજ્યા. ઇંદ્રનો સેના ધરતી પર ચડી. ગાઢો મેઘ ગાજ્યો કે તૂર્ત છપનીઆ કાળના ગાઢ વછૂટી ગયા

૨. વીજળી રૂપી મશાલો આકાશમાં ઝળહળી ઉઠી. મેઘધનુષ લીલા પીળા રંગો ધારણ કરીને ખેંચાયાં. મોરલા રૂપી બધા છડી

૩ ઉદ્ગારા ઘુણી ધારા ભોમકારા ભથી એવી,
નદીઆરા ઝર્ણા આરા સોવરારા નીર,
દારારા કરેણા ગતિ મેલિયા દાંડી,
બાપેથા બોલિયા કરેઠ રથા બજ્જ

૪ ગજાવળા ઘમકિયા બળકયા ડુંગરા-ઝાળા,
પ્રથીવળા નીલાગા સિંધુ ઢાળા પૂર
બબાહયા કરમીંદા બળા, ડુબ દયા દંતા બેઉ,
નવે બડાવાળા દાળા પ્રલયાણા નૂર.

૫ પીઉકરી ઘાવકુળી ધીરકરી બણી પ્રથી,
ઘનશ્યામ અલે ઘુણી મેઘરી ઘેઘૂર
બાંઢ ઘર્યો ગીજાવાને, ડુક બાથે બર્યા બળી,
કરમી બણી કુબડુલે બણી ઘુબઠુબ

ઘારોએ ઘનકાર કરીને નેટી પોકારી ઉત્તર દિશાથી મેઘગર્જનને બડવા હેબી બાનવી ઢાં પામ્યા

૩ ઉદ્ગની ઝરીમાથી ધારાઓ ઘુણી એની (મતાન બાઢ દિમની વૃદ્ધિ) મઢાઈ નદીઓના ને મરોવરોના બારા ઘરાઈ ગયા મેઘરાજાના કળીયેરો રૂપી દેવડા નિરંતર એની કીર્તિ ગાવા લાગ્યા અને ઠેરઠેર બૂપેવા બોલવા લાગ્યા

૩ ગજાવળા ઘોધમાર ઘટેવા લાગ્યા ડુંગરની બીજો બળબળી ઘાડી પૂનીપરબી નદીનાળાના પૂર દરિયા તરફ બાવા લાગ્યા જમીનના પડને બાવી ઘરી બબાગી નાખ્યા ડુબો અને બરામ પાવળા નાબૂદ કર્યા નવે બડવા નૂર પ્રગટ્યા

૫ પૂની પીળે, ઘાવ પુલેને અને લીને બાળુકે (બ્યબરે) સંસાર બની અને એના માથા પર ઘનશ્યામ મેઘની બાર ઘટા ઘુણી પડી રીંછડીબો (શ્વેત વાદળીબો)બે પહાડો ઘેરી લીધા ત્રિબ પરથી બાવી ટપકવા લાગ્યા જમીન ફળદ્રુપને ધુબઝુપ બની

૬. રાંકવાળી મટી ખધ્યા, મો'લ ભાણી થીઆ રાજી;
કેતા માનસોવરારા છલકયા કિનાર;
તૃણચારા કરેવાને મેખીયુનાં હાલ્યા ટોળાં,
ધરા સરે ચોમાસારી ધુમે મહીધાર.

૭ પ્રથી ફૂળી હેમપૂલે, હીડળી મોલાત પાકી,
દુખ દવા ગીઆ, સુખ થીઆ દસે દેશ;
નોરતારી રમે નારી ગરબારી મળી નત્યો,
વળી પુંજ અંબકારી કરેવા વશીષ.

૮. ભુપે દસશારી સારી સવારી બણાવી ભારી,
શણગાર્યાં હથીઆરાં અબાડિયાં સાથ;
ગામોગામ ધામધૂમ શણગાર્યાં શોક ગણી
પૂર્યા અન્નકોટ પાય હરિને પ્રીસાય.

૯ વળ્યા વર્ષ ભલસરા, ભલાવાળાં રીઆં વેણ,
નોંધાણા મારગે જુગોજુગરાં નિરાણ;
ધણુ કવિ ઉગારિયા, ઉતરિયા કાળ ધાડી,
ખાટયા જશ પરજ્જનાં પીઢવા ખુમાણ.

૬. રંક જનોની ક્ષુધા ટળી. ધાન્યના ઢોડ દેખીને રાજી થયા. કેટલાય માનસરોવરોના કિનારા છલકાયા. ઘાસના ચારા કરવાને મહિષીઓ (ભેંસો) નાં ટોળાં ચાલ્યાં. જાણે પૃથ્વી પર ચોમાસા રૂપી વલોણું ઘૂમી રહ્યું છે.

૭. હેમવરણાં ફૂલે પૃથ્વી ખીલી ઊઠી છે. પાકેલા મોલ ઝુલી રહ્યા છે. દુઃખ ગયાં છે, દસે દેશોમાં સુખ થયુ છે. નોરતામાં રોજ રોજ નારીઓ ગરબે રમે છે. વળી અંબિકાની પૂજા કરે છે.

૮. રાજાઓએ દશેરાની સવારીઓ કાઢી. હાથીની અંબાડીઓ શણગારી. ગામોગામ શોક ગણી ગયા, ધામધૂમ ને શણગાર મચ્યાં. પ્રભુને ચરણે અન્નકોટ પૂરાઇને પિરસાય છે.

ક્ષ સાત વરસ ફરીને આવ્યા બધા કામો કરનારના સ્તુતિ-વચનો અમર રહ્યા એવા જનોની નિશાનીઓ ઝુંપડાંઝુંપ સુધી કાગળ પર રહી ગઇ ઘણા કવિઓને ઉગારીને, આવી ઇમારતો દુકાળ પાર કરાવીને પીઠ ફુલાવી નહીં પ એમાં (કારીની નહીં શાખાઓમાં) સુપણ આવી ગયો

મુખોપા આશ્વાસનના માટે તવસ્તુ ચારણકુ ય વિનાપ ગાયુ હતુ એ મુદ્દો આગળ આવ્યો છે અનુકાવ્યમા એ તત્વ આપણે જોઈ ગયા હવે તેથી જૂદા પ્રકારો જોઈએ

રાજસ્થાનની જોધપુર વિગાયત નીચેની ગરાસ જાગીરનો કવિરાજ વાયો કેસરિયો મૂએ ત્યારે એના ચારણ મિત્ર વૃદ્ધ આશાદાન બારોટને

કાનમા જ વાધાજીનુ કાનડુ રટણ ઊપડયુ
અમરીઆ તેનો વિરહો જાણીતો છે મરનાર વાધાજી
ગરાસ એક સુ રીતો પ્રેમ જીતીને જોધપુરનાથની
અકૃપાનો ભોગ થઇ પડેલા આશાદાન બારોટ જોધપુરના જ આશ્રિત કવિ હતા, એમને વાધાજીનુ રટણ છોડાવવા જોધપુરનાથ રાત દાડેથે બહુ મહેનત કરી છેવટે એક રાતના ચાર પહોર પણ જો કવિ વાધાજીનુ રટણ છોડે તો કવિને ચાર લાખપસાવ કેસાનુ કરાવ્યુ પણ વૃદ્ધ ચારણની વિયોગ-વેદના દામી કયાં નહિ મુખોએ કહ્યું કે બાપુ ! ચુપ રહેશો તો અમારે બધુ દાણ ? મુખ્યા થઇ જશે છતા પહેલે જ પહોરે ચારણ ગજુરી હારી ઝબ્બી ઉઠયો—

વાધા આવ વધે ઘર કોડે તુ ધામી,
નસી પ્રેમ ઝરે, વાસ ન ભરી વાધા !

હે વાધા ! કોરડાની ધતીમા તુ પાછો વળી આવ પ્રેમ ઝરઝરીને બાજ તોયે એની સુવાસ નથી ભરી હે વાધા ! તુ ગયે ય તારી પ્રીતિ ભરપુર રહી છે

બીજે પહોરે બહુ વાર્યો છતાં આખરે ધૈર્ય ખૂટતાં—

કયું કુરલાયો કુકડા, ગળતી માંઝલ જોગ,
વિહંગ થાને વીઠીયો વાધા તણો વિજોગ !

હે કૂકડા ! અત્યારે મધરાત્રિયે તું કેમ પુકારી ઊઠ્યો ? શું તને પણ વાઘાજીનો વિયોગ ઘેરી બેઠો છે ?

ત્રીજે પહોરે—

વાઘાજી વિણ કોટડો, લાગે મોં અહડોહ.
જનની ઘરે સિધાવિયો, જોણે માડચડોહ.

વાઘજી વગર મને કોટડું ગામ એવું લાગે છે, કે જેવો જન ચાલી ગયા બાદ લગ્નનો માંડવો લાગતો હોય છે.

ચોથે પહોરે—

ચાંધણ ચાળવિયા, ઊરા માય ખંખેરિયા,
રાણા ! રાખ થિયા, વીસરશા મેં વાઘને.

હે રાણાજી ! વાઘાજીને તો હું, ચિતાનાં લાકડામાં ભસ્મ બની ગયા બાદ જ વીસરી શકીશ.

આવા સ્વામીસ્નેહનું ઉદાહરણ દેખીને દ્રવીભૂત બનેલા રાણાજીએ ચારણના પુત્રોને ચારે લાખપસાવ અર્પણ કર્યા હતા એવી રાજસ્થાની કથા પોકળ હોય તો યે આ કવિતા તો શુદ્ધ સત્ય છે ના ?

એ કરતાં વધુ તીવ્ર પ્રસંગ અરઠીલાના મૃત્યુંજય જુવાન ક્ષત્રિ હમીરજીનો છે. હમીરજી ગોહિલ જે વેળા સોમૈયાની સખાતે એકાકી ચાલી નીકળેલ ત્યારે માગે એક ગામમાં એક ચારણી મુએલ પુત્ર પાછળ મરશીઆ બોલી રડતી હતી. એ રૂદન હમીરજીને મીઠું લાગ્યું. એણે કહ્યું કે માડી ! હું યે બાદશાહ સામે લડી મરવા જઈ રહ્યો છું.

મારા મરણીઆ મને મલ્હારનો રાગ ઘણીએ જીવતાના મરણીઆ ગાવા ના પાડી, પણ પછી હમીરજી જ્યારે સોમનાથ પહોંચી જઈ સુદ તાલની સોમનાથ-ચઢાઈની સામે લડતે લડતે મરતો હતો તે અમથે, હમીરજીને આપેલ મેલ મુજબ એ રોઝીએ હાજર રહી મરણીઆ ગાયા—

ચેતે આવે વીર, સુખાતે સોમથા વહી
રૂડોળકા હમીર આણની અલૂણે બીમાઉત

પાટણ અંબા પૂર અણહલા ખાય વહ્યા
ઘોડે આવી શૂર, સૈસાણણ ઘોર બીમાઉત

વેજ હંકારી વીર! આવીને ઉભગી નદિ,
પાકમ વહુરે હમીર (આવી) સોમડ કુની બીમાઉત

વન ડાગળા વીર, ઝાલીને નેજા ધિયા,
આગેર આવ્યા હમીર, ચેતીને આવ્યા બીમાઉત.

દુહાની દુનિયા

કલિષ્ટતા, કૃત્રિમતા અને શબ્દાડમ્બરની વત્તી ઓછી માત્રા વડે પીડાતી ગીત-છંદોની જટિલ કવિતામાંથી નીકળીને જેમ આપણે આ ડિંગળી દુહા-કાવ્યના પ્રદેશમાં આવીએ છીએ તેમ આપણને કારખાનાની ગૂંગળાવતી હવામાંથી હરિયાળી સુવિશાળ સીમભોમમાં પ્રવેશ કર્યાનો અનુભવ થાય છે. ચોમેર ફળવાં ફૂલ અને ફનાં પૂંખડાં જાણે હીચોળા લે છે. ગીતોછંદોના અગણિત પંક્તિ-પુંજમાંથી ભાષામરોડો તેમ જ વ્યવહારજ્ઞાનની વિગતો લઈ લીધા પછી આપણે એને જતા કરી શકીએ તેમ છે. એ તો પેટી ને પટારા સમ છે. જેની પાસે ચાવી હોય તેજ ખોલી શકે, ને ખોલ્યા પછીયે જીવનને, પ્રાણને સ્પર્શતી સારગર્ભિત, ધ્વાન્યાત્મક વસ્તુસામગ્રી મહેનતના પ્રમાણમાં ઓછી મળે, જ્યારે દુહાની દુનિયા તો બુદ્ધિને, કલ્પનાને અને ઊર્મિને, ત્રણેને એકીસાથે પકડી લઈ ખુદ શ્વાસજ આપણને કવિતાની સુગંધનો લેવરાવે છે. પશ્ચિમી હિન્દના શિષ્ટ પ્રાકૃત સામે નાનાં મોટાં જનોને કાવ્યનું સ્ફૂર્તિદાયી પરિશીલન કરાવનાર કોઈ પણ પ્રકાર હોય તો તે દુહોજ છે. આવું મિતાક્ષરી, આવું સક્ષિપ્ત અને સુબદ્ધ, આવું સારગર્ભિત અને સચોટ, આવુ સુગેય અને કંઠ રમતું બીજું કોઈ કાવ્યસ્વરૂપ આપણને સાંપડયું નથી અન્ય એકે ય પ્રકાર આપણા ગળામાં ઘુંટાયો નથી, ટપકયો નથી, ચૂયો નથી. દુનિયાના

કૃત્રિમતામાંથી મુક્ત સૃષ્ટિમાં

કવિપણુંના ચાતુરીભંડાર અને પ્રેમિકાના અણુનિશ્વાસ જે યુક્તિથી દુહે ગૂંથ્યા છે એમાં તો અનધિકારી છે ગુજ્જરકાર પણ એ બે પંક્તિના ધનુષ્ય-બાણમાંથી અનેક ઊઠયા છે મદન અને ચિંતનોના બિંદુઓ પણ એ દુહારૂપી છીપમાં પડીને મૂલ્યવાન મોતી થઈ ગયા છે

દુહો દહમો વેદ સમજે તેને લાગે,
વિદ્યાતણી વેદના બાકણી શું જાણે ?

કેટલા પુરાતન ભૂત ઘણો ચારિત્ર છે આ નાનકડા દુહા !

દુહો કેટલો પ્રાચીન ?

સંસ્કૃતના પુરાતન કાળમાં જે સ્થાન અનુષ્ટુપે ભોગવ્યું તે જ સ્થાન અપભ્રંશમાં દુહાએ ભોગવ્યું ઉત્તરકાલીન અપભ્રંશનો આ મુખ્ય છંદ હતો, પહેલેથી જ એ લોકચિત્તનું જ લાડીતું વાહન હતો, અને જનતામાં ખૂબખૂબ પ્રચલિત બન્યા પછી જ એ વામનજાતે સાહિત્યમાં પગ મૂકયો

શ્રી રાહુલ સાંકૃત્યાયનના મતપ્રમાણ વજ્રયાન અને ચોરાસી સિદ્ધ તથા હિંદીના પ્રાચીનતમ કવિઓ વગેરે નિબંધોનો આધાર લઈને શ્રી નરોત્તમ સ્વામી લખે છે કે વિક્રમની નવમી શતાબ્દીના પૂર્વભાગમાં ચોરાસી સિદ્ધોના આદિ સિદ્ધ સરહપા થયા. એણે જે સાહિત્ય લખ્યું તે તત્કાલીન લોકભાષાની ભાષામાં દોહા, ને એ લિખિત સાહિત્યમાં આ છંદનો પ્રયોગ કરનાર એ પહેલા જ પુરુષ હતા ધીરે ધીરે આ છંદ બહુ જ લોકપ્રિય બન્યો તે બાદ કણ્હપા આદિ સિદ્ધોએ પણ એ છંદનો આશ્રય લીધો દસમી શતાબ્દિના અંતમાં દેવસેનસૂરિએ સાવય-ધમ્મ-દોહા નામનો ગ્રંથ દુહામાં લખ્યો બારમી શતાબ્દિના અંતભાગમાં હેમચંદ્રાચાર્યના સિદ્ધહૈમ શબ્દાનુશાસન

નામના વ્યાકરણગ્રંથમાં યે રોમાન્સની આસમાની ઉત્પન્ન કરનાર એણે ટાંકેલા દૃષ્ટાંત રૂપ દુહાઓ છે. દુહાઓની ગોતણ કરતા કરતા તે પછીનાં શતકોમાં આંહીં સુધી આવ્યા આવો, દુહા વધુ ને વધુ કવિપ્રિય, વિદ્વદ્‌પ્રિય, અને તે છતાં ભારોભાર લોકપ્રિય બનતા આવે છે; એટલું જ નહિ પણ બોલચાલની તેમ જ સાહિત્યની વાણી જેમ જેમ દેશાન્તર રૂપાન્તર કરતી ગઈ તેમ તેમ તે તે નવતર રૂપવિધાન કરીને દુહો પણ વાણીની સાથે જ કાળપંથે ચાલ્યો આવ્યો છે.

વિરહિણીનું માર્મિક ચિત્ર આંકતો આજે બોલાતો દુહો—

કામન કાગ ઊડાવતી
પિયુ આયો અણધા;
આધી ચૂડી કર લગી,
આધ ગઇ તડકાં

અર્થ–વિરહીણી સુંદરી આંગણે આવીને બેસી બોલતા કાગડાને હાથ ઝટકાવીને ઉડાડતી હતી. (કાગડો આવીને ઘરઆંગણે બોલે તે પિયુ આગમનની આગાહી ગણાતી હતી પણ તે તો રોજ બોટી પડતી તેથી પોતે કંટાળી હતી!) પણ એ જ ક્ષણે પિયુ આવી પહોંચ્યો, એટલે ક્ષીણ હતું તે શરીર ઉલ્લાસથી એકદમ પ્રફુલ્લિત બન્યું, અરધી ચૂડી શરીરે ચોંટી રહી ને અરધી કાંડું ફુલાતાં તૂટીને નીચે પડી ગઇ.

અથવા એ કરતા વધુ ચમત્કૃતિભર્યો આ પ્રચલિત દુહો છે.

કાગ ઊડાવણ ધણુ અડી
આયો પીવ અચક્ક,
આધી ચૂડી કાગ-ગળ
આધી ભુંય તડક્ક.

અર્થ–ચિરવિરહિણી, ક્ષીણદેહી ઘરધણીઆણી કાગડાને ઉડાવતી ઊભી હતી, ત્યાં તો એકાએક ચિરવિદેશી પિયુ આવી પહોંચ્યો, એની

અમર કવી થઈ પદ્મદેવ પણી રાણીઓમાથી અન્યોન્યપ્રેમ તો, (કોઈ વિરહને પરિણામે કુળનુ હોવાથી) નીકળીને કાગડાના ગળામા પરોવાઈ ગઈ, પણ તરતજ જ પાછુ ચરીને પ્રભુત્વ જમાવતા, તરકાળ કાંઠે પૂણી ગણુ, એટલે બાકીની બધી રાણીઓ દુઃખના બધીને બોધ પર બેઠી પડી

એ દુહો કેટલો બધો પ્રાચીન છે ! મૂળ એ અપભ્રંશ કાવ્યો મરત બેનાડી —ભારતી વાગ્દેવીના મંદિરમાં, તલધારી, વિદ્યાવતાર હેમચન્દ્રને બારણામા દૃષ્ટાન્ત દેવા બાવટ લાગેલો વેષ અને ભમરપરની લાગેલો એ દુહો એમને કુમારપાળે મોકલ્યો ? જનતાની હૈયે રમતા બીજા અપભ્રંશ સુભાષિતોમાથી આ સ્વરૂપે—

बायसु वङ्कावंकीण
विद्ध पिट्ठि सहत्तिं
अद्धा वलया महिहि गय
अद्धा फुट्ट तडत्ति

અને જનતાને હૈયે રમતુ થતા એ સુભાષિતનો ઝીલો કાણ થયેલ હશે !

હવે આ બીજો દુહો નિહાળો આજના ભારતની ભવ્યતા આલેખતો આ જન્મભૂમિના પ્રેમનો દુહો સમસ્ત રાજસ્થાનમા ઘરઘરમા બની ચૂક્યો છે

जेहा जाया वक्कड़ा, अवगुणवाळा मूआ,
जे जीआ घर आपणा अवरां अवरा

અર્થ—ભલે દીકરો જો આપણી ધરતીને બીજા ખૂની શકે, તો પણી દીકરા જનમ્યા તેનો લાભ શુ, અને મુઆ તેની ખોટ શુ !

આ દુહો પણ હેમચન્દ્રને બારણે વેષ ઉપર, જનતોએ અપભ્રંશ વાણીના રાસ-ગીતો ગાતા ટાઢપ્રદેશમાથી આવે રચ્યો હતો

પુત્તે જાએ કવણુ ગુણુ. અવગુણુ કવણુ મુએણ
જા વપ્પીકી ભુંહડી ચંપિજ્જઇ અવરેણ.

આપણી કૌતુકવૃત્તિને ભીડી મુંઝવણ ઉપજાવતો આજનો એક બીજો રાજસ્થાની દુહો છે—

રાત્ત રાવણ જલમીયો દસ મુખ એક શરીર,
જનનીને સાસો ભયો, કિણ મુખ ધલું ખીર?

એ તો પ્રબંધચિન્તામણિના સંસ્કૃતપ્રેમી કર્તા મેરૂતુંગને ભાવ્યો હતો, આજથી પોણા સાતસો વર્ષ પરની પ્રચલિત લોકવાણીમાંથી—

જઇ યહુ રાવણુ જાઈયઉ, દહ-મુહુ ઇક્ક સરીર,
જણણી વિયંભી ચિત્તવઈ કવણુ પિયાવ્વં ખીર!

મેરૂતુંગે 'સોનલવાક્યાનિ' એ શિર્ષક સંધરેલા અપભ્રંશ—સોરઠા જ

રાણુકદેવીના પ્રાચીન દુહા

શું થોડાઘણા ભાષાપરિવર્તનને બાદ કરતાં આજના આપણા સોરઠી રાણુક—દુહા નથી? મૂળ અપભ્રંશમાં—

રાણા સવ્વે વાણિયા, જેસલ વટ્ટઉ સેઠિ,
કાહઉ વણિજડુ માંડિયું, અમ્મિણા ગઢ હેઠિ

તે ચાલુ ડિંગળમાં—

અમારા ગઢ હેઠ, કેણે તમ્મૂ તાણિયા?
સધરો મોટો શેઠ, બીજા સરવે વાણિયા!

મૂળ અપભ્રંશમાં—

પઇં ગરુઆ ગિરનાર, કાઈઉ મનિ મત્સર ધરિઉં
મારિતાં પંગાર, એકૂ સિહરુ ન ઢાલિઉ.

તે આલુ ડિંગળમા—

ગેબારા ગરનાર! વળામણ મેરાને દિયો
આતા સા'ગેબાર અરેરી આંબો નવ વિયો ॥

પ્રબંધચિંતામણિમા દુહો છે સાધુમાથી સેનાપતિ બનેલા આબુના કુલચંદ્રને એની એક પ્રેયસી કહે છે કે—

નર જલ ભરિયા સગડા ગયણ ઘડક્કઇ મેહુ
હઉતરિ જઇ આવિહિઇ, તઇ જાણીસિઇ નેહુ

(હે પિયુ! નદા વર્ષા-જળે આગો બધા ભરાઈ ગયા હશે, ને આભમા મેઘ ઘડૂકતો હશે એવી વખતે તુ મને મળવા આવીશ તો જ હુ જાણીશ કે તારો મારા પર સ્નેહ છે)

એ જ દુહો ડિંગળમા છેક વર્તમાન કાળને ઊંબરે ઊતરીને ઊભો છે

આજ ભરા રિયા જનમો મેરી ભરા મેહ
ઊજ પાત પધારેયો જદ જાનૂલી નેહ

અને એ જ ભાવનુ સૌરઠી રૂપ આવુ બંધાયુ છે—

બો જોની, ઘોડા અડા, ઢાળા ઇધરિયા
(ઢા) મરધાનેણી માવડા (ઢા) ભત્રભાવા ખડિયા

(જમીન ભીની છે, એમા મરમ કાદવ પડી રહ્યા છે એટલે કે આડી થી ઘોડા લપસવા લાગે છે હે સખી! એવા ઘોડા ઉપાડીને આવી ઋતુમા ઘોડેસ્વાર કયા ગયા હશે? બીજી સખી જવાબ વાળે છે કે—અયા હશે, કા તો પોતાની મૂતનપતીને માવતર, અથવા તો રજપૂત્રાણમા (ખડિયામા) ભરાઈ ચલાવવા)

જીવનની અસારતાને ઉલ્લેખતો આ દુહો ડિંગળી રાજસ્થાનીમાં છે—

જલમ અકારણ ઢી ગયો,
ભટ-સિર ખગ્ગ ન ભગ્ગ;
તીખા તુરી ન માણીઆ
ગોરી ગળે ન લગ્ગ

(જે સુલટોને શિરે ખડગ ભાંગ્યા નહિ, (મતલબ કે રણસંગ્રામ ખેલ્યા નહિ) તાતા ઘોડા જે ખેલાવ્યા નહિ, અને ગોરી સુંદરીને જે ગળે લગાડી નહિ, તો તો આ માનવ જન્મ અકળ ગયો.)

એ તો સંસ્કૃત પ્રબંધમાં બસો સાતસો વર્ષો પહેલાં પેસી ગયેલ દુહો છે. એક સાધુએ એક પ્રભાને અવન્તિમાં નિઃશ્વાસ નાખ્યો—

તિક્ખા તુરિય ન માણિયા
મઇ સિરિ ખગ્ગ ન ભગ્ગુ,
એહ જમ્મ નગ્गહં गयउ,
गोरी कंठि न लग्गु

પ્રબંધચિંતામણિકારે કુમ્ભના ગ' લાખા પુલાણીનો એક અપભ્રંશ દુહો ટાંકયો છે. સંસ્કૃત વાર્તાપ્રબંધના ગદ્યને કંઠે માણેક શો ઝૂલતો એ દુહો છે—

લાખા પુલાણીના પ્રાચીન દુહા

ઊગ્યા તાવિઉ જહિ ન કિઉ
લખઉ ભણઈ નિવદ્દ,
गणिया लब्भई दीहडा
के दहक अहवा अट्ठ ॥

(અર્થ—કુશળ લાખો કહે છે કે શત્રુને એ ઊગતો હોય ત્યારે જ જો ખતમ ન કર્યો હોય તો પછી આપણે તો ગણ્યાગાંઠ્યા આઠ કે દસ દિવસ જ જીવવાનું રહેશે.)

હવે એ જ લાખા ફુલાણીના જે ૨૫-૩૦ દુહા મને મારા સંશોધનમાં મળેલ છે તેમાં એક લાક્ષણિક ઘ્યાન-ને નિર્દેશતું બીજા દુહાનું સૂચન છે રા' લાખો અને એનું દુઃખમય જીવન કેટલા દિવસ બેઠું છે ઉત્તમ લાખો ઉદ્‌ગાર કાઢે છે—

લાખો કે મળ્યા નહિ જતે દુતે જોય
દિયાડા દસ આકમે કો અલ્યે હો કેમ !

(અર્થ—છતે સ્વજનો જો આપણે સુખ મળ્યા નહિ, તો પછી કોણ કહે છે કે આ દસ દિવસમાં શું ન થાય ? આ દુહાનો કોઈ અરેસો !)

ત્યારે લાખાની પત્ની ઉમા બોલે છે—

દિયાડા દસ આકમે ફુલાણી બહુ ફેર
આ લિખ્યો આ આથમ્યો, કો અલ્યે હો કેમ !

(અર્થ—હે લાખા ફુલાણી ! આવા મહાન્‌ની વાત કયા કરે છે ? સવા ઊગ્યા ને આથમ્યા પહેલાં જ શું થશે એની જાણે ખબર છે !

એટલે તો લાખાની પુત્ની બોલી ઊઠે છે—

લાખો બૂ જો લાખપતિ ઉમા બ્યો એમ
આપણ કેરે કરહડે કો અલ્યે હો કેમ ?

(અર્થ—અરે ! તમે અને બહુ ઊંચા આથમાની વાત કરો છો ? આપણા એક પનારામાં જ શું નહિ થાય ?)

ત્યા તો દાસીએ ગાયું ગાન દીધું—

લાખો, ઉમા ને સતવેદળી, ત્રણે જણા જોય
આશ કરુંજો પ્રેમળો નાંમે આપો કે જોય !

(અર્થ—લાખો, રાણી ઉમા અને તેની પુત્રી, ત્રણે જણા

અરે આ પ્રાણ રૂપી પરોણલો એક શ્વાસમાં ઊંચે ચડ્યા પછી વળતા શ્વાસમાં પાછો નાભિ સુધી આવે કે ન યે આવે ! અર્થાત શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચેનો જે સમય તેની યે કોને ખબર છે !

ઉપલાં ઉદાહરણો પરથી પ્રતીતિ થાય છે કે જે દુહા અપભ્રંશ કાળમાં હતા તેના તેજ ગુજરાતીમાં સાંગોપાંગ ઊતર્યા છે, અને એનું વાહન ડિંગળ રહ્યું છે. વાહન આટલું અનુકૂલ ન હોત તો ગુજરાતીમાં કદાચ આવા અકબંધ સ્વરૂપે અને શોભીતા કલેવરે દુહા આપણને ન સાંપડ્યા હોત.

'મારિતાં પડુંઉ એકઉ સિહઉ ન ઢાલિયઉ.'

એ ગુજરાતીમાં—

'મરતાં રા' બે ગાર, ખડેડી ખાગો નવ થિયેા.'

એમ મળે ત્યારે આપણને વિસ્મય થાય છે. મૂળ દુહો સચવાઈ તો રહ્યો, પણ નર્યા તરજુમાને સ્વરૂપે નહિ, એણે લોકવાણીની નવી તાકાત પકડી.

'ખડેડી ખાગો નવ થિયેા.'

સાદું એકાદ શિખર ઢળે (એકઉ સિહરૂ ન ઢાલિયઉ) તેમાં શું ! ગિરનાર સમા પાકા ગ્રેનાઈટ પથ્થરના બનેલા પહાડનો બેંગાર-વિરહ તો પહાડ પોતે ખડેડીને ખાગો (ખંડિત) બને તો જ બરેખરો વ્યક્ત થાય ને ! આમ દુહા લોકવાણીમાં ઊતરતા રહ્યા ખરા, પણ ગુલામ રૂપે નહિ; નવતર નિજત્વ ધારણ કરીને ઊતરતા રહ્યા.

આણંદ-કરમાણંદના દુહા

આણંદ-કરમાણંદ નામની કવિ-જોડલીનો ઉલ્લેખ આગળ કર્યો છે. આ બેઉ જોડીદાર સુભાષિતકારો હતા. એક જણ પહેલાં બે દુહા-પદ પ્રશ્નરૂપે રચે, તેના જવાબ રૂપે બીજો બાકીનાં બે પદ રચી આપે—

આણંદ કે' કરમાણંદા આણંસે આણંસે ફેર।
એક ઘાણ દેતા નવ મળે, એક ઠકાણા તેર

આણંદ કે કરમાણંદા દીઠા બી દીઠ્ઠ।
પહેલા આવે પાટુએ, (પછી) આદર પેઠ બરત

એવા સુભાષિતો રચનાર એ આણંદ-કરમાણંદની જોડલી ચારણ હતી, સિદ્ધરાજ સોલંકીના દરબારમાં કવિરાજ ભાટપણે એમણે કાવ્ય-પરાજિત કરેલી એવી એક શૃંગાર-ભરિત દુહો હેમચંદ્રના વ્યાકરણમાં લેવાયો છે–

બિંબાહરિ તણુ રયણ વણુ
કિર ઠિઉ સિરિ આણંદ ?

નિદ્દય મણુ પિઅ પિઅવિરણુ
સેસ હો દિણહી મુદ્દ

(હે શ્રી આણંદ! આ બિંબાધરી રમણીના હોઠ ઉપર લાલ ચૂંણ કયું હોવે ચોડયો હતો। (અર્થાત લાલ વડે બટક હોવો જોઈએ।) કરમાણંદ જવાબ વાળે છે કે એના પિતુએ નિર્દય મને પરદેશ જતી વેળાએ એ અધર પર પોતાની મુદ્રા આપી દીધી છે કે આ મારી ભાવિપત્નિ અમાન છે માટે બીજાને ન રખે પીતા!)

અપભ્રંશ સાહિત્યના ઘોર અંધારે અપભ્રંશ દુહાઓએ કેવળતાને સર કરી જેની કને ઉત્તમ ગીતિ હોતા વીરભોગ્યા પંડિત પથી રાજદરબારાદિમાં ચારણો ને પહોંચી દુહો અજ્ઞાન શક્યા તે જનસામાન્યના હૈયા લગી જઈ પરિવ્રાજક ઊભતો લોકકવિ (પછી તે ચારણ હોય કે અન્ય કોઈ ચારણી લોકવિદ્યાનો ઉપાસક) અપભ્રંશના સાપના ભોગની મદદથી પનોતા 'પનોતી' માખણ ઉતારી લાવ્યો-દુહા

રૂપે. અપભ્રંશ દુહાને ડિંગળ-વાણી વધુ ભાવી, ને એ ડિંગળ પર ચાલુ બોલચાલની ભાષાનો રદ્દો ફરી ચૂક્યો હોવાથી દુહાનાં સ્વરૂપો જ પરપ્રાંતની લોકબોલીમાં અકબંધ ઊતર્યાં એટલું જ નહિ પણ અધિક સૌંદર્યવિધાન સાથે રમતાં થયાં.

પશ્ચિમી રાજસ્થાનના પ્રદેશભરમા દુહા પરિવ્રાજકો રૂપે પરિભ્રમણે ચડ્યા ને જ્યાં વિચર્યા ત્યાં વધુ રૂપાળા બની શોભ્યા. પણ ઘણીવાર તો આ દુહા અથવા દુહાગૂંથી આખ્યાયિકાઓ કયા દેશની કૂંખે જન્મી, ઉછરી, જોબન પામી ને પછી કયે દેશે પર્યટને ચાલી તે કહેવું કઠિન બને છે. એક રાજસ્થાની ટુચકો છે. પુરુષ પોતાના ઘોડાને ઘી પાય છે, તેની સામે સ્ત્રી વાંધો લે છે. પુરુષ કહે છે—

આંતરપ્રાંતીય આવ-જા

કલહ કરૂંયે મત કામણી, ઘોડાં ધી દેતાંહ.
આડા કદયક આવસી, વારલી વહતાંહ.

અર્થ-હે કામિની! ઘોડાને ઘી પાતાં તું તકરાર ન કર. કારણ કોઇક દિન વહાર ચડતાં (યુધ્ધે જતા) એ ઘી પાયેલા ઘોડા જ આડા આવશે. અર્થાત બચાવ કરશે.)

પત્ની જવાબ આપે છે—

આગ બકૂં પવન ભખ, ઘોડાં આગળ નંય,
હું તને પૂછું સાયબા, હિરણ્ય કિસાં ઘી ખાય!

(તૃણને અભાવે વંગડાની ગરમ લૂક અને પવન ભક્ષીને પણ ટકનારાં અને ઘોડાથી પણ આગળ નીકળી જનારાં જે હરણાં છે તેને ઘી ખાવા કયાં મળે છે હે પતિ!)

આ ટુચકો મને શ્રી નરોત્તમદાસ સ્વામી સંપાદિત 'રાજસ્થાન

રા દુહા'માથી સાપડશે તે પૂર્વે વીસ વર્ષો પર સૌરાષ્ટ્રના ચારણની જીભેથી આવા સ્વરૂપે અવેર છે પુરુષ કહે છે—

ઘોડાને ઘી પાતે, કામળ કર ઝાલીએ નહિ
ચમકા દી' ચડયે ચારકા પોતાના કરે

(હે કામિની, ઘોડાને ઘી પાતા તું મારો કર ન પકડ કારણકે એ ઘી પીને તાકાતવાન બનશે તો જ [રાતમા લૂટેનો] પરાયો માલ, પ્રભાતની જરી ચમકી ચડતા જ ઘર ઘરે જોગો કરી શકશે)

સ્ત્રીનો જવાબ

આજ અટકે, વા લ્યે પોરા મોયે નાય,
હું તુજ પૂછું કથવા ઇ હલ્લુકસાથી આય!

પતિનો હરી જવાબ

કાઠો અસવર ને આદમી, ચલ્યે ચલને નાય,
હું તુજ પૂછું કામની, ઇ હલ્લાથી શો થાય!

કોણ જાણે શરૂમાં કે આ દુહરો, નહિ કે બે દુહાને ટેકે મૂળ રાજસ્થાનથી સૌરાષ્ટ્રે ઊતર્યો કે સૌરાષ્ટ્રથી મેવાડે જઈ ચડયો? જોરાક જોગા પારકા પોતાના કરવાની, લૂંટનો માલ ઘર જોગો કરવાની વાત આવે છે તે લાક્ષણિક સૌ કી દુહો છે, અને લાગે છે કે કાકી શાકી છે, કારણ કે લૂંટનો મહિમા એ કાળે જ કાવ્યમા મૂકાયો છે એવુ જ જોરદાર બીજુ દૃષ્ટાન્ત રાજસ્થાની ડિંગળમા છે—

આજ લગી ધન અટપે, દાઝયા ચરખૂ વસ,
હમ તો દાઝયા પખ વિણ તુ કયો દાઝે હસ

વનમા હા હાથતા ભાગી રહેલુ ચકલ પૃક્ષ પોતાની કાળે બેસી રહેલ હંસને કહે છે કે ભાઈ! હું તો પાખો નથી માટે બળુ છું, પણ તુ છતી પાખે કેમ સળગે છે?

હંસનો જવાબ

પાન ભરોટ્યા, રસ પિયાં, બૈઠયાં એકણ જળ;
તુમ જળો હમ ઉઠ ચલેં, જીણો કિતોક કળ !

(હે ચંદન વૃક્ષ ! મેં તારાં પાદ ભરડીને તોડ્યાં, તારો રસ પીધો, આપણે બેઉ એક જ નવાણ-નીરે બેઠાં ને હવે તું સળગતાં હું ઊડી જાઉં, તો મારે કેટલાક કાળ જીવવું છે !

મૈત્રીના આ ચોટદાર મર્મને પ્રકટ કરતા બે દુહા વર્ષો પૂર્વે એક સોરઠી બારોટને મુખેથી મળેલા—

ઊડો ઊડો પંખીઆં, મ કરો મોટી આશ;
હમ જલત હૈ પાંખ વિણ, તુમ જલત હે કાંય !
પાંદ બગાડ્યાં, ફળ ચર્યાં, બેઠાં શીતળ છાય,
(આજ) તુમ જલો હમ ઊડીએ, તો જીવનકા ફલ કાય.

સુભાષિતો, પ્રેમોક્તિઓ, ઋતુલીલા નિહાળીને કવિને ઊછળેલ સૌંદર્યોર્મિના વાહકો, અને નનકૂડી બબે પંક્તિઓમાં ત્રંબાળુ યુદ્ધ-નિશાણના ગભીર ઘોષ કરતા વીરરસવાહી દુહાઓ છે. રાજસ્થાનના એ સભરભર ભંડાર તરફથી સોરઠને ઘરઆંગણે વળીએ ને રાજસ્થાની ચારણોએ જ કરેલી પ્રશંસા સાંભળીએ—

સોરઠિયો દોહો ભલો, ભલી મરવણકી બાત;
જોબનછાઇ ધણ ભલી, તારા છાઇ રાત.

દુહો તો સોરઠિયો જ ચડિયાતો—એટલું જ કથન કરવા માટે ચારણે એને ત્રણ એવાં જ કૃપાળાં સાથીઓ દીધા—મારવાડની વાત મીઠી, જોબનવંતી ધણીઆણી મીઠી, ને તારલે છાયેલી રાત મીઠી.

સોરઠિયા દુહાનો ઘાટ આ રહ્યો : રાણુકદેવીના વિલાપ-દુહા :

માણેલા મ રોય, મ કરે ઘાતી આખડી,
લાગે કુળમા ખોય, મરતા આ ન સુધારિયે

(કોઇ) પહલીએ પાણી પાય, (તો) એને ઘડે ઘી પુરાવશુ,
(મારા) કુળના કરમાય રોપા રાણુકદેવના

(એ લોકો ! કોઈ મારા તરસ્યા બાળકોને એક અંજલિ પાણી પા'શો તો હું એના બદલામા ઘડો ભરીને ઘી આપીશ મારા કુળના રોપા કરમાઈ રહ્યા છે)

દુહાની અર્થઘનતા

દુહાથી ઊલટો તે સોરઠો પ્રાય બન્યે બળે વાણી-વિચાર બન્નેનાં પાખીઆ સમતોલ રહે

ઝીણા રેતીના ઝાંખરા, (એને) બાપલીએ પાણી પડે,
મૂળ વિના ઊંકાર, (એને) સોબતીએ સોદ્ધી કરે

દુહો એટલે અંગ્રેજ ઊર્મિમુક્ત :—

બાપુ બાપુ કોય તો રેણ કઠને રાખીએ,
(પણ) બાળક કાપુ કોઈ (એને) કાચો ન મળે સૂરના !

કાપડ ફાટયુ કોય (એને) વાણો લાકને પૂનીએ
(પણ) બાળક ફાટયુ કોય (એને) સાંધો ન મળે સૂરના !

મુક્તકોની લાક્ષણિકતા

મુક્તકે મુક્તકના લાક્ષણિક શોભા-વૃત્તોનો દુહામા અભાવ :—

ઉદેપૂરે એવાડ

સદયાપુરની કામણી ગોપે કાટે આજ,
દેવાપુરા મન વસે આનંદિયા કુલ માજ !

તાજું તાવેલું ઘી વેચવા ગામડે ગયેલી એક નેસવાસી કુમારિકા વેપારીને હાટડે સાંધણ કરેલા વાસણમાં પોતાનું ઘી રેડતાં એક પુરુષને ચાલ્યો જતો જોઈ બેધ્યાન બને છે, વાણિયો ટોણો મારે છે કે બાઇ, નજર તો ઠેકાણે રાખો, આ ઘીની ધાર નીચે ઢળે છે. ત્યારે એ યુવતી કહે છે કે, ઘોળ્યાં ગયાં આજની તાવણનાં ઘી!

ઘોળ્યા જાવ રે ઘી, આજૂના ઉતારનાં;
ધન્ય વારો ને ધન્ય દી, નરખ્યો વાળા નાગને:

'ઘોળ્યાં જાવ!' એ શુદ્ધ સોરઠી પ્રયોગ છે. (સિંધી લોક-વાણીમાં પણ 'ગોરેઓ' શબ્દ એ જ મસ્ત નિછાવર ભાવનો સૂચક છે. સિંધુમાં ધડો ગણી જતાં ડુબતી સુહિણી કહે છે કે 'ધડો ભલે ત ગોરેઓ!') ભલે ઢળી જાય, છો ઢળી જાય, જહન્નમમાં જાય, એ બધા કરતાં 'ઘોળ્યાં જાવ' વધુ ચોટદાર છે. હે વાણિયા! આજની મારી તાવણનાં (આજની કુલ કમાણીનાં) ઘી ભલે નષ્ટ થતા; ધન્ય છે આજનો મારો ઘી ઊતરવાનો વારો, કે મેં નાગવાળા નામના યુવાનને નિરખ્યો. (ઘી દર બે કે ત્રણ દિવસે તાવવાની માલધારીઓની પ્રથા છે.)

હવે આવી લાઘવયુક્ત ચોટથી દુહા સિવાયનું કોઈ વાહન આ કાવ્યભાવને વહી શકત ખરું?

એ જ રીતે એ નાયિકા નાગભટ્ટ પોતાના પ્રેમિકને કહે છે, કે હે નાગવાળા! અમ સામી ભીટ તો માંડો!

સામવિયુ સગા, ભીટું કાં માડો નહિ!
વટીએ તો વાળા, નેણુંઝડાકે નાગડા!

(દિ નાગ આમદાબાદ દિ મારો તો બનેલી ઝાપટો સમારી
વસ્તીને આપણે સલામ કરી લઈએ)

ને દુ પોતે તો કેમ કરીને તમ આગી નજરે જોયા આવુ ?

પગે ખીલ પરીએ, હાથે કડાવા દોય,
(પણ) નયણા મેલન મેય, આવુ કેરે એ કોઈ

(મેરી પગમા બેડી ચોક હાથે કાયદાની બધાણ ને તુ આખોને
ચકેર કરવુ કોઈ બધા દુઃખ સમજ નથી)

'દુખે ના, અધિપુ ' એવી અનાદિ મુજબ, નવીન પ્રેમપત્રોમા,
વીરકાવ્યોમા વિજયવીરો કથાઓ, વિરહે અને અમૃતની ચાલો પાન
કરીશ કે પ્રમાણ દુઃખ જોવા કેમ લાગે કરે
આજનાના આખલા પણ કુદરતી રીતે દરેક કથાના આમિક
જેવા દુઃખ અહીં દુઃખાવામા બધા પણ છે, જે એ
કથાઓ તેમજ એ દુઃખનિના પ્રેમમા મરે

એ સંવેદનની જ દિશા દેખાડતો જાય છે. ઘરમાં પિતાએ પરણાવેલી સ્ત્રી મારવણી છે.—એનો કંઈ દોષ નથી, પણ મૂળ વેવિશાળે જોડાઈને છેક બાળાપણથી વાટ જોતી દૂર દેશાવરે બેઠેલી, વિસ્મૃતિપટમાં સળવળેલી મારૂઈ પણ અન્યાય પામી રહી છે—કેવી સાપટમાં પડ્યો છે માનવી !—

ઢોલો હલ્લું હલ્લું કરે, ધણય નવ હાલણ દેહ,
ઝળ ઝળ ઝુ ઐ પાગડે, ઠળ ઠળ નીર ઘરેહ.

(નાયક ઢોલો પોતાની બાળાપણ વખતની વેવિશાળ કરેલી પણ પછી વીસરાઈ ગયેલી છતાં વાટ જોઈ રહેલી કુમારિકા મારૂઈને મળવા દેશાવર જવા વારવાર ઊપડવા તૈયારી કરે છે, પણ પરણેલ ગૃહપત્ની મારવણી પતિના ઊંટને પાગડે લટકી પડે છે, ઠળક ઠળક આંસુ પાડે છે, ચાલવા દેતી નથી)

પતિના મિત્રનું સ્વપ્નમાં નામ લેવનારી આહીર સ્ત્રી વેજીને બહેમથી ભણકાર દેતા પતિએ જાણ્યું નહોતું કે વેજી સાચેસાચ પેલા મિત્રનું ઘર માંડવા જશે; ને વીર પીઠાત હારીને, મિત્રપત્નીને પાછી વળવા વિનવણી કરતાં ખબર નહોતી કે વેજી શો નિશ્ચય કરીને આવી છે. એ નિશ્ચયનો દુહો અગ્નિના અક્ષરો લખી ગયો છે:—

મરણ મેવાડા ! (તારી) પીડીઆ ! પાની ખુંદવુ.
(એની) લાપે લાકાળા (તારે) મરવું મોરીસક ધણી !

હે પીઠાત ! તારી સાથે સેજ માણીને હું છોકરાં જણવા

●ઢોલો અને મારૂ બેય પારણે સૂતેલ બાળકો હતા ત્યારે તેમના વેવિશાળ થયેલાં. પછી દુષ્કાળ વગેરે કપરા દિનો આવતાં ઢોલાના બાબાપ દૂર દેશે રહેવા ચાલ્યાં ગયાં, મૂળ સંબંધ ક્ષીણ બન્યો, પરસ્પર મળવું જ અશક્ય થયું, એટલે ઢોલાના પિતાએ ઢોલો યુવાન થતા તેને મારવણી નામે કન્યા પરણાવી પછી ઢોલાને મોડે મોડે ખબર પડી કે મારૂઈ નામે કન્યા તો મારી વાટ જોતી દૂર દેશે બેઠી છે.

નથી આની તારી પાઠગ તો મૃત્યુ તારી પાની ખૂદ્દુ આવે છે,
ને એના પગની થપાટે તારે તો મરવુ જ નિશ્ચિત છે *

કપીલાત-વેરની આ વાર્તામાં વેળ કઠીયાવાડના કામળીયાવાડ નામે ઓળખાતા પ્રદેશના એક આહીર મુખી બોલ કામળીયાની સ્ત્રી હતી જેમ કામળીયાવાડમાં બેસે કામળીયો તેમ દૂર જુનાગઢ તરફ પીપાત નામનો એક હાકી રાખાનો મુખી બેઠે પરાક્રમી તરીકે પ્રસિદ્ધ હતા બોલાએ પીપાત હાકીને બાપ્યો નહોતો પણ બારવાર તેવરો પટોચાડયા હતા એક વાર પીપાત હાકી બોલના સામને પાદરથી પોતાના રસ્તા સાથે નીકળ્યો અને તેણે તપાસ કરાવી, પણ બોલો કામળીયો ઘેર નથી એટલે સાકળીને પીપાત હાકી આગળ ચાલતો થયો આ બાજુ બોલની પત્ની વેળને પડતા તેણે પાદર માણસો દોડાવી ખાત્રી કરી પીપાત ને પાછો વાળ્યો અને બીજા દિવસ પરોઢિયે કરી સામેલ પછી પીપાતના બધા બાકી વેર આવેલા પતિને તેણે પીપાતની વીરતા સજ્જનતા નુકતા વિશે વાત કરી પણ પીપાત હાકીના રૂપગુણની છાપ વેળના અંતરમાં બેઠલી હતી અને એક દિવસ એનાથી બધમાં વાત પીપાત ! અહો પીપાત ! ' એમ સધાઈ ગયુ વહેમાયેલા બોલાએ વેળને પોતે કેટલુ દુઃખ કરતી હતી તે પીપાતનુ ઘર આવતા પેલુ મારી ઘરમાંથી કાઢી મૂકી-પછી તો નિર્દોષ વેળ કૃપાયમાન બનીને સાસેસાચ પીપાત હાકીને આવવાનું કહે પત્ની તરીકે પોતાનો સ્વીકાર કરવાની પીપાતને ફરજ પાડી અને પીપાતનુ ઘર માંડીને રહી આ મિત્રદ્રોહનુ વેર લેવા બીજે કામળીયો કુપે ચોરો પીપાતને ત્રાસ આપ્યો, આમ અદાવતના શુભારંભ શિવાયમાં બેઠાની આવી ચડેલા પીપાતને બેસે દુઃખ બેસતા પડાવ્યો, પીપાત પોતાને ઘેર આવેલા મહેમાનોને વિદાય દઈ આવવા પ્રસંગ માટીને ઘેર ગયો, અને વચન મુજબ બેઠલો બાકી સિવાયને મારવા આવ્યો વેળ પણ પાકા પટ્ટોથી બેઠુ મારુંજોને બનાવેલ ઉઠારતાનુ જાન કરવી બેઠ બચ્ચે વેળએ રૂપ કરાવ્યો, અને પોતે ઘર-પત્ની બનેલ છળ પ્રપંચ પતિ બોલનુ તેણે જાવજ્જુ આતિથ્ય કર્યુ પછી ઉપરે બેઠ દિવસે મેડ દોરતો આ સૌને બેસે લઈ દ્વારકા જવાને બધા હતા ત્યા રસ્તે બોલ કામળીયાને મિત્ર પીપાતની યાદીને આવેલી ધૂળ બધેલતો દેખી વેળએ ટોણો માર્યો—

ઉપર નિર્દેશેલી એઉ વારતાઓ, ઢોલા-મારૂની અને પીઠાત-વેજીની, તેમાં જેમ તુમુલ ઊર્મિ-સંઘર્ષણોની રંગભૂમિ પર પાત્રાલેખન થયું છે તે રીતે બીજી અનેક દુહાબંધી વાર્તાઓમાં થયું છે. પ્રણય-ત્રિકોણ એ આધુનિક નવીનતા નથી,—ચારણી વારતાઓએ પણ એને ચર્ચેલ છે. પંદર સોળ વર્ષના કિશોરનો નારી-પ્રણય કેવો એક કરુણ કોયડો છે તે આપણને લોડણ ખંભાતણ અને આહીર-કિશોર ખીમરાના દુહાબદ્ધ કિસ્સામાંથી જોવા જડે છે. લોડણ નામની યુવાન બ્રહ્મચારિણીને પુરુષનું મોં જોવાનું ય નીમ છે. સંઘ લઈને જાય છે છેક ખંભાતથી દ્વારિકાની જાત્રા જુવારવા રસ્તે રાવલ ગામને પાદર એક રાતનો પડાવ નાખે છે, ગામધણી આહીરાની પત્નીઓ પવિત્ર મહેમાનને મળવા ઊપડે છે. નમૂછીઓ કિશોર ખીમરો રઢ લે છે કે ભાભીઓ! હું ય આવું: તું તો પુરુષ, ઘેલા! ન અવાય. આવવું છે? તો પહેરી લે બાઘડીના લુગડાં. નિર્દોષ કિશોરે નારીવેશ સજ્યો, બહુ નમણો, રૂડો દેખાણો, દીઠે કોઈ ન વરતે કે નર છે; પણ વરતુ નદીને સામે પાર ડેરામાં બેઠેલી નૈષ્ઠિક બ્રહ્મચારિણી લોડણે દીઠી—આ નારીવૃંદમાં એક કિશોરી,—જેનો—

વસ્તુ ઊતરતે, પગ પરખાણો પુરુષનો.

'વાઢે દળ વેરી તણાં જાતાં ને વળતાં જોય,
કરમ તાહરા કોય, પીઠીઆ! પાણુ કાટે.

(હે પીઠાત ડાહી! તારાં પરાક્રમ કેવાં છે! કે આ ભોમ જેવા પથ્થરો પણ ફાટી જાય છે)

આથી ભોમનુ દિલ દૂભાયુ. એણે આ અપમાન ધોવા પીઠાતને દ્વંદ્વયુદ્ધમાં પડકાર્યો અને બેઉ લડીને ત્યાં મરાયા (જુઓ મેઘાણી સંપાદિત સોરઠી ગીતકથાઓ: પીઠાત-વેજલ: પા. ૮૮ થી ૯૫ અને હરગોવી દ પ્રેમશંકર સંપાદિત કાઠિયાવાડની જુની વાર્તાઓ: પા. ૧૧૯-૧૩૧

કારણ, કે બોજાઈઓ પાણીમાં વસ્ત્રો ઉઘાં લેતી હતી, જ્યારે કિશોર ખીમરો તો પ્રવાહને ઠેલીને વટાવતો હતો

પાસે આવ્યો બદીનાન રખેવો લક્ષ્મણાણીનો પ્રબુદ્ધ પાળ તોડી બહાર આવ્યો કિશોરી-ચેરો પાછા જનાર ખીમરાની પણ કાયા ફરીવાર વસ્તુ નદી ઊતરતે કબજામાં ન રહી શકી એ લયડ્યો દેખીને લોકો ઉરામા બોટે બોટે દિવસા કહ્યું—

લાજ્યા મા લાગ્યા અમા તુને ખીમરા

વગતો દિવસ વિજોગનો હતો પ્રણયના પ્રથમ અશ્રુ-રસથી કિશો રમા પ્રકટની ચિન્તા દીધી કે ? આ વારતા એ દેખાડે કે અરે ખીમરા ! જા નહિ—

પાસે દીને વટાડ
અમે આઈ દાડે આવશુ

શૂરતો મનને દારુ ગઈ તાળીદે પાછી ફરી આકમે દારુ પહેા ચતા રાવટ ગામના પાદરમા ખીમરાની ચેહજ બળતી દીઠી

(ગોરડી લોકકથાઓ પા ૧૦૪)

વાર્તાનો આખો ઉઠાર અહી બાદ મનોવિજ્ઞાનનુ ગોપ અશ્રુ વહાવ્યુ પણ ઉઘાડી આપે છે આ વારતાઓનો પ્રેરક માનવની મુગ્ધ મનોભોમ છે

વાર્તાઓને ચિરજીવ કરતા આ કથાગત દુઃખ સોકડો છે દુઃખ ન હોત તો કથાઓ ન જીવત, ગામડે ને નેસડે, મહેલાતો ને ઝૂંપા, પહાડે ને વાર્તાને દકારી વગડે સાદિપના ગુરુ ન પહોચત પણ વાર્તાઓનો એક મોટો વર્ગ રાજ દરબારે ન વિચરતા, લાભપસાદોની લાલચોને વગારી જઈને વનવાસી બોકજીવન તરફ વળી ગયો, નિસર્ગમાં અને પશુપંખીઓમા

કાવ્યાનંદ પામ્યો. સામાન્ય માનવીનું અંતર એણે ઉઠલ્યું, પપાળ્યું, લડાવ્યું ને કાવ્યમસ્ત કર્યું. માટે જ એ કથાઓ આજ સુધી પણ નરનારી સમસ્તના ગોપજીવનની વહાલી સંપત્તિ છે, વિસામાની ઘટાઓ છે, દિલદર્દોના મલમપાટા છે ધર્મની ને નીતિની ઇંટિઓ નીચે ચંપાઈ રૂંધાઇ ગયેલ નરનારીઓના લજ્જા-ઝંકડ્યાં જીવનોને, આ દુહાઓમાં ભરેલો અકાટ નેહ, બડબોરી, અને હૈયાની મોકળાશ તેમજ મસ્તી ગાતા કોઈ અટકાવી શકતુ નથી ×

દુહાનો બીજો એક હાવકો પ્રકાર છે. આણંદ-કરમાણંદની ગુર્જર કવિ-જોડલી જો દુહાઓની અકેકેક પંક્તિ બનાવીને સવાલ-જવાબ રૂપે સંસાર-વિવેચના કરી ગઇ છે, તો રાજસ્થાનના સિકર ગામના ખિડિયા કિરપારામે પોતાના વહાલા ચાકર રાજાને સંબોધીને સંસારનો સાર વલોવતા આવા દુહા-સુભાષિતોનો મેહ વરસાવ્યો છે—

ચાકરને અમર કર્યા

મણધર વિખ અણભાવ, મોટા નહ ધારે મગજ,
બીજુ પંખ બણાવ, રાખે સિર પર રાજીઆ!

અર્થ—હે રાજીઆ! પોતાની પાસે અમાપ વિષ હોવા છતા મોટા મણિધર નાગો તે વિષશક્તિનો માથા પર ઠઠારો નથી કરતા, એ તો નાનકડો વીંછી જ-નજીવા ઝેર વાળો-આકડો માથા પર ચડાવીને પોતાની શક્તિનુ પ્રદર્શન કરે છે

મતલબની મનવાર, જગત જમાડે ચૂરમા;
વણ મતલબના યાર, રાબ ન પીરસે રાજીઆ!

× આ દુહાબદ્ધ વારતાઓ માટે જુઓ મેઘાણી સંપાદિત સોરઠી ગીતકથાઓ અને હરગોવીંદ પ્રેમશંકર ત્રિવેદી સંપાદિત કાઠિયાવાડની જૂની વાર્તાઓ.

એમ પોતાના ચાકર ક્રિશનીઆ કે નોપતાને નામે ચડાવેલા બીજા ચારણ કવિઓના સુભાષિત-દુહા ઉપર બારોટે પ્રભુને સંબોધીને કહેલા 'સામળા !' ના દુહા, અને એ પરંપરાનું ઉત્તરોત્તર પાતળ કરતા આવેલા અન્ય ચારણોના સામળાને સંબોધેલ દુહા

ખમખમારા દેતી ખગ્ગ ઝમક્કા ઝબ્બણા
(એવા) સુભા સાથ વિના, સરજે દાખ્યા સામળા !

કે કે ક્યા કાઢેા નહિ, મા ન મણે માખ્યા !
સજપણના સાધા સરજાપરમા સામળા !

રાવા પર રૂઠેા રૂડા ધીંગાને દેતેા માન
પારેખ પે પરધાન (નકર) સભ નચત તુને સામળા !

ઉનુ ખીચડુ આપશે આપ્યુ જિણ અનધાન
પ્રેમિકેટુ ઇ પાન જોમા આપુ સામળા !

[ચારણ આશપુરાના રચેલા સામળાના અપ્રકટ દુહાભાષી]

સેા ચીઠિને ખેડણ સમા, નાકણુ ઝાલીન નાર
અખખા જેમ ઉપાડ (કિાન) સરતે રે નહિ સામળા !

કાયાને અગારી કિયા સાચારેા ને બીજ આધ
(આજની) રે વા કેને રાત સાજ પડી અઈ સામળા !

અખાસેના ખેકવેા, કા અણુરેા કાંચડ
વાડેા દીયે ઢાક, વેડી ન્યી ચિતવા !

કરેખ નથી પખ ઢાકણુ દરખત નહિ તેાય ઘા.
ન કે વાપે ના સારા સદિસાને સામળા !

અણે નાખ્યા મૂરખા માણા ચૂપે ખા,
એ ખાડે ને ખા, સેા બીજા રૂણ સામળા !

[ચારણ પાલરવના લાલ રેાય અપ્રકટ દુહાભાષી]

જીવન પરની એ સેંકડો રસમીમાંસક ઉક્તિઓએ જ જનસામાન્યની સાહિત્યરુચિને ઉચ્ચ કક્ષાએ રાખી છે એટલું જ નહિ પણ સર્વદેશીય કરીને સાચવી છે. ચિંતનની સઘનતાને દુહા પાસેથી શોધો–મળશે મૂઠીએ મૂઠીએ. કોઈ કચ્છી કવિ કહી ગયોઃ

સાયર લેરું થોડીયું, મુંજ ઘટમાં ઘણેરીયું;
હકડી તડ ન પૌંચિયું, (ત્યા) દૂજી ઊપડિયું.

(અપ્રકટ)

[અર્થ–સમુદ્રમાં તો લહેરો થોડી છે, વધુ તો મારા હૈયામા છે. એક લહેર હજુ તીરે ન પહોચી હોય ત્યા તો બીજી ઊપડી જ હોય છે.]

બીજા લોકકવિએ અકળામણ અનુભવી–

ગાલડિયું ગઢેરથનજું, વધીને વડ થિયું,
ચગે માહુએ ન પૂછીયું, દલ જી દલ મેં રૈયું.

(મેઘાણીકૃત પુરાતન જ્યોત. સત મેકણ)

(અર્થ–ગૂઢાર્થની વાતો મારા મનમાં વધીને વડ જેવડી થઈ. પણ કોઈ સુજન માણસે મને પૂછી નહિ (એવકૂકને તો મેં કહી નહિ) એટલે તો પછી એ બધી વાતો દિલની દિલમા જ રહી ગઈ)

મચ્છ મહાજળ હોય, કિયે અવગુણે કઢિયો?
છલકી છેહ દિયો, કે સાયરે સંધર્યો નહિ?

(સોન-હલામણની કથા: સોરઠી ગીતકથાઓ · પા ૧૮)

[અર્થ–અરે હે મોટા મચ્છ! તારૂ તો ઊંડા અહોળા સાગર-જળમાં જ સ્થાન હોય તું આહીં આડીને કાંઠે કયાથી આવી ગયો? શુ તને ખુદ તારા પાલક સાગરે જ ન સાચવ્યો?)

મચ્છ જવાબ વાળે છે—

અધ ચીજ વધે ઘીયે બળાણ નહિ
સાનાની સુરતે દાણીવત્ દળદુ પ્ય

(એજન)

અર્થ—કુ એક નાનકડા માણસાની કોમતે આસપાસી દબડેા પડયેા એની સાથે સાથે ભલીની વેલ્યમા આવ્યેા તેા ખરેા, પણ ભલતીનેા જુવાળ પાઠેા વળી ગયેા તેની અસર ન રહી, ને દવે કુ મહારાજ એ અપમાનની માફક કેમ કરીને પાઠેા મહાજળમા પહેાચ્યુ ?

કેાઇ પણ એક ભાવ અથવા ભીમિંનુ દેાહન કરતા કુહાનુ રૂપ બારી અનુકૂલ છે દેશાભિમાનના ભૂત કે વર્તમાન ભારતનુ આ કેવુ ચાર્મત સ્વરૂપ છે !—

ધર્મ ભતા ઘર પલટના, ત્રિયા પંથા વાય
એ તીનુ દિન અલ્પના, કેાલ કરે કેાલુ ગાય

(અર્થ—ધર્મ બતેા હેાય, પેાતાની ઘરા પલટાતી હેાય, કે પત્ની વિપત્તિમા પત્ની હેાય, એ ત્રણે દિવસ આવા મૃત્યુના છે—કરે એને ગાય સૌને આવે)

આણસુમા Cકા ગેરતા આવા દુહા અનેક છે—

અમા માનુ ઘર રહે એ દિન અવશ્ય હેાય
બાપ કૂટે, ત્રિજ વધે નામ ન જાણે કેાય.

સ્ત્રી કેાઇ સાનેરી નામની સ્ત્રી પ્રેમના, નૃત્યચિંતનના દુહા વેતી ગઇ હશે ? કે એ સાનેરીનુ નામાચરણ નામને કાજે કવિઓએ આ દુહા કહ્યા હશે ? સાનેરી નામની કેાઇક પ્રેમપાત્ર સ્ત્રી ખરે જ હેાવ નેા જણાયે નથી—

સામેરી સજણ વળાવિયાં, તાતી વેળુમાંય;
જે સરજી હત વાદળી, (તો) પિયુને પલપલ ઢાળત છાંય.

સામેરી સાયર ઊમટયો, રતન રેલાણાં જાય;
કરમહીણેા ઘરે મૂઠડી, શ ખલે હાય ભરાય.

સામેરી ચડી ઘેાડલે, કરમાં લાલ કમાન;
જે દરય નાખે ભલ્લકેા, તે દરયમા ઝ ગાણ.

સામેરી ! સેાનાર જીં, ઓલાણી મ પૂંક;
(જે) અરથ ન આવે આપણે, (એને) મનથી વિસારી મૂક.

(અપ્રકટ)

તેા કેાઇ 'ચૂડ વિજોગણ' નામની સ્ત્રી સાજણ–સ્નેહના છકડિયા (છ છ પંક્તિના દુહા, જેને દેાઢીઆ પણ કહે છે. અ દર કથનને દેાઢય વળે એટલે દેાઢીઆ કહેવાય છે) સ્ચીસ્ચી લેાકકઠે મૂકતી સ્વજનને રટતી ગઈ–

સાજણ એવાં ધારીએં, જેવા કૂવાના કાસ,
પખાડયા પાણી દિયે, કદે ન આણે રેાષ

કદે ન આણે રેાષ તે આશા
ગેારિયાનાં પાણી ઝીલે કયારા

ચૂડ કે' ઊભેા સાઠેા લિયે સેાસ;
સાજણ એવાં કીજીયે, જેવા કૂવાના કાસ.

(કાઠિયાવાડી સાહિત્ય–કહાનજી ધર્મસિંહ સ પાદિત)

સાજણ એવાં ધારિયે, જેવી હીંડોળાખાટ;
સેજ વચાળે સૂઇ રયે, હૈયે ધરીને હાથ.

હૈયે ધરીને હાથ તે હસીયે,
ઘણભૂલાં સાજણના પાડામા વસીયે.

ચૂક ન કોરે દીવે બળે વડ
સાજણ એવા કીજીયે, જેની કીડીએ પાડ

(એજન)

સાધ ! સાજણને જોવર્યા, રોની મેમાની કરે ?
કાળજ ખુમા ને કેફરા ત્રણે આગળ ધરે

ત્રણે આગળ ધરે તે જગતા જીવો
બધુમુખા સાજણ મેમાન થાઓ

ચૂક કે ઠારી કટારે ને કાળજે ધરે
સાધ ! સાજણને જોવર્યા રોની મેમાની કરે !

(એજન)

જગની પ્રેમુખતા, પિયુની એવફાદારી, પ્રેમુની પુમારીતા, અને તેની સાથેસાથ વૈરાગ્યની મસ્તીના ને જીવન-મરણના પણ રોનીયા-ઠકરીયા [જે જે ચરણોના] મોંમિકો હજુ પણ હેણીની ઝાળ ફરતા કે મેળામા જીમતા માનવીઓના હૃદને કુમકિયાળી ઠકીઓ લગાવતા દુહાગીરોએ સૂત્રાપી સૂત્રાપી ચિંતન-અવેલનો રસાનદ પીરસ્યો છે

દુહાની કારમને સે વરસોથી સાચવતા ચારણની ઉલ અને કરજ રહ્યા જેવા બની ગયા તેમ દુહાનુ સાહિત્ય, સાહિત્ય, અને શુદ્ધ અર્થની સમ તોલવતા માપવાનુ કલાવિધાન જો ન કરે તો એની કવિતા જળકોજ્જ અને પણ નહિ દુહાની રચના ત નબળેથી અને ઘડા વગરની છે એમ ઘણાનુ માનવુ છે મરોધરા પણ એવો ભ્રમ સેવે છે કે અમે તેના બે ચરણો લાય લાગી ગયા એટલે દુહો થઇ ગયો ! એવો ભ્રમ સેવાય છે કે આ તો રેલીઝાણ માત્ર ગમારોને રીઝ-

દુહો એ ગમાર રચના નથી

દેવીદાસ' એટલે દેવીનો દાસ, દેવીનો ઉપાસક ભક્ત, એમ ધારી બેસે છે, એટલે કુદરતી અર્થહીન અને ધડા વગરનો ભાસે છે પણ એની દાસ આગળ વિશેષ નામ છે પરમ-ચાવડી નામની એક સોરઠની ધાર્મિક કન્યાના બાલ્યકાળ મક્ત દેવીદાસ, જે ૨ તપીને ઓળખતા ને ચાહતા હતા, તેમની પાસે બેસવા વારી કે ગામસરાસ નહોતા પણ આકાશની રોશ (આ કાન્તિ)નો જ આધાર હતો, તે દેવીદાસના ગુણની એ પ્રશસ્તિ છે કુદરતી તો નિયમને આધીન કૃતિ છે એમાં વધુ ઊંડા ઊતરી જોઈએ, જે વસ્તુથી પ્રકૃતિ મંડાય તે જ વસ્તુથી પૂરી થાય એવા પ્રયોગો એને કે અનુપ્રાસ અગર જોઈએ એમાં antethesis આપવું જોઈએ આમભાગે પડતે બે ભાવ, બે વિચાર, બે કલ્પનાઓ સમ-તુલાએ તોળાવી જોઈએ એનું લાઘવ જરીકે અતિક્રમ ન થવું જોઈએ કારણ કે એને તોળાવું છે લોકહૃદયને સુરક્ષું-કાટે જનતાનો સમ-ભાવી કરે આનુપદ રચનાને તો ત ા ફેરી નાખે—અશુદ્ધિને આપણે કદી સંશોધન ન કહીએ

વિશ્વજ્ઞાનને અને તત્ત્વદર્શનને, ઋતુસૌંદર્યને અને પ્રેમની મસ્તીને, વિશ્લેષની વેદનાને અને મૌલિક મર્મભાવે ઝડપી લઈ આ ગીતો કુદરો આધુનિક કાવ્યસૃષ્ટિની કલેજીએ પણ મધુર કલામય છે

વધુ ખુબી તો આ છે, કે કુદરો ગનાય છે અત્યંત મધુર કવિ, કલેજા-ચીરણ મધુરા કાણે કુદરા સોરઠા, મિલાપ કે સુંદરી રામા સંગીત-ગાજને ઝકાર ઝકારે ગનાય છે ગનારો કુદરોજ વધુ ઈશ્વર પામ્યો છે

વારતા-કથનનું ગદ્ય

કડીબંધ દુહાઓ વાળી વારતાઓમાથી સીધા આપણે એ વારતા-કથનના ગદ્ય-અંશોની તપાસે સરી જઈ શકીએ છીએ. વારતા-કથન એ ચારણી વાણીનો એની કવિતા કરતાં પણ ઘણો મોટો ને વધુ મહત્ત્વનો ફાળો છે. ચારણી કાવ્યપ્રકારોને પણ પ્રવાહી અને જીવંત રાખનાર આ વારતાક્ષેત્ર છે. ચારણ જો વારતા ન માંડતો હોત તો ઘણો વહેલો લુપ્ત થયો હોત. લોકોએ ચારણી વારતા-કથનને દુહા કરતાં પણ વધુ આસાનીથી અપનાવ્યું છે. રાજસ્થાની ઇતિહાસ-માની, વીર વિક્રમની, પ્રેમી યુગલોની કે ચતુર વણિકોની, ગંભીર અને ટીખળભરી, લાંબી કે ટુચકારૂપ વારતા કહેવાની ચારણી ફાવટ અજોડ કહેવાય છે. એને એની અનોખી જ વારતા-શૈલી છે.

આ ચારણી વારતાને ગ્રંથસ્થ કરવાનો પહેલો યત્ન એક પારસી વિદ્વાને કર્યો. એ શીએક વર્ષ પર ગામોગામ ફરતા અને બે ત્રણ લહીઆ રોકીને ચારણી વારતાકારોના મુખ-બોધ ઝીલવા મથતા આ પારસી ભાઈએ 'ગુજરાત તથા કાઠીઆવાડ દેશની વારતા'ના ત્રણેક ભાગ ઇ. સ. ૧૮૭૪ના અરસામાં બહાર પાડેલા તે સુભાગ્યે અત્યારે ગુજરાત-વર્નાક્યુલર સોસાઇટીએ શબ્દશઃ એ જ પાઠ રાખીને પુનર્મુદ્રિત કરેલ છે છતા તેમાં પણ એ સંગ્રાહકની પિછાન ખાતે તો ક બ. નામની બે પ્રથમાક્ષરોની સત્તા ઉપરાંત કશો પતો નથી એ ભાઇએ અંડ બીજામાં મૂકેલી અંગ્રેજી પ્રસ્તાવનામા લખ્યું છે કે—

'It would be interesting to note here the bard's manner of telling a story but as Dr Marigold said, it is difficult to translate the eye so it is impossible to translate the twang and the sing-song At the same time the bard uses words, which strike more by their sound than their sense a good deal of alliteration and very many mnemonic words albeit with 'fossil poetry of their own which constitute *par excellence* the beauty of bardic recitations'

પછી એ પોતે કરેલી 'માનમોસ અજેમીજ'ની વાર્તામાંથી એક પ્રસંગ Cite કરે છે—

> મારણ આપી દીધી છે ખુશી અજીતની કન્યાને આપે કરો, તે મોભારે બનશી તમો વાતમા કહીયે વેમજો તેની બજી ને—
>
> તરવારે લાખાણા લુવારની સજ કરેલ, મોન્યા બકાલીયાની ધાર કરેલ, ત્રણ વસુ પખથી ઓ-(?) દીધી મરચલે પરી હોય, તરવાર બાંધીને ઢાંપો બલે કે પાખાનુ ઉઘાડુ પણ જે બરી મોભા માલામા પધેલનુ હોય તો બાજ બાલાનેર દરોગેર એક કોર પટે ને દરબારના મેલામા કકીડ ચડે એવી તરવાર બાંધી હજર આવ્યા
>
> બનમાર્ગે કેસરી ચાલ્યા, રજ લઈ તરણા વણ્યા હતા મુખમેદન ચરે દરેલા વા વાળ્યા ને વછુટયા, લઈ દઈએ વાયુ ઓ- રાજ ઘોડામણ્યે તે દરોને દીધોરા—એવા કજાત ઘોડે બેસી—તે ઘોડા લાખી નદિયારા, કુણી કુણિયારા, બાજ- બજ બાલીયાળા, અરી સુમેરીયાળા વાદરી પાણી પીલે ઘોડા પાણિમા બાજરી ફેરણિકે મારે, આકાશમા ચાતો કરે—બજારીના ઘોડે બેસી બાજણ ને પગાડીના તોડતમ લાખી લાખી કેરાવાણી, કુણી કુણી બનબુરી, બોલા બસ, ઢાલ સેના બખ્તર માથે સજ, વજા ના દીધે—એવા ઘોડા કજાત બેસા છે તે થ્રણ થ્રણ—

ઉમરીયાં

વનરા (રૂદા) વનમાં, ધારી ઝાડીયાં ને લેવૂંગિયા, ત્યાંથી ચાલતા ચાલતાં ચાલતા ઉમરીઉ ગામ પુગા હમીર હાઠાળાનું. ત્યારે હમીર હાઠાળો કેવો કે—

હમીર હઠાલાનાં

બને રાગ સિંધુ જ્યે ગરોગર ખુબયેા, ડોળમાં પડે એમ તાલી સાંપેની સામડી લીડી, કંઇએ સુતાને બેલમાં રણિયે સવેારે, ઝર વેમાતની પડે, ઝર ભચેભચ, મામલા વચેાવચ છવ મેલ્યા, કાયરા નરાને આંબેા કહે ભચેભચ બર્છી થકી બેલ્યા–તેનાં શબ્દેરમા આવ્યા, ત્યારે તેા

ગામમાં આવી

પદમશા, ને પેમાશા, ને રૂપાશા ને શેાભાશા ને નેમચંદ લટકચંદ ને મતકચંદ ને માણેચંદ ને દલીખા, ને બીરીખાં, ને ચકીખાં ને ચાકરખા જોવા મલ્યા, ગેાડકી ને ફેાદી ને મેાદી ને મેદી પણિયારી ધાતી ધાતી આવી.

ચોરે ઉતરયા

આ ચાલ્યા હમીરને ચેારે જઇ ઉતર્યા, ત્યાં તેા સાપેાજી ને કસરેાજી, તડકયાજી, તબેલીજી, અંબેાલીજી, કવેસીખાં, લેાંટાભીખાં, ને જટાભરજીભાઈ આવ્યા મલવા હેા હેા ભાઇ રામ રામ છે. કાંહાં ચાલ્યા ? તેા સગાઇ કરવા. તેા હમીરને એક છેાકરી છે તે કેવી રૂપાળી કે—

હમીરની છોકરી

રાણુનેા કેલાસેા, મણમલનેા રેન્ત્રે, તાજી મૃગલી, હેાલી નલ, પુનેમનેા ચંદરમા, કેરે આભ વીજલી કડાકા કરે. તે તેા વાળે વાળે મેાતાવલ થખી, નારી કુંજરનાં ચાર પહેરયાં, પગમાં દમદ ઝાંઝર, ચાલ ચાલે તેા ગેડાની, બેાલ બેલે તેા ફુલનાં, બેસે તેા પદમણી, રમન કરે તેા હાથિણી, ગેાર ધુંટણ ને શૃંગાર—એ તેા

પીંગલદુહી પદમણી, ગાબેથી કાઢે ગાત્ર
દેવી સંધા મન હગે, તેા માનવ કે તેા માત્ર.

હાથે ચુડી હેમની, હેમ સરીખા હાથ.
માઇને જેવી ધડી, તેવી નવરા દીનેાનાથ

મારૂ મારૂ કુ કરો—ઊંટડી દામનિયા
નવરે દહાડે નીપાયા કોક કોક કામનિયા ।

ચહિ ચારણે ઘર અનો, ધન ઘરે આજવારા,
મારૂ લૂંધાડે કચ્ચે નધ્યૂ ધોડાને નીરે ધાયા

જોને નીમ છે જોને ત્યા સાત વીસુ બેસુ પાડીયાળીયો હોય તેને ત્યા ચારણ નથી તો નડીઆદ, ચારસા આતે આતે ૧૨ વરસ ને ૧૩ વરસ ને ૧૪ વરસ ને ૧૫ થઈ ગયા આ વિચારે છે કેને ત્યા બેસુ છે એમ કરતે કરતે ૨૦ ની થઈ ત્યા સાત વીસ ધોડલુ પાસને આવી ગાભા નાખ્યા છે ને આ આવ્યો ચોરે ઉતર્યો ને બોલ્યુ દોલ્યા કે દલ પીઠ કરવા માંડયા તે ઊંટડી સાકણે છે ઊંટડી ૨૦ વાસની થઈ છે તે

દામકામ, મુખલોચની કારીયો વિધી હેમન્ત પાવિયા માથે બાકરો
નથ, બગી બન્નરે રેવતો નથ બે ને બાકર રેશમનો
ઝુર બેમનમાં તુતી કપડા કરીયો બર કાળનો વેરી લખણનો કાળ-જે
તેને કોર્ટ ગીતે બરતરી બર બી છે તે ધોડા દીધા લખન બાન્યા
ત્યા ઘાતડી ને કુ ગી, ને કૃષ્ણતી ને સૌભાગ્યર ને ભોરી
બી ને મોનીબડી ને દોલકુંવર ને હાર્દોમ ને અર્ધાંગેની ને અવિબડી જેવી
ચાહેલીયો જેવી થઈ છે, ને ચોરા પાસે થઈને નથ છે-તે આને જોઈને
વિચાર્યું કે આ સમાન બીજુ આવે નહીં, ક આવાને જવા દેવુ નહીં,
ત્યા તો ચોરે માવા કસુબા થાય છે

રેડીયા કસુબા કડાકડયા નકુનો બાપડાનો સુખાની માતા પર ગરાણો
કુલળા પાની રાજ્ય પારક બે સસુ દુધ, ઈ કીકાઠીક —
પાકી કસુબા બા બનફળ બનવી વન તાલ તમાકુપત્ર નાખેલો તૈયાર
કરી પાયા બાપો બાપ પીએ તે જોડાને ચડે બેટા બાપ
તો બાપને ચડે કાકા બાપ તો બત્રીબને ચડે. બીજી પીએ તો દાદી બાલે
બે રીતનો કસુબો કાઢી તૈયાર કરો છે સામસામા મરી બોને બોલે પીયો
અવસર કરવા લખનો નોખે બાજ રાણનો કસુ નેઠકો ને ઠેક પડયો કાય
તો પૂરની બોલી રોય નાગને માથે બાજ ચેટ્ટે રોયો રોય નાગના બાપાનો
કસુબો કરી

પછી હુક્કો તૈયાર કરો. દસ પાણીએ ખખાળી, ખુબ ઘોઇ, કોચલા ખાખરાનાં, જંગરીઓ આખરાનાં તાંહાંથી, તંબાકુ ખારી કઈની ભરી, બબે ફુક્કા તાણી હુક્કે અગ્નિ ઉગ્યાં, ગડગડાણું, ત્રાડ ભાંડી, પલોટી ઠાંસી ખુબ હુશારીએ બેસી નહાં વાતો કરે છે—

હુક્કા કરયા

ખાએ, પીએ, મજલસ રચે, બબે જશ બોત ભીખારી-ઇ છાતરમા નહાં બેઠા છે, તાંહાં પાછાનો ભાટ આવી ઉભો.

ભાટ આવી

બાંધે તગ કમાન. ઓપ પાછા પીછાણે
દેખે મે પેલવાન, તાંહા તો કહો ન જાણે.

હે ભાટ કાંઇ વાતુ આવડે ? તો હુવે, વાત તો એવી કરું કે કદી ઠોર ઝપાટાનું આથડેલ, પથ્થરનું પડેલ, ઝાડનુ ઝરેલ, એ રીતે ઘડકયું હોય તો પાછું વળે, એવી વાત કરું

સગાઇ કરી

કાવા કસુંબા ખુમ પી સાંજ તાણે કહ્યું, ભાઇ રાગાઈ કરવી તો અહીંજ છે. ઇ ગળ બાંધો ને ઠીકાઠીક :

ને રાત્રે ભોજન જમ્યા

રાત્રે પકવાન તીખાં ને તમતમતા, વઘારયાં ને ધુંગારયાં, ગળ્યાં ને મોળાં, બાટા ને ખરહરાં, બત્રીશે ભોજન ને સોળે શાણવાં, સોનાનાં થાળમા મેલીને લાવા ને ખાઇને સુતા ને સવારના પોહરમાં બ્રાહ્મણે લેશ લેયા—

ધન, મકર, કુંભ, મીન, મેખ સહી, તુલ ને તરકડો,
વા, વટોળ,—હેઠ બ્રાહ્મણ ને ઉપર ઝરખડો.

'It will be seen that about *four* pages have been occupied to express as a bard would in the shortest possible compass—(For, one could give a version even thrice as long),-to express only the *two* following sentences. "The Rajputs equipped with poniards and swords, "marched on horseback to Ubaria, the seat of Hamir, "the Obstinate, who had a handsome daughter in the

"puberty of twenty summers. They were received at "the public square (*chowk*) and spending the evening "with opium, hookah and 'small talk,' were lodged and "feasted for the night and, on rising in the morning "they made their terms of marriage" The ending couplet is Hudibrastic, native bards being capable of much dry, satiric humour, whenever they wist to express it (શું આ કોની પારસી ભાષા કે અંગ્રેજી પ્રસ્તાવના પા. ૧૨)

આ વાક્યોની ગૂંચવણ ઘણી અગુદ્ધ છે પણ અક્ષરાને અર્થ પણની નકલ કરી લીધી છે અર્થહીન અંગ્રેજીમા તરજોમા કેમ ભણો બીજા જ એક કોલેજથી ઊઠીને બીજે રસ્તે ઓઠવાઈ ગયા હોય એવો બીચડો થયો છે આ સોગઠેણને સાફ ન કરીએ તો વાચકો ચારણી ગદ્યનુ કેવુ મુલ્યાકન કરશે !

તરજોમાનુ વાક્ય જુઓ ઘડમાયુ કે દારીમા એમ છે :—

'અરીમડીના માથામા ધોળ્યુ હોય તો, બાજી બાનાનો હેરો એક કોર પડે ને કરવારના મેનામા કાકડીઉ પડે—'

બીજો પ્રયોગ આવો છે 'માથામા કુલુપાની હોય તો બાજી બાનાનો હપરીરો (માથુ) કરવારના મેળામા કુમળા આબુના કાયનુ બીચ કીનુ રામપાતર જેમ લોકમા કાયની બપટે બજા પડે તેમ બજી પડે'

'બનમાસ' કેસરી બાલ્યા બજાણી, તરણા સિંહા સુખચેન ન પરે ધરણા'

એમા તો એક સુદર કુદાને ઉતાર કર્યો છે—

બબ્બ બાજ કેસરી ચ્યા, ૨૪ થા તણ્યા,
તે બા બિબા સૂકરી, નદિ બાબે દાણા'

પોકાના વાક્યોમા 'વાટકી પાણી પીએ' એમ નહિ પણ 'વાટકીમા પાણી પીએ' એવા ઉચ્ચ અક્ષર-સકલનો ઉલ્લેખ છે અલબત્ત કે બોલાતુ એ એટલુ ચોક્કસ હોય છે

આવી અશુદ્ધિઓ રહી જવાનું કારણ આ પારસી સંપાદકની અમૂઘતા અથવા અશાસ્ત્રીયતામાં નથી પણ એના સમકાલીન સ્થિતિ-સંજોગોમાં, એના પંથની વિકટતામાં રહેલ છે. એણે પોતે જ જણાવેલી મર્યાદાઓ જોઇએ—

'હિંદુઓમાં ભાટ ચારણ, રાવળીઆ, તુરી ને મુસલમાનોમાં મીર ને લુંધા એટલી જાત ગુજરાતમાં વારતા કહેનારી છે. તેઓ બધા વિષયી ને અરીણી હોય છે...એ પ્રમાણે જ્યાં તેઓ અડંગા નાખે ત્યાં વિનામેહનતે પૈસાની પ્રાપ્તિ થાય એટલે બેપરવાહ અને સ્વચ્છંદી કાં ન હોય? હવે એમાંથી એકાદને આપણે વાત કહેવાનું કહીએ તો ધીમે ધીમે અરીણ ખાતો, હુક્કો ગગડાવતો, ઓકાં ખાતો, રાગડા તાણતો, એક કલાકનું કથન એક પહોરે પણ પૂરું કરતો નથી. તેજ પ્રમાણે એક જ બેઠકમાં જો વાત પૂરી કરે તો ભાટની જાત લજવાય! તેથી કડકો સવારમાં તો કડકો સાંજરે કે બીજે, ત્રીજે કે ચોથે દહાડે પણ કહેવા આવે. ને કદી મનમાં આવ્યું હોય તો કડકો રહ્યો હોય તે સંભળાવે જ નહિ."

અવળચંડા વારતાકારો

'બીજું ભાટની સામે જો કાગળ ને કલમ લઇને બેઠા તો કાં તો ભડકીને ઉઠી જશે કે કાં તો વાતમાં કાંઈ ભાગ મૂકી દઇ ગોટા વાળી મૂકશે. આપણે લખવા લાગ્યા તો કહેશે કે 'તમે લખી લો ત્યારે તો અમારા સહકુટુંબની આજીવિકા પર પાણી જ ફરી વળ્યું તો પછી અમારે ખાવું કયાંથી? માટે અમારા ગુજરાન માટે કાંઈ ગરાસનો બંદોબસ્ત કરી આપો તો લખાવિયે."

" જે લખનારા ઘરમાં બેસી લાડમાં લોળે છે તેમને અનુભવ હોતો નથી; પરંતુ જેઓ માંહેલા પ્રાંતમાં ફરી ભાટ-ચારણોના એક

વેળા સભાખમા આવે છે તેઓ મારી પેઠે જાણે છે કે આ વિષયી અને બેપરવાઇ લોકોને સ્વાર્થબુદ્ધિ અને તેમના અતિલોભને લીધે કટાળો, નકામો વખત, પૈસાનો ખરચ અને પરિશ્રમ ઘણો કરતા બધારે લાગે છે "

(મુ ઠા કેરાની વારતા બાર ૩ કરતાના વિચાર પા ૧૫-૧૬)

' ત્રીજુ, એજ્જ ઘાટ પાસેથી વાત આલણી જે સભ્યમ તેને બરી ને સપૂણ માને તે ચેજજરૂ છક્કડ આય છે કારણ, આજ કાલના ઘાટો કા તો એટલા અભણ છે કે છપાવતા ફિક્કી પડે તેમને વારતા બરાબર બોલતી નથી કે કા તો તેઓ લુચ્ચાઈ કરે છે તેથી પુરેપુરી કહેતા નથી મને દરેક વાત ત્રણ જુદા જુદા સભ્યસોને મોઢેથી સાભળવી પડી હતી ને પછી જ તેને સપૂર્ણ થયેલી જાણતો ઘાટ ચારણો જેમ વારતા કહે છે તેમજ લખીને છપાવતા તે ફીકી પડે છે ઘાટની બોલવાની છટા જ કેટલીએક વાતને દીપાવે છે પરતુ બોલવાની છટા ટાઇથી લખીને દરશાઈ શકાતી નથી વળી વાત કહેનારના બોલેબોલ લહીઆ તરીકે ઉતારી લઇ છપાવવાથી મઝા કેવો ફીકો ને નીરસ થાય છે દશ નકામા ટુચકા મળે છે ત્યારે એક રમિક અથવા બોધની સારી વારતા મળી આવે છે

(એજન પા ૧૭)

વારતા કહેનારાઓની ક્ષતિઓ ત્રુટીઓની બોડાજોડ આ ગ્રામાણિક સપાદકે પોતાની બામીઓનો પણ મુક્તકઠે એકરાર કર્યો છે

સપાદકની ક્ષતિઓ

એક તો પોતે પારસી છે પોતે શાળાઓમા ગુજરાતીના વિષયમા દનામો મેળવેલા પણ પોતે 'કહેવાતા એ નથી classic ગુજરાતી કૃતિઓ સિવાય કશુ વાચ્યુ નથી,' અભ્યાસના ઘોડા લેખો લખવા

ઉપરાંત ગુજરાતી કશું લખ્યું નથી, આ પુસ્તકોના લખાણમાં પોતે 'અદ્યાપિપર્યંત એક પણ હિંદુની સહાયતા લીધી નથી' કહે છે કે—

'શુદ્ધ ગુજરાતી લખનારા હિંદુઓની અછત છે ને હું અનુભવ પરથી કહી શકું છું કે મુંબઇ ને અમદાવાદ જેવા શહેરોમાં પણ તેવાઓની સંખ્યા માત્ર આંગળીઓ પર ગણી શકાય છે; બાકી કપાળે ટીલાં તાણીને માથે પાઘડીના ગોળ ચકરાં કિંવા ઢલતા બુનાં સુપડાં ચઢાવીને ફરેથી ગુજરાતી લખનારા ગણાતા નથી અને તેમના વડે આપણો હેતુ પાર પાડી શકતો નથી. એમ તો મારી પાસે બે ત્રણ સખસો કવિનાં પાઘડાં ચડાવી બે ચાર ગ્રંથકારનાં થોથાં બગલમાં મારીને, ચાર પાંચ મહેતાજીની સોટી દેખાડતા ને એથી એ વધારે સંખ્યા માસ્તરની પિછોડી લટકાવી લટકાવી ઝોલતા ઝોલતા આવ્યા હતા કે જેમને મેં અથથી તે ઇતિપર્યંત નોંધ પૂરી કરી આપ્યાં છતાં તેને સરળ વાકયોમાં ગોઠવવાનાં, તેમજ દશ પાનાં પૂરેપૂરાં લખી આપ્યા પછી તેમાનાં પાંચ વાકય પણ ફેરવી વધારે માર્મિક કરવાનાં સાંસા પડયા, કારણ તેઓ વિચારશૂન્ય યાચીનાં બેલની પેઠે ભાષારૂપી ઘાણી એક જ રીતે ફેરવે છે અને જે ઢબ વાંચેલી તે જ તેમને બેસી ગયેલી હોય છે, તે વગર કોઇ પણ રીતની નવી છટા અથવા માર્મિક વાકયરચનાનું ચાતુર્ય, એવા માત્ર ભારાનું લાદાવહિતરૂ ઉપાડવાને સરજેલા વેઠિયાઓ, સમજી શકતા નથી હવે સહજ હસ્તજ, દીર્ઘ સુધારે અથવા હસ્તદોષ દૂર થાય (કોઈ રોકાણની વખતે એક હિંદુ લખનાર પાસે વીસેક પાનાં તપાસાવ્યાં હતાં તે શિવાય) એટલી જ માત્ર મદદ ફક્ત સાધારણ હિંદુ પાસથી મળે તે લેવાનો મેં હાલ બધ રાખી છે. यद्भविश्यति तद्भवतु.।' *

(એજન : પા ૨૧)

ઉપરાંત મુદ્રણાલયની જે મુશ્કેલી તેમને નડી છે, તે તો તેમણે કરેલા ખંતારા પરથી જ અનુભવીઓ બરાબર કલ્પી શકે છે. ઉપર કહ્યા તેવા વિષમ સંજોગોમાં આ વિદ્યાભક્ત પારસીએ પોતાનું કામ

*પોણો સો વર્ષ પર જ્યારે ચારણી જબાન જીવતી હતી ત્યારે જે આવી આફતો સગ્રાહકને નડી હશે, તો અમ જેવાઓને આજે કેવી વપત્યો પડી હશે!—લેખક

જેવું દીપાવ્યું છે તેથી અધિક બીજા કોઇએ ન કર્યું હોત તેમણે ઉતારેલી વાર્તાઓ વાર્તાકારની વાણી પ્રત્યેની પક્ષાતરીમા નજીકમા નજીક

ધ્યેયનો ફેરફ

પહોંચી શકી છે, તેણે વાર્તાઓના પ્રસંગો, પાત્રો, કથનની ઘાટી, મરકના અને અવતરણોનો પ્રાચુર્યભાર પ્રશસ્ય સ્વનિષ્ઠાથી આસ્વેદન છે છતા અદ્યપર્યંત આ લોકભાષાપ્રયોગોના વાર્તાઓમા આપણને નથી સાપડયા તેનું કારણ તેમની સ્વનિષ્ઠાનો અભાવ નથી પણ એમણે ધારેલ ફેરફ ધ્યેયનો ફેરફ છે એ ધ્યેય શુદ્ધ ગુજરાતી ભાષા વાપરવાનું હતું, તે વખતની શુદ્ધ સરકારી ગણાતી ગુજરાતીથી સ્મૃત થવાનો તો ઉલ્ટો તેમને ડર સતાવતો હતો એટલે જ તેમને ખુલાસો કરવો પડયો છે કે—

'Still, the language is as correct as any Hindu would write while the volume has for its size more colloquial idioms and social expressions than perhaps any other Objections will be taken to some words and turns of sentences as provincial or rustic and not used by the stale jog-trot writers of Ahmedabad While hearing the story-teller or mixing in the rustic pastimes of the people I took a pleasure (I am sorry I did not make it a study) to mark some words, which struck me as picturesque or expressions which appeared to me to be original I have endeavouted to transfer them, though under the greates' stint for the present, in my writings'

(કા ગુ ની વારતાઓ ભા 1 અ મેઘ પ્રસ્તાવના પા ૨૭)

કર્તાનો જવાબ છે કે વાર્તાઓના શ્રવણ વખતે તેમને જે કાંઇ આ લોક શૈલીની વિલક્ષણતાઓ અને શબ્દની ચોટદાર ભૌલિકતાઓ

માલુમ પડેલી તે તેમણે પકડી લીધી હોત તો આજે આપણે જે મોટા ભાષાભંડાર ગુમાવી બેઠા છીએ તે મૂડીમાં રહેત.

સદ્‌ભાગ્ય કહો કે દુર્ભાગ્ય, પણ આનાં આ જ વર્ણનો હજુ સુધી અક્ષરશ: કંઠોપકંઠ ચાલ્યાં આવે છે. વિવાહ-વરઘોડાઓમાં ચાલતી અમુક શોભાઓની જેમ આ ને આજ વર્ણનો પ્રત્યેક વારતાના ભળતા પ્રસંગોને

વર્ણનના નમૂના

રૂઢ કરવામાં અપ લાગતાં હોય છે. પણ તેનો અર્થ એવો નથી કે વર્ણનોના અવનવા પ્રકારો જ નહોતા. નહિ, પ્રકારો ઘણા હતા. વારતાકારોના ભૂજ્યા કંઠોમાંથી કદ્દન મને એકને સાંપડેલાં સ્વરૂપોમાથી આટલાં જ જુઓ—

સિંહ ચાલ્યો આવતો હોય તો—

'ભૂંડરી લટાળો, પોણા પોણા હાથની ઝાંકુ, થાળી થાળી જેવડા પગ, સાડા અગીઆર હાથ લાંબો, ગોળા જેવડું માથું, ગેડાની ઢાલ જેવડી છાતી, ઝેણીમાં આવે એવી કદ, દોઢ વાંસનું પૂછડું—એનો ઝડો માથે લઇ હાલ્યો આવે છે. પોણા બાર માથેથી, વીશેક ભેંસુની છાશ ફરતી હોય એમ છાતી વગાડતો આવે છે, ગણું ધુમવટા ખાતું આવે છે પોણા પોણા શેરનો પાણો મોઢા આગળ ત્રણ ત્રણ નાડાવા ચણેણાટ કરતો આવે છે જેની ધડીએ પગની ખરતાળ મારે તે ઘડીએ ત્રણ બારાં ધૂળ ત્રણેક નાડાવા જાય ઘે! ઘે! ઘે! કરતો ધખીને આવ્યો એક લા નાખી, બીજી લા, ને ત્રીજી લાએ તો ભુક્કા! હાથીનાં કુંભાયળ માથે ઝીલું જાય

પાણીદાર ઊંટને ચાલ્યો જતો બતાવવો હોય તો—

'જમીં બળતી જતી હોય એમ છમ્યા ન છમ્યા પગ માંડતો, ડીલને નીડાળીને પડદક હાથ માથે ઝાકુ કરતો, ડોક નીડાળીને અસ્વારના બોળામાં નાખીને દેતો, ત્રણેક ગાઉ માથે જતો ને કણકે, તાળવું કાઢતો આવે ઘે! ઘે! ઘે! ઘે! કરતો'

તેજસ્વી ઘોડો વણુવવો હોય તો—

અજમીમા ખાણુ પીવે એવી બોઘલી (બોઘું), કોનણાના વાણા હોય એવી આછોકલર, બે ગુલાબ વાસણા હોય એવી કેશવાળી, બદામડીના તોરિયા પાનીયા. કુકડાના કેસુ કાન, મા૦ દણી સામે એવી કેડ બાજ સસા બેઠાને ચલવા ન દે એવા ઘોડાને આથે અરબાજે પાધડે પગ નાખતા તો—

પાગા નાખતા રહાબ દવિ મોગા પાગા ભરી પાગા
અાગા બાજે નાદીં બાગા મૂમાણા દી ચાલ,
તોપદા પેણુગા તરી બાગા હાય નય થયા તો
દીગા રાગા બને બાબદરો અમેરાજ

કુમ્મા કુમ્મા કમ્મા કમ્મા તરી પોગા કોમ રમે,
લાગે અપડે માથે બરણ હુગ તીર,
ચાલ। ઉર દી ચોગા, કાનસુરી કરા મોડે
સમપે બોરસા ઘોડા વાબેરા સપીર

કેબો પલે લાબી રોરી, કુલ વેરી નાબે કાબા
હેરી હેરી બોબે ત્રિયા મધ કેરી હાલ,
અનેરી અનેરી ચાલ પોડા મૂર્તિ તેરી બાજ
મોનેરી સમાપે તરી જિયા વેરીસાલ

રાજનો કુમાર ચણુવો રોય તો—

ચોલ રાજ ને પરબ સુખી
ખાતો ખાય ને કરતો કરે
બાજુને લાભ ને બાબણને સુવાણાજ
સીતેર બાન ને ખિતેર હમરાવ
બબા દોનીપા
ચોલા મસુરી
કાન્બારી ને ચોપદાર,

કસુંબો ઘુંટાતો હોય તે વર્ણવા માટે—

' ખરલમા નાખ્યો તો ખસરક ઘુટાક
ગળણીમાં નાખ્યો તો ત્રબક ત્રબક
બાપ પીએ તો બેટાને ચડે
બેટા પીએ તો બાપને ચડે
એમાંથી એક અંજળી ભરીને હાથીના માવતને આપે,
ને રડયું ખડયુ ફોર જમીન ઉપર પડે તો સાત પાતાળ ફાડી ને શેષનાગને માથે ઠરે.

નગારાં ત્રાંબક રડે, હોય મરદાં હલ,
શિર પડે ને ધડ લડે, આયો શેણ અમલ્લ

પરમાતે જે ના પિયા ઘાટા કસુંબા, ધુઠ
વે નર સરજે ઊંઠ, વેરાગીને બારણે

મનરી પીવે તો બાયલાં કું માર દેવે,
ગદ્ધા જે પીવે તો મારે ગજરાજકું
કુત્તા જે પીવે તો..... .....
ચીડિયા જે પીવે તો માર દેવે બાજકું.

પછી હોકા પીવાનું વર્ણન—

' મનસાગરે અડબેપડબેથી આવળીઆં બાવળીઆં લપોટીઆં ઝપોટીઆં વીણી લાવીને ચકમક ઝેગવ્યો. ઈંધણાનો દેવતા પડયો અને પછી—

' વાલીઆ ગામુના વાડાની બજર, આછોટીઆ વાડનો ગળ, મચ્છુની કાંકરી, અને ઊંડુ પાણી કર્યાં . ભેળાં ચલમ ભરીને એવો દેવતા માડયો કે ચલમ ઊધી વળે તોય તિખારો ન ઝરે. હોકાની એક બે ને ત્રણ ફુક લીધી ત્યાં તો રાજની કાયામાં બત્રીસે કોઠે દીવા થઇ ગયા

માર્ગમા આવતી વિકટ ઝાડીનું વર્ણન—

'અખડનેત્રા ઝાડી . હુગરે હુગરની મૂળુ મળી છે. ઝાડવે ઝાડવું અટવાઈ ગયું છે. સાસો બાલ મેલે એવી આરડ બોરડ કેરડની ઘટા બધાણી છે. સાજના

દેરીઆ જેવું જેવું દ્વારને માથે રોશન કાઢી રિયા છે નાદરા ઝોળકોળાવો રમે છે, રીંછ કસુંબી રિયા છે, અને નવ નવ દ્વાર લાગા દરબારમાં સાવજ એવી તો ઝરઝાંકડ ફિરે છે કે ગમગમમ ! જેસના કુંવરા હલમણી હોકે છે'

શુરવીર અને તેની સુંદરીનો પ્રથમ મેળાપ આમ વર્ણવાય છે—

'રાજપુત ઘેરે આવ્યો છે

રાજપૂ આવ્યા હેરવી, જેની જોગા બાર,
બારા ઘરડે ઘર હલે, જેસલ લાડી બાર'

બારુએ તો મોજ કરવી, જેસલ બારી બહાબહાને પાળીએ નાદ, ઘર રામાવો અરીસો મારી, બારે બાજે મોતી કાસી રાજકુમાર સજ્યા છે

એની દ્વામકામ લોચના, બાદી મૂરલી જેવા જેસુ બુબી ચિહલુના જેવો કાયનો રાજ ઉમરતો આવો રાજવનો હોલાબો બારેમીઆની બરબી હોપીની ઝોળ, પુલમનો ચદ્રમા બૂની બાદવનો બારો, જે બા રંગનો ત'જો—

ચુકેથી નખમા રામાય, ઉંડાદી આંખમા નમ, જોરમણા બા બાય તો બાયમણી નમે બાયમણા બાય તો ઉમમાની નમે, ચોતરા બાય તો દેવકુમારી નમે, જે બારે દિશાના બાય તો બામીને ચુકડો બાય—

એવા રૂપ લઇ, બાળ પિરસી, સુંદરી બધુસે જે આદ પત્રણીઆ થઈ—

બારે ચડી મોલ પર ચુગ મેલી કેય
બલો કરમવત બા દીજો, કોક નમાવા દેય.

બારે ચડી મોલ પર, દીપક બરાડયે,
બાજે દનમો દાસીઓ, લક્ષ્મ વધારયે

બારે નાદ બજવ્યા, ઝબી જેવું ઝુકાય,
ચરણ કેરે રૂખડે નામ બરેદા બાય

જેમ બાપે બધ તેમ તો 'આવો ! આવો ! આવો !' એમ ગણ બાવકારા બન્યા માનસરોવરને કાંઠેનો જેમ મોતી ચરે જેમ રેવાજીએ બળબાથી નવું નવાણ કીધા, અને પછી તો—

પેલો પોરો રેનરો, દીવડા ઝાકમઝોળ
પિયુ કાંટાળો કેવડો, ધણુ કકુની લેાજ્ય.
બીજો પોરો રેનરો .....

ઉપલા નમૂનામાં ગદ્યાંશો અને પદ્યાંશોની ગૂંથણી જોવાય છે. ગદ્યમાં ચિત્રાંકણ કરતે કરતે, વર્ણવાતી ઘટનાને ઊર્મિમંડિત કરવા સારૂ વારતાકાર જે દુહા, ગીત, છંદ ઇત્યાદિ કોઈ પણ પદ્ય–ટુકડો ગદ્ય–દોરામાં પરોવતો જાય છે તે પદ્ય–ટુકડાને એ પોતાની પાસેના વિપુલ કંઠભંડારમાંથી તત્ક્ષણ ઉઠાવી લે છે. કથાઈ રહેલા પ્રસંગની અને પેલો પદ્ય–ખંડ જેમાંથી લેવાયેા હેાય તે પ્રસંગની વચ્ચે ભલે બહુ મેળ ન હેાય, પદ્ય ભલે ઘોડાનું દાન દેવાતી વેળાની અશ્વ–પ્રશસ્તિ હેાય, અને વારતા–પ્રસંગ ભલે અશ્વારોહણનેા, પ્રેમ–યાત્રાનેા અથવા યુદ્ધપ્રયાણનેા હેાય, તેમ છતાં તે બેઉને સાંકળી લેવાય. એથી ચિત્રાંકણમાં ભારી ભભક પૂરાય. વારતાનું સ્ત્રીપાત્ર પિયુને મળવા જઈ રહ્યું છે ને? તેા બસ, તેા પછી પ્રસંગની જમાવટ ઢોલા–મારૂના દુહામાંથી મારૂઇના વર્ણન–દુહા ટાંકીને કરી લેવાય. કોઈ પણ વારતા–પ્રસંગે પ્રસંગેાચિત ભાવેાદ્દીપન કરવા માટે વારતાકાર બહેાળી પદબંધ સામગ્રીનું શરણ લેતેા અને પેાતાની તાકાત હેાય તેટલેા મસાલેા અહીંથી તહીંથી ઉઠાવી લેતેા.

બહેાળેા મસાલેા

લાક્ષણિક પ્રયેાગેા

સળંગ વર્ણનેાની વચ્ચે થઈને ચારણી ગદ્યમાં આવા લાક્ષણિક તળપદા પ્રયેાગેા પણ ટંકાતા જતા હેાય છે—

આજની ઘડી ને કાલ્યનેા દી' : (સદાને માટે એ સમય તેા ગયેા તે ગયેા.)

બેઉ આંખે શ્રાવણ ને ભાદરવેા હલ્યા જાય : (શ્રાવણ ભાદરવાનેા વરસાદ વરસતેા હેાય, તેવી અવિરત અશ્રુધારા બેય આંખમાંથી વરસે.)

રે અબી ! મભજી જા ! ઊગ્યો છે એને આથમતા વાર લાગશે - (માવતનો હજુ આરંભ જ થયો છે દુઃખદર્દોના એ કાળને વીતતા વાર લાગશે ચામનાઓ સતાપશે)

અજવાળી તોય રાત (જેમ રાત્રિ ચંદ્રના પ્રકાશવાળી હોય છતા પણ દિવસના જેટલી ભાપભુરત નથી, તેમ સ્ત્રી ચાહે તેવી શુરવીર હોય છતા આખરે તો સ્ત્રી તે સ્ત્રી જ છે-એનામા સ્ત્રીપણાને મહજ નિર્બળતા કે ભોખમ તો રહ્યા હોય છે જ)

કુંભાર હોરી ચડાવીને આકડેથી માટ્યુ ઉતારી લે એમ માથુ વાળી લીધુ (માથુ કાપવામા શુરવીરોને જે મહેનાઇ પડે છે, તેનો મર્મોટ ખ્યાલ આ ઉપમાથી મળે છે)

કૂતા ધૂડ (દ્વેષ કરનારના મનો ધૂળ જ મળે)

કેડીઆની કમો તૂટવા મડે (મનુષ્યને અતિ દર્પ થતા જાતી કુળાય, અને તેથી અગરજો બેચાતા કમો તૂટે દાન દેવાની ઉર્મિ)

કોઈ કોઈના કપાળમાથી બે આમ્મા ભૂસી ન શકે (તકદીરમા નિર્માયુ હોય તેમાથી લગાર પણ લોપાતુ નથી માણ પોતપોતાના તકદીર ભોગવે છે)

ગોગની કાદરી આવી (ચોરીગાળ કે વર ચોરીકાળ કન્યા વખતે ગોળ આવવો નિયમ છે)

ઘેમના હાડવા કોણ કેરે ? (જેમ હલકુ અનાજ ગણાય છે માટે જાય એ છે કે યુદ્ધમા સામાન્ય સૈનિકને કોણ મારવો ? મા જોઇ તો મ મારને મા જોઇ)

ચોગણીયુ પારેવુ વધુ વિસામા આપ (જોઇ કામનાની અતિકૃષ્ણા કે કોઇ કૂપાનુ અતિ ઉંડાણ બતાવવાનો આ લાક્ષણિક-પ્રયોગ છે એની રોગે કે તળીએ એકજ ઝપાટે કમૂતર ન પહોચી શકે, પણ પક્ષીયના પગાચના એને વધુ વાર વિસામા લેવો પડે)

ચારણે ઉપાસેલું જીવન

તીખા તુરી ન ઝાલિયા, ગોરી ગળે ન લગ્ન,
કનક અમારણ દી અયો, જદ ચિર જડ્ય ન જાગ્ય

× × ×

પ્રેમ નવા ઘર પાદરા, ત્રિયા પાસ તે વાવ,
એ તીનું દિન અલપ્પણા કેણ રહે કેણુ રેવ

× × ×

ચારી વાવન, બેસણ દુધ, ઘર ચિખવતી નારે,
ચોથી પીઠ તુરંગરી ચુલ્લ-નિસાણી ચારે

ઉપરના ત્રણ દુહામા ચારણે ઉપાસેલ જીવનાદર્શનો નિર્દેશ આવી જાય છે

દુધ ખાગ, પણ તીખા ! નિષ્ઠુરતા, વિષમતા, કઠોરતા, એ બધા સુ જીવન દૂધ સખ્ય માણવાની તો તો મુમીનતો, પોચટ જીવન-પ્રેમો થી લક્ષજનત છે ! અને જોવા તીખા તુરંગની સવારી કરીને માનવીને બેમાથી એક જ માર્ગે જવાનુ હોય—

કા ગોરીને ગળે લગાડવા

ને કા શત્રુને—પણ બહાદુર શત્રુને—શિરે સમરાંગણ ઝઝવા

પ્રેમ અને સંગ્રામ બેઉ જોઈએ માણવા, બેને જુદા પાડી ન શકાય એક જ મનની બે કૂખ બેઉ રહી માણવાની વાતો એ પથ્થર તો જનમ નિર્ગંધક ગયો સમજાય

પણ ભડવીર શત્રુને શિરે શું ફેંગટ ફેંગટ સમશેર ભાગવી? નહિ રે નહિ, 'ધ્રમ જાતાં, ધર પલટતાં.....' પોતાના ધર્મ પર કોઇ આક્રમણ કરે, પોતાની માતૃભૂમિને કોઇ

રાય-રંકના અભેદ

પલટાવે, પોતાની ત્રિયાને કોઇ સતાવે ત્યારે, એ ત્રણ વેળાએ જ મરણને વહાલું કરવું. એમાં રંકરાયના ભેદ હોઇ ન શકે. એકે, બીજાએ, તમામે મરણનું નોતરું સ્વીકારવું રહ્યું, એવું મૃત્યુ તો મોક્ષે જ પહોંચાડે છે. સ્વર્ગસુખની નિશાની ચાર છે : મિષ્ટાન્ન નહિ પણ માત્ર ચોખા, ભેંસનું દૂધ, અશ્વની પીઠ અને શીલવંતી નારી. જીવનમાં વધુ શું જોઇએ?

એવાં ત્રિવિધ ચતુર્વિધ સુખમાં ત્રુટિ પડે, તો પછી નીંદર શાની આવે?—

નીંદર નાવે ત્રણ જણાં કહો સખિ! કિયાં?
પ્રીત વછોયાં, બહુરણા, ખટકે વેર હિયાં.

પ્રીતિભગ્ન—જેને ગળે ગોરીની બાથ ન પડી : બહુરણાં—જેના શિર પર ઋણના બોજ ખડકાયા છે : ને ખટકે વેર હિયાં— જે ભડવીરના શિર પર ખડ્ગ ભાંગી શક્યો નથી :—એ ત્રણને નીંદર નાવે.

'ગોરી ગળે ન લગ્ગ' : પણ એમ પ્રીતવિહોણી, સદ્યપ્રાપ્ય, સુલભ સસ્તી ગોરીને ગળે લગાડવામાં ચારણી સાહિત્યના આદર્શને મઝા નથી. એ સમજે છે કે કયા આલિંગનમાં સાચો આનંદ છે. એને કલ્પના છે કે કયા પુરુષને ગળે 'ગોરી' ભુજ-હાર પહેરાવે છે—

નવજળ ભરિયા મગ્ગડા, ગયણ ઘડક્કઇ મેહુ,
ઇત્થ તરિ જઇ આવિસિઇ, તઇ જાણિસિઇ નેહુ.

આજ ધરા દિન ઊમટ્યો મોટી છાંટાં મેહ;
બીજી પાય પધારસ્યો જદ જાણું લી નેહ.

મૂશળધાર મેઘ ત્રાટકી પડ્યા હોય, મારગ-કેડા જળબંબોળ હોય, નદીઓમાં પ્રલયપૂર ઘૂઘવતાં હોય, આભ કડાકા કરતું હોય, એમાં

ચઢીને જે નર તીખો તુરંગ ખમાડતો અને ઢાળ આવે ગેબનો પોતાને ભગાવ આવે, તેને જ ગોરી સ્ત્રી રે ગોરીનો ગર્વ જ એ કે હું તો કૈલાસમાં રેવત ખેતરપાળ નિર્ભય નરની જ નારી છું —

'અમારો રેવત ખેડરે ખોડ પુરુષ પરનર'

× × ×

ચાર ફરે ભૂછડી રયણ ઝબૂકે દંત,
તુજ ઘરમાં વાળીઓ ! સૌભાગ્યના ચેનો કંથ

ભડના મસ્તક પર ખડગ ઝાલીને અમરાપણે સુતો છતાં ય જેની મનામત મૂછડી પવનમાં ફરકે છે, જેના દાતની ચળકૃતિને મૃત્યુએ પણ ઝંખી નથી, અને જે જાયા ઓઢણા વાળી જોદ્ધાર નારીનો કંથ થવા માટે મૂઝાર પાદશાહની મ મુખ ઝંખીને મુઓ છે, તે બેજાર જ ગોરી રાણકદેવડીના ઢાબનો અધિકારી હોય તેની જ સોડમાં ચીનવતી નાર સમાય એવું મૃત્યુ તો મરદોને માટે દાબન છે —

ચાહના, ઊઠ કમાણપર, મૂઆ મરોડ મ રોય,
મરા મરેલો દબ કે, રોળો દબ ન હોય.

પ્રેયસી તીખા તુ ગોર ફૂલ્ત અને ગોરી ભાત બ—ત્રિરે તનવાઈ—બજન મિરે શું મરણની જ ઉપમાના ? નહિ, ચારિત્ર્યમય કવન પણ ચારણને એવું જ ઉપાસ્ય હતું પ્રેમાની કમુબાના જે રંગ ચારણ સીતા અને રામને દેતો,—

અને બજન ગોપીગીતા, નરસૈ કેરા નામ,
તુ ચારે કિશન તણા ! રંગ દે સીતા-રામ !

તે જ રંગ એ આવા માનવીને ચડાવતો—

તન ગેરા, મન શ્યામળા, ચીતા કેરો ચાર !
ત્રિલા ધુણા ન ચિતવે તારે રંગ અપાર.

× × ×

ધનકુ ઊઠાં નહ ધરે, રણમેં એલે દાવ,
ભાગી ફેાજાં ભેડવે, તાકું રંગ ચડાવ.

માત્ર ટપ-દશને મરી જનારને નહિ, પણ ભાગી છુટેલી પોતાની ભીરુ સેનાને પડકારી, પાનો ચડાવી, પાછી વાળીને શત્રુઓનાં વિજયી દળો સાથે ફરી ભેડવે તેવા ધીરગંભીર, વ્યૂહકુશળ વીરને ચારણના રંગ ચડતા. સૂર્યદેવની પાસે પ્રભાતે ચારણ આવા જીવનાદર્શનું જતન કરવાની શક્તિ અને બુદ્ધિ યાચતો—

'મરણ જીયણ લગ માણ, રાખેા કશ્યપરા ઉત!'

× × ×

આમસામા ધડ આકૂળે, ભાગે કેતારા ભ્રમ!
તણ ટાણે કશ્યપ તણા! સુરજ રાખેા શરમ.

કટોકટીને ટાણે, કારમી કસોટીને કાળે, કાળનાં કરાળ દર્શનની વેળાએ, જ્યારે ભલભલા ભડવીરોનાં પણ મોતીયાં મરી જતા હોય છે, તે વખતે પોતાના હૃદયમાંથી રામ ન ચાલ્યા જાય, પોતે કલકિત જીવન-મોહને વશ બની નેકટેકને હારી ન બેસે, પણ સાચ પર ઊભો રહી ટુકડા થઇ જાય, એવી સન્મતિ એ માગે છે સૂર્ય પાસે.

સંતાપ અને વૈરના અગ્નિકુંડ વચ્ચે ઊભો ઊભો પણ એ ક્ષમા પશ્ચાત્તાપ તેમજ ઉપકારવૃત્તિને જીવનના સિંહાસને બેસારી ગયો છે. એ ક્ષમાની ભાવના એણે વહેતા મૂકેલા કિસ્સાઓમાંથી જડે છે. નવાનગરના રાજ રાવળ જામની સભામાં આવીને એક

ક્ષમાવીર ઈસરદાસ

દિવસ એક યુવાન ઊભો રહ્યો પોતાની બિરદાવળથી એણે રાજસભાને સ્તબ્ધ કરી અને રાવળ જામના ભનમાં મોજનાં મોજાં ચડાવ્યાં પણ રખે પોતે આ વિદ્યારત્નની પરખમાં ભૂલ કરતા હોય એ ભયે રાવળ જામે

પોતાના વિદ્યાર્થિ વિપ્ર પીતાંબરની સામે જોયું પીતાંબરે નકારમા ડોકું ધુણાવી એક નહિ પણ ત્રણ વાર નાગરનરેશના મુખભાવને મારી નાખ્યો યુવાન ચારણે પોતાના ભાગ્યોદયની આડે આવનાર એ પીતાંબર મહારાજને ફરકી નજરમા રાખ્યા. રાત્રિએ એનુ ઘર શોધી, બારમા સમશેર છુપાવી, મારવાની રાહ જોતો એ જુવાન પાછલપુધરના અગણ્યુમા તુલસીના થાટા ઝુડમા લપાઈ રહ્યો બરાબર તેજ ટાણે, પ્રભુએ દેહે બાટલે બેઠા બેઠા, સિધા ચાલતા, મુતણુરંગી દેહ પર જનોઇને રોબાવતા વિદ્વાન ગુરુ પીતાંબર સામે બેઠેની પત્નીને વાત કહે છે "શુ વાત કરું ગોરાણી ? મજામા આજે તો એક નવીન ચારણપુત્ર આવેલ છે ના ! શી એની વિદ્વતા, કવિતા ને કહુ ! અમને સૌને સ્તબ્ધ કર્યા મહારાજ તો લાભપ્રભાત દેવા તત્પર થયા પણ મે ડોકુ હલાવ્યુ, મે, મહારાજની મોજને પાછી પાડી"

"કેમ ? શા માટે ?"

"મને થયુ ગોરાણી, કે શબ્દબ્રહ્મની આવી અપ્રતિમ શક્તિ, આવી તપ્તપુતરથા, ને શુ મસ આ ચારણ શુદ્ર માનવીની જ પ્રશસા ગાઇ ગાઇ જીવનને બે કી મારશે ! તે કરતા એ શ્રીહરિને બિરદાવે તો ? તો રીઝે મોક્ષે જ કળ કે બીજુ કાઇ ? લાવ હા હરિ ! આવી શક્તિ આવા હીન ઉપયોગને પામશે ! આવા વિચારે મે થી ડોકુ ધુણાઇ ગયુ"

પાછલપુનો આ બોલચાલ તુલસીના ઝુડમા સાભળાયો અને થોડી વારે મહારાજ પીતાંબરના ચરણોમા બે વાના પડયા એક તનમાર અને બીજુ માનવ-મસ્તક પગમાં પડીને યુવક આટલુ જ બોલ્યો "ગુરુદેવ ! મને બોધાપો ! ચક્રિ-ચારણ નામના એ ચારણ યુવાને તે પછી વાણીને પ્રભુ તરફ વાળી અને ભગવાનને બિરદાવતા મહાકવિ કરિમ કાગનો આમ પ્રારભ કર્યો—

લાગાં હું પહેરેા લળી પીતાંબર ગરુ પાય,
વેદ પદારથ ભાગવત પાયેા જેણ પસાય.

દૃષ્ટાંતોનેા વધુ ઢગલેા કરવાની જરૂર નથી. આગલાં પાનામાં ચારણી જીવનદૃષ્ટિને તેમજ સાહિત્યદૃષ્ટિને અજવાળનારી સામગ્રી સારી પેઠે પીરસાઇ ગઇ છે. ચારણે વાણીને સાચવી છે, ઇતિહાસને રક્ષ્યેા છે, ઊર્મિઓના બહુવિધ પ્રદેશોને લાડ લડાવ્યા છે. પ્રકૃતિને, પ્રભુને, સ્વધર્મને, જાતિઉત્થાનને અને જન્મભૂમિને પેાતાની અનેાખી છટા વડે આરાધેલ છે. ચારણમાં શું શું નહેાતું તેવા નકારાત્મક વલણથી નહિ પણ પેાતાના પરિમિત સંયેાગેા વચ્ચે એણે કેટકેટલી વિશિષ્ટ ને વિલક્ષણ સંસ્કૃતિ-સેવા ઉઠાવી છે તેવી હકારાત્મક તુલાએ તેાળશું તેા એ આપણને નિરાશ નહિ કરે ચારણ આજે લુપ્તપ્રાયઃ થયેા છે; અને ભારતવર્ષને વિશાળ ખેાળે તેા કેાણ કેાણ નથી લુપ્ત થયું ! પણ લુપ્ત થયેલી એ સર્વ જમાતેાએ જ સંસ્કૃતિની વણજારેાને સદા વહેતી રાખી છે. શતકેાના સૂર્ય ઊગી ઊગી આથમી ગયા, ત્યાં સુધી ચારણ સંસ્કૃતિની મશાલ ધરી રાખી ઊભેા રહ્યેા. એટલેા કાળ ટકી રહેવું એ તાકાતને સાબીત કરે છે. આ તાકાતનેા પ્રદીપ ચારણે પણ એ જ ભારતીય સંસ્કૃતિના પરમેાજ્જ્વળ દીપકમાંથી ચેતાવ્યેા હતેા. એ ધન પરાયું નહેાતું, આપણું જ હતું. નિજત્વના આપણા ગૌરવને ચારણે પણ એની અનેાખી રીતે ઉજાગર્યું છે. આપણું કર્તવ્ય એનું કર્યું છાજ્યું આજનાં આપણાં ખાવા ધાતાં ખંડિયેરેામાંથી ખેાદી ખેાદીને જ્યાં હેાય ત્યાંથી ખેાજવાનું છે. એ ખેાદાણ કરનાર કેાઇ પણ ઉચ્ચ અભ્યાસ અને સંશેાધનનેા યુવાન ઉપાસક નિરાશ નહિ થાય. મેં તેા પૂરી એક શિલા ય ઉપાડી નથી. છતાં હું નિરાશાને પામ્યેા નથી. મારી આશા ને મારા ઉલ્લાસ તમ સર્વમાં સવાયા સિંચાએા !

વણજાર વહેતી રાખી

ન બુતાઓ, કે સુકલ્પની શોધે આવ્યા છીએ રતિભાર
સાર યે દુર્ગંધ ધૂળ-પોપડા ધોવા ઓગાળવા પડશે સારસ્થાનમાં
પહોંચો, તમા કે કુ સુરક્ષિત ટેન્ટપુગેટ આરણ્ય-
જલદી પહોંચો. બાળો તમને ભાળ ટેરા તત્પર છે સાજ
ઝાડારેને બોલાવો, મુનિશ્રી જિનવિજયજી
અને તમારા શાસ્ત્રીજી કેશવરામભાઈ હજુ તો તાજગ જિજ્ઞાસુના
અજાતા લોક આવ્યા આવે છે કંઈ નહિ તો મુબઈની
કાર્યમ સભા પાસે પહોંચો, ઓમની કને ઓકત થયેલ આસ્થી
દાસ-પુરજની તો ઓકની અનુકમણિકાના જ ઓક બે મંચો બદાર
પડેલ છે અને હજારત જગત ભાટ આરણ્ય ભુજગો પણ મોજ કોલ
આપી છે અમારા કાન્યુભાઈ ગજી ઓના ઘરમા બડોળા હસ્તપ્રતોનો
અજાનો ઓમ્બાર કસ્ત જોઈ જવા મોને તેડાવે છે તેમની પાસે જશો ?
જાઓ તો તેમના ઉદ્-કપાટ હળવે હાથે ભુમિપૂર્વક ઉઘાડજો એ તો
જીવતા માનવો છે પાણીના નળની ચકલીઓ નથી કળ ફેરવતા જ
ખેડા નહિ પડે એ તો કોગના ઝાડવા છે મોટરોની ધૂળ ઉડાડયે
આરણ્ય-હુ યો ઊભડી નહિ પડે ઓમની તો આત ની મોજને બહુ
લાલની પડે છે ઓમના મિત્રો બનવુ પડે છે ઓમના ખોટા મિથ્યા
અભિમાનને ય પપોળવુ પડે છે (તે આપણા ય મિથ્યાભિમાન કયા
ઓછા છે !—અરે અતિ ઘણા બધાં છે) એ મૂડ મુખીઓ તો ખીજે
છે—તે મામા આપણે મૂર્ખિઓ બનીએ તો જ

પરિશિષ્ટ ૧

શાસ્ત્રો પુરાણોમાં ચારણ વિશે ઉલ્લેખ

રામાયણ

વાલ્મિકીય રામાયણમાં પુષ્કળ ઉલ્લેખો છે. બાલકાંડ સર્ગ ૧૭ મો, ૯ તથા ૨૩ શ્લોક : સર્ગ ૪૫ મો, ૪૫ મો શ્લોક : સર્ગ ૪૮ મો, ૩૩ મો શ્લોક : સર્ગ ૪૯ મો, ૬ ઠ્ઠો શ્લોક તથા ચોથો શ્લોક : સર્ગ ૫૧ મો, ૨૩–૨૪ મો શ્લોક : સર્ગ ૭૫ મો, ૧૨ તથા ૧૪ મો શ્લોક : સર્ગ ૭૬ મો, ૯ મો શ્લોક.

કિષ્કિન્ધા કાંડ : સર્ગ ૪૦ મો, ૩૪ મો શ્લોક : સર્ગ ૪૧ મો; ૨૨, ૨૩, ૨૯ તથા ૩૦ મો શ્લોક : તેમજ ૨૦, ૨૧, ૨૨મો શ્લોક.

સુંદરકાંડ : સર્ગ ૫૫ મો, શ્લોક ૨૯ થી ૩૨ તથા ૩૩ થી ૩૫ : સર્ગ ૫૮ મો, ૧૬૦ મો શ્લોક, અનુસંધાનમાં ૧૬૫ મો શ્લોક.

યુદ્ધકાંડ : ૨૨ મો સર્ગ ૮૪–૮૫ મા શ્લોકો : સર્ગ ૧૦૮ મો, ૩૦ મો શ્લોક.

મહાભારત

આદિપર્વ : અધ્યાય ૧૨૬ : શ્લોક ૧૬.

દ્રોણપર્વ : અધ્યાય ૩૭ : શ્લોક ૧૪.

ભીષ્મપર્વ અધ્યાય ૨૨ શ્લોક ૧૬,
શાંતિપર્વ મોક્ષધર્મ અધ્યાય ૨૭૧ શ્લોક ૫૫

આ સિવાય મહાભારતમા ઘણા ઉલ્લેખો છે

પુરાણો

અગ્નિપુરાણ અધ્યાય ૨૪૯ શ્લોક ૩૫-૩૬
ઉત્થાનિકા ત્રિપુરાસુરનો વિષે વધ કર્યો તે પ્રસંગે પણ આ લોક અર્થથી ઉલ્લેખ છે પાન ૧૪૧, ૩૩૨

બ્રહ્મપુરાણ અધ્યાય ૩૬, શ્લોક ૬૬ પાન ૨૬, ૮૭, ૨૩૨

પદ્મપુરાણ બીજો ભૂમિખંડ, ૨૮મો અધ્યાય, ૮૮મો શ્લોક

શિવપુરાણ ઉપોદ્ઘાત પાન, ૧૦૬મો અધ્યાય શ્લોક ૨૮, ૨૯, ૩૨, ૪૩, ૪૮ અધ્યાય ૧૦૧મો શ્લોક ૧૩, ૧૮, ૧૮

વિષ્ણુપુરાણ અંશ બીજો અધ્યાય પાંચમો, શ્લોક ૨૫મો અંશ પાંચમો અધ્યાય ૨૦મો, શ્લોક ૧૫મો

આદિત્યપુરાણ , સ્તુતિપ્રકરણ ૧લો શ્લોક અધ્યાય ૭૬મો, મન્વંતર આખ્યાન પ્રકરણ અધ્યાય ૧૬મો, શ્લોક ૪૮મો

સ્કંદપુરાણ કાશીખંડ અધ્યાય ૨૭ મો શિવે કરેલ વિષ્ણુના અભિષેકમા કાશીખંડ અધ્યાય ૭૪ મદિરોના વર્ણનમા, અધ્યાય ૫૭ મો કાશ્યાગમન પ્રકરણ ભૂમાં અધ્યાય ૮૨ મો કાશીપ્રવેશ પ્રકરણ ભૂમા, અધ્યાય ૮ મા, અધ્યાય ૭૬ મા

વાયુપુરાણ અધ્યાય ૭૦ મો ધનવર્ણનમા અનંતપુરી વર્ણનમા પૃષ્ઠ ૧૫૬ શિવસ્તુતિ, નર્મદાના અંશ વર્ણનમા, સ્કંદ પરિચય પ્રકરણમા

